: પ્રકાશક :

શાન્તિલાલ એસ. દોશી

માનદ્‌મંત્રી : શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન

બજાર, હારીજ. (ઉ. ગુ.)



: પ્રાપ્તિસ્થાન :

જયકુમાર બી. પરીખ

માનદ્ સહમંત્રી : શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન

મહારાજની ખડકી, મહેસાણા. (ઉ. ગુ.)



પ્રથમ આવૃત્તિ

વિ. સં. ૨૦૨૪





: મુદ્રક :

ચંપકલાલ મગનલાલ પટેલ

: મુદ્રણાલય :

અંબિકા આર્ટ પ્રિન્ટરી, દિગંબાચાચર, પાટણ.

* પરપદાર્થોની અપેક્ષા.
* સ્વભાવ-અદ્વૈતની ઉપેક્ષા.

આવો. આપણે આ નિદાનને સ્પષ્ટતાથી સમજીએ.

'પર-પદાર્થ' એટલે આત્માથી જુદી....ભિન્ન વસ્તુ એ પર પદાર્થો અનંત છે જીવ અનાદિકાળથી એ પર-પદાર્થોના સહારે જ જીવવા ટેવાયેલો છે... પરપદાર્થોની અપેક્ષાથી જ જીવી શકાય એવી તેની દઢ માન્યતા બની ગઇ છે. શરીર, વૈભવ સંપત્તિ, સ્નેહી સ્વજનો, કુટુંબ-પરિવાર, માન-કીર્તિ.... અને આ બધા સાથે સંબંધ ધરાવતા પદાર્થોની સ્પૃહા, તેના પર મમત્વ અને રાગ જીવને વારંવાર ભયભીત કરે છે.

'એ કેવી રીતે' મળશે ? એ નહીં મળે તો ? હું શું કરીશ ? મારૂં શું થશે ? આ.... નહીં સુધરે તો ? આ....બગડી જશે તો ?

પરપદાર્થોના અભાવમાં કે પરપદાર્થો બગડી જવાની કલ્પનામાં જીવને દુઃખના ડુંગરા તૂટી પડતા લાગે છે.... તે કંપી ઉઠે છે....તેનું મન ખિન્ન બની જાય છે. તેનું મુખ મ્લાન થઈ જાય છે. આ પરપદાર્થોની ચારે બાજુ રાત દિ' ભટકવામાં જીવ પોતાના આત્મસ્વભાવને વિસરી જાય છે. આત્માની સરાસર ઉપેક્ષા કરી રહ્યો છે. આત્મા! આત્મ-સ્વભાવ... એ આત્મસ્વભાવની રમણતા-લીનતા.... જીવે આ આત્મરમણની ઘોર ઉપેક્ષા કરી છે. પછી ભય-ભ્રાન્ત ન બને તો શું થાય ?

પરપદાર્થોની અપેક્ષા ત્યજો. આત્મસ્વભાવની ઉપેક્ષા ત્યજો; ભયભ્રાન્તદશાની વિવશતા, વ્યાકુળતા અને વિષાદને નામશેષ કરી દેવા આટલું જરૂર કરવું પડશે પરપદાર્થોની અપેક્ષા તૂટી જશે. અર્થાત પરપદાર્થોના અભાવમાં જ્યારે તમે દુઃખી નહીં બનો, સંતાપ નહીં કરો, હતાશા નહીં અનુભવો ત્યારે આત્મસ્વભાવની મસ્ની જાગી જશે. ભયના પરિતાપમાં શેકાતું હૈયું મલકાઈ જશે. નિર્ભયતાની ખુમારી અને વિષયવિરાગની પ્રભાપૂર્ણ અભિવ્યક્તિ થશે. ભયની બળબળતી લાગણીઓની ભઠ્ઠીઓ ઠરી જશે. શરદની શુભ્ર ચાંદની જેવી નિર્ભયતાની શીતળતા છવાઈ જશે.

भव सौख्येन किं भूरिभयज्वलन भस्मना ?
सदा भयोज्झितज्ञानसुखमेव विशिष्यते ॥ २ ॥ १३० ॥

શ્લોકાર્થ

ઘણા ભયરૂપ અગ્નિથી ભસ્મીભૂત થયેલા સંસારના સુખથી શું ? હંમેશાં ભયરહિત જ્ઞાનસુખ જ સર્વાધિક છે.

શ્લોક વિવેચન

સંસારનું સુખ ? ભસ્મ છે, રાખ છે રાખ ! ભયની પ્રચંડ આગમાંથી પેદા થયેલી રાખ છે એ સંસારનું સુખ રાખ જેવા સંસાર-સુખનું તમારે શું કામ છે ?

સંસારનાં સુખ એટલે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શનાં સુખ. આ શબ્દ વગેરે સંસાર-સુખોનાં અનંત પો.... અનંત જાતોને ચામડાની આંખોથી જોતાં રાખ

નહીં દેખાય. એ રાખ છે, તે જોવા-સમજવા માટે એ સુખોનું પૃથક્કરણ કરવું પડે છે.

ભય આગ છે ખરી ? જો ભયને તમે પ્રચંડ આગ માનો તો જ સંસાર-સુખ રાખ સમજાશે. માટે પહેલાં ભયને આગ માનવી...સમજવી....અનુભવવી જોઇએ. આગનો સ્પર્શ થતાં આગ બાળે છે, ભયનો સ્પર્શ થતાં હૃદયને બાળે છે ! એ બળતરાની વેદના સહી ન જાય તેવી હોય છે.

ભયનો સ્પર્શ ક્યારે થાય છે ? ભયની આગ ક્યારે લાગે છે, તે જાણો છો ? જ્યાં સંસાર સુખની અભિલાષા જાગી....સંસાર સુખના ઉપભોગની તાલાવેલી જાગી, કે ભયની આગ લાગી જાય છે... ઉપભોગ કરવા પૂર્વે તો એ સંસાર સુખ ભયની આગમાં બળીને રાખ થઇ જાય છે....! પછી પેલાં નાનાં બાળકો રાખ શરીરે ચોળી રાજી થઇ જાય છે ને નાચવા માંડે છે તેમ ભલે તમે એ સંસાર સુખની ભસ્મ શરીરે ચોળી રાજી થાઓ અને નાચો !

સંસારના એક એક સુખની પાછળ અનેક ભયોનાં ભૂત ભટકતાં હોય છે. રોગનો ભય, લુંટાઇ જવાનો ભય, વિનાશનો ભય, અપકીર્તિનો ભય, ચોરનો ભય, સરકારનો ભય, સમાજનો ભય, ભવભ્રમણાનો ભય.... આવા તો અનેક ભયો રહેલા છે. માટે એવાં સુખોની ઇચ્છા પણ ન કરો કે જે સુખોને ભયની આગ લાગવાની સંભાવના-શક્યતા હોય.

વિશ્વમાં સુખના અનંત પ્રકાર છે, તેમાં એક માત્ર

રાજાની તલવાર અને રાજાનો રોષ....એ બધું કેવું જોયું હતું ? રાજા મારૂં કંઈ લૂટી શકે એમ નથી.... મારે કંઇ છુપાવવાનું નથી... આ દેહ પણ બચાવવા યોગ્ય નથી. દેહ વિનાશી છે.... રાજાની તલવાર દેહ પર પડશે ત્યારે હું જિનધ્યાનમાં....સમતા-સમાધિમાં રહીશ.... મારૂં કંઇ જ લુટાવાનું નથી....' મહામુનિ નિર્ભયતાની પરમજ્યોતિના સહારે પરમજ્યોતિર્મય બની ગયા.

જ્યાં સુધી તમે કંઇપણ છુપાવવા માંગો છો, ગુપ્ત રાખવા ચાહો છો, આપવા કે લેવાની ભાવના રાખો છો, ત્યાં સુધી ભયની ભૂતાવળ તમને વળગેલી જ રહેવાની. એ ભૂતાવળ તમને મોક્ષમાર્ગની આરાધનામાં વારંવાર માનસિક વિઘ્ન નાંખવાની. એ ભૂતાવળને ડાકલાંનાં ઢૂહઢૂહાટ અને મરચાંનાં ધૂમાડા ભગાડી શકે. જ્ઞાનદૃષ્ટિનું ડાકલું અને મોક્ષમાર્ગની આરાધનાની ક્રિયાઓના મરચાં !

* આ જગતમાં કંઈ છુપાવવા જેવું નથી.
* આ જગતમાં કંઇ લેવા-દેવા જેવું નથી.
* આ જગતમાં કંઇ સંગ્રહ કરવા જેવું નથી.

આ ત્રણ વાતો વાગોળી-વાગોળીને તેનો રસ અંતરાત્મામાં ઉતારવાનો છે. પછી ભય નહીં રહે મુનિમાર્ગ નિર્ભયતાનો માર્ગ છે.... કારણ કે ત્યાં કંઈ છુપાવવાનું નથી.... જડપદાર્થોની લેવડ-દેવડ કરવાની નથી.... ભૌતિક પદાર્થોનો સંગ્રહ કરવાનો નથી. હે મુનીશ્વર, તમારા આત્માના પ્રદેશે પ્રદેશે નિર્ભયતાની મસ્તી ભટકતી ફરે છે ! [illegible] ળ સ્વર્ગની મસ્તી પણ તુચ્છ છે.

एकं ब्रह्मास्त्रमादाय निघ्नन मोहचमूं मुनिः ।
बिभेति नैव संग्राम शीर्षस्थ इव नागराट् ॥ ४ ॥ १३२ ॥

શ્લોકાર્થ

એક બ્રહ્મજ્ઞાનરૂપ શસ્ત્રને ધારણ કરી મોહરૂપ સેનાને હણતા મુનિ સંગ્રામના મોખરા પર રહેલા ઉત્તમ હાથીની જેમ ભય પામતા નથી.

શ્લોક વિવેચન

ભય શાનો ? મુનિ અને ભય ? મુનિ પાસે 'બ્રહ્મજ્ઞાન'નું શસ્ત્ર હોય છે. એ શસ્ત્ર મુનિને નિર્ભય રાખે છે.

મુનિ એટલે રણમોરચે ઝુઝતો મદોન્મત્ત હાથી. નિર્ભય બનીને ઝુઝતો ઉત્તમ હાથી. એને પરાજયનો ભય નહીં. એને દુશ્મન મોહની સેનાના હુંકારા ને પડકારા કંપાવી ન શકે.

મોહની સેના સામે લડી રહેલો હોવા છતાં મુનિ નિર્ભય હોય છે. તેનું બ્રહ્માસ્ત્ર તેને જબરી હૂંફ આપે છે. મોહ-દુશ્મનના જુસ્સાને મેદાન-મેદાન કરી નાંખવાનો મુનિરાજનો વ્યૂહ 'બ્રહ્માસ્ત્ર'ની સહાયથી સાંગોપાંગ સફળ થઇ રહ્યો હોય છે. હુલાવેલી ફુલાવેલી મોહસેનાનો જુસ્સો મુનિરાજની સામે માટીપગો બની જાય છે. તે છતાં મોહ-સેનાના ધમપછાડા ઓછા નથી !

મહાવ્રતોના પાલનની સાંગોપાંગ સફળતા, સાર્વત્રિક સમતા, વિશ્વમૈત્રીની ભવ્ય ભાવના અને આ બધાના

[illegible] જેવો [illegible] અને [illegible] મુનિની શક્તિમાં વીજળી-સંચાર કરે છે. મંત્રના પ્રભાવ પર [illegible] નવી ખુમારી પ્રગટી જાય છે. એ ખુમારી હોય છે [illegible] શત્રુ પર વિજય મેળવવાની નિઃશંક ધારણાની.

મહામુનિ બે પ્રકારના જંગ ખેલી રહ્યા છે: ઓફેન્સીવ અને ડીફેન્સીવ (Offensive and Defensive) શત્રુ પર આક્રમણ કરી શત્રુને ખુવાર કરવા સાથે સ્વ-સંપત્તિનું સંરક્ષણ પણ કરે છે. બીજા રસ્તે શત્રુ ઘુસી આવીને લૂંટ ન ચલાવી જાય તેની પણ સાવધાની રાખે છે.

મુનિ ઉપવાસ, છઠ, અઠ્ઠમ કરે છે...મોહસેના સામે આ આ આફેન્સીવ યુદ્ધ છે. પરંતુ મોહ મુનિને આંતરવાના અખતરા ઓછા નથી કરતો! 'આહારસંજ્ઞા' સામે મુનિને લડતા રહેવા દઇ, બીજીબાજુથી ક્રોધ, અભિમાનને પ્રવેશ કરાવી દેવાના પ્રયત્નો થાય છે! પણ મુનિ એવા ભોળા નથી! ડીફેન્સીવ જંગમાં પણ નિપુણ હોય છે. તપશ્ચર્યા સાથે તેઓ ક્રોધ કરતા નથી, અભિમાન ધરતા નથી.

બ્રહ્માસ્ત્રના સહારે મહામુનિ રણમેદાનમાં મોહદુશ્મનના સૈનિકોની લોથો પાડતા અને શસ્ત્રોના ભંગારની ભુતાવળને ખૂંદતા આગે કદમ બઢાવતા જાય છે. બિચારો દુશ્મન મોહ! જગતને લબડધક્કે લેનારો મોહ પોતે મુનિરાજ દ્વારા લબડધક્કે લેવાઈ જાય છે....તેની તાકાત ભરરરભૂકો થઇ જાય છે. મોહ-દુશ્મનની બેફાટ તાકાતને બાફી નાંખવાનો સંકલ્પ કરીને મહામુનિ સંગ્રામના મોરચે ઝઝુમે છે.

મોહસેનાની મેલી મુરાદોને ધૂળમાં મેળવી દેતા મુનિ મક્કમ પગલે....નિર્ભયતાથી આગે બઢતા જાય છે.

એક વાત છે શત્રુની ગમે તેવી ભીંસમાં પણ 'બ્રહ્મજ્ઞાન' નું શસ્ત્ર હાથમાંથી છટકી ન જવું જોઇએ. એ શસ્ત્રને છીનવી લેવા શત્રુ ગમે તેટલા ધમપછાડા કરે, અડપલાં કરે, પણ એ શસ્ત્ર ન છીનવાઈ જાય, એટલી સાવધાની મહામુનિએ રાખવાની રહે છે....બસ, પછી કોઇ ભય નથી.

આત્મજ્ઞાનથી મુનિ નિર્ભયપણે આરાધનાના માર્ગે આગળ વધી શકે છે.

मयूरी ज्ञानदृष्टिश्चेत् प्रसर्पति मनोवने ।
वेष्टनं भयसर्पाणां न तदानन्दचन्दने ॥ ५ ॥ १३३

શ્લોકાર્થ

જો જ્ઞાનદૃષ્ટિરૂપ મયૂરી મનરૂપ વનમાં સ્વચ્છન્દપણે વિચરે છે તો આનન્દરૂપ બાવના-ચંદનના વૃક્ષ પર ભયરૂપ સર્પોનું વીંટાવું હોતું નથી.

શ્લોક વિવેચન

મન બાવના-ચંદનનું વન છે.
આનંદ બાવના ચંદનનું વૃક્ષ છે.
ભય ભયંકર સર્પ છે.
જ્ઞાનદૃષ્ટિ વનમાં વિચરતી ટહૂકતી મયૂરી

મુનિનું મન એટલે જ્ઞાન-સંવેદનનું વન! એ વનમાં સુગંધ જ સુગંધ. પવનની મધમધતી સુવાસ! એ મન-વનમાં ઊગ્યાં છે ત્યાં સંવેદન-વૃક્ષ! સામાન્ય સંવેદનનાં વૃક્ષ નહીં, જ્ઞાન-સંવેદનનાં વૃક્ષ. આનંદ જ આનંદ....

મુનિનું મન એટલે આનંદવન! એ આનંદવનમાં મહર્ષિ નિરંતર રમતા રહે છે. એ મહર્ષિનું નામ છે જ્ઞાનદૃષ્ટિ. પછી ઝેરી ભવ-સર્પો સંવેદનવૃક્ષ પર ચઢી શકતા જ નથી.

જ્ઞાનદૃષ્ટિ એ મુનિજીવનમાં મહત્ત્વની વસ્તુ છે. જ્ઞાનદૃષ્ટિના સહારે જ મુનિ નિર્ભય રહી શકે. જ્ઞાનદૃષ્ટિના સાન્નિધ્યમાં જ આત્માનંદની અનુભૂતિ થઈ શકે.

જ્ઞાનદૃષ્ટિ એટલે જ્ઞાનની દૃષ્ટિ...સમ્યગ્જ્ઞાનની દૃષ્ટિ. જગતને, જગતના પદાર્થોને, જગતના પ્રસંગોને અને જે કંઈ જોવા-વિચારવાનું, તે સમ્યગ્જ્ઞાનની દૃષ્ટિથી જોવું-વિચારવું. અનાદિકાળથી જીવને જોવાની-વિચારવાની આ દૃષ્ટિ પ્રાપ્ત નથી થઈ; તેથી તે જે જુએ છે, જે વિચારે છે તે રાગદૃષ્ટિ યા દ્વેષદૃષ્ટિથી! તેથી તે કર્મબંધનોથી બંધાય છે. જ્ઞાનદૃષ્ટિમાં નથી થતો રાગ કે નથી થતો દ્વેષ! જ્ઞાનદૃષ્ટિ એટલે મધ્યસ્થ દૃષ્ટિ. જ્ઞાનદૃષ્ટિ એટલે યથાર્થદૃષ્ટિ.

અનાદિકાલીન અજ્ઞાન મોહાદિ, મલિન વૃત્તિઓ અને મિથ્યા વાસનાઓના સહારે જગતને જોવામાં, વિચારવામાં મગ્ન જ રહે નિર્ભયતા પ્રાપ્ત ન થઈ [illegible] શરીરમાં

કોઈ રોગ થયો. આ એક જગતની ઘટના બની. આ ઘટનાને અજ્ઞાન ચશ્માંથી જોનારો ભયભીત થઈ જવાનો. મલીન વલણોવાળો એ રોગોને દૂર કરવાના પ્રયત્નોમાં લાગી જવાનો. મિથ્યાવાસનાઓથી ઘેરાયેલો, એ શરીરના રોગની જ ચિંતામાં પડી જવાનો! ભયરૂપી સર્પો એના મન-ચંદનવનનાં આનંદવૃક્ષોને વિંટળાઈ જવાના! મન-વનમાં ભય-સર્પો ઉભરાઈ જવાના.

પણ જ્યાં મયુરીનો ટહુકાર થાય, જ્ઞાનદૃષ્ટિ મન-વનમાં પ્રવેશે, ભય-સાપોલીયાના સાંધા ઢીલાઢસ થઈ જાય! જ્ઞાનદૃષ્ટિ, શરીરના રોગોના હુમલા સમયે, શરીરની નશ્વરતા, રોગ-પ્રચુરતા અને પરિવર્તનશીલતા બતાવે છે. સાથે, આત્મા અને શરીરનો ભેદ સમજાવે છે. આત્માની શાશ્વતતા સંપૂર્ણ નિરોગિતા અને આત્માના શુદ્ધ સ્વરૂપ તરફ નિર્દેશ કરે છે. 'રોગનાં કારણો પાપકર્મ છે' એમ કહી પાપકર્મોને દૂર કરવાનો પુરુષાર્થ કરાવે છે. સનત્કુમાર ચક્રવર્તીના શરીરમાં એક સાથે સોળ (મતાંતરે સાત મહા રોગ) રોગ ઉત્પન્ન થઈ ગયા હતા. ચક્રવર્તીના મન-વનમાં જ્ઞાનદૃષ્ટિ-મયુરીના ટહુકાર થતા હતા. એમણે સર્વ રોગનું મૂળ કારણ-કર્મોને કાઢવા પુરુષાર્થ કર્યો. સાતસો વર્ષ સુધી કર્મો સામે ઝઝુમ્યા. જ્ઞાનદૃષ્ટિએ તેમને નિર્ભયતા આપી, પ્રસન્નતા આપી. આપણા મન-વનમાં જ્ઞાનદૃષ્ટિરૂપી મયુરી ટહુકતી જ રહે એમ કરવું જોઈએ.

कृतमोहास्त्रवैफल्यं ज्ञानवर्म बिभर्ति यः ।
क्व भीस्तस्य क्व वा भङ्गः कर्मसंगरकेलिषु ॥ ६ ॥ १३४ ॥

શ્લોકાર્થ

જેણે મોહરૂપ અસ્ત્રનું નિષ્ફળપણું કર્યું છે એવું જ્ઞાનરૂપ બખ્તર જે ધારણ કરે છે તેને કર્મના સંગ્રામની ક્રીડામાં ભય ક્યાંથી હોય અથવા પરાજય ક્યાંથી હોય ?

શ્લોક વિવેચન

કર્મો સામે સંગ્રામ.

સંગ્રામ ખેલનાર છે મુનિરાજ.

મુનિરાજ એ સંગ્રામમાં નિર્ભય છે.

ભયનું નામ નથી, પરાજયની ગંધ નથી !

કર્મનાં સણસણતાં મોહાસ્ત્રો આવે છે, છતાં મુનિ-રાજના મુખ પર મુસ્કરાહટ છે ! મનમાં મસ્તી છે અને યુદ્ધનો જુસ્સો છે.

જે મોહાસ્ત્રો સામે મોટા મોટા સુલ્તાનોનાં સાંધા ઢીલા થઇ જાય, ભલભલા પહેલવાનોનાં ટાંટીયા પાણી-પાણી થઇ જાય, ધરણીને ધ્રુજાવનારા મહારથીઓ સુધ-બુધ ખોઇ બેસે.... તે મોહાસ્ત્રોના એકધારા મારા સામે મુનિરાજ અડીખમ બનીને ઊભા રહે છે.... ! આશ્ચર્ય નહીં ? એ આશ્ચર્યનું સમાધાન તો થાય, મુનિરાજની નીકટ જઇ, તેમને ધારીધારીને જોવાય. જોયું ?

મુનિરાજના અંગે બખ્તર જોયું ? એ લોખંડનું નથી, એ કાચબાની ઢાલનું નથી.... એ કોઈ રાસાયણિક કે 'પ્લાસ્ટિક' બનાવટ નથી ! એ બખ્તર છે જ્ઞાનનું.

હા,

જ્ઞાનનું બખ્તર મુનિરાજે ધારણ કરેલું છે. કર્મ ચાહે એટલાં વલખાં મારે, મોહાસ્રોના ભંડારને ઠાલવી દે.... જ્ઞાનબખ્તર આગળ બધું નિષ્ફળ જાય ! કોશ્યાની ચિત્ર-શાળામાં મુનિરાજ શ્રી સ્થૂલભદ્ર આ જ્ઞાનબખ્તર ધારીને બેઠા હતા. મહિનાઓ સુધી મોહાસ્રો....સણસણતા મોહાસ્રો, તીક્ષ્ણ અને તમતમતા મોહાસ્રો મુનિરાજ પર ફેંકાયાં ! કોઈ અસર નહીં ! કોઈ ફળ નહીં ! મુનિરાજને ભય ન હતો. મુનિરાજનો પરાજય નહોતો થયો ! સ્થૂલભદ્રજી વિજયી બનીને બહાર નીકળ્યા હતા !

બસ, 'જ્ઞાન-બખ્તર' ને સાચવીને રાખવાનું. એને કાઢીને જો ભીંતે ટીંગાડયું અથવા કબાટમાં મૂકી દીધું....અને જો મોહાસ્ર આવી ચોંટ્યું તો બાર વગાડી દેશે ! હા, તમે જાણી-જોઈને જ્ઞાનબખ્તર ઉતારી ન નાંખો, પણ એ સરકી ન પડે, એની સાવધાની રાખજો કારણકે એ જ્ઞાનબખ્તર એવી રીતે સરકી પડતું હોય છે.

* ઇન્દ્રિયપરવશતા
* કષાય. (ક્રોધાદિ)
* ગારવ (રસાદિ)
* પરીષહ-ભીરુતા.

આ ચારમાંથી કોઈ તમને વહાલું લાગ્યું કે જ્ઞાન-ભણતર સરકી પડશે અને મોહાસ્ત્ર તમારી છાતી વીંધીને આરપાર નિકળી જશે. તમે પરાજિત બની ભૂમિ પર પટકાઈ જશો.

સંવેગ-વૈરાગ્ય અને મધ્યસ્થદૃષ્ટિને વિકસાવનારાં, પુષ્ટ કરનારાં શાસ્ત્રો-ગ્રંથોનું અધ્યયન, મનન અને પરિશીલન કરતા રહો; તમારા વિચારો અને વલણોને તેનાથી રંગી નાંખો.

तूलवल्लघवो मूढा भ्रमन्त्यभ्रे भयानिलैः ।
नैकं रोमापि तैर्ज्ञानगरिष्ठानां तु कम्पते ॥ ७ ॥ १३५ ॥

શ્લોકાર્થ

આકડાના રૂની પેઠે હલકા મૂઢ પુરુષો ભયરૂપ વાયુ વડે આકાશમાં ભમે છે. પરંતુ જ્ઞાન વડે અત્યંત ભારે એવા મહાપુરુષોનું એક રૂંવાડું પણ કંપતુ નથી.

શ્લોક વિવેચન

પ્રચંડ વાવાઝોડામાં તમે ધૂળ ઉડતી જોઈ હશે, કપડાં ઉડતાં જોયાં હશે, પથ્થર ઉડતા જોયા હશે.... પણ માણસો ઉડતા જોયા છે? હા, મોટા મોટા માણસો ઉડે છે! પ્રચંડ પવનના સપાટા તેમને આકાશમાં ઘુમરીઓ ખવરાવે છે અને જમીન પર પછાડે છે.

જાણી લો એ પ્રચંડ પવનને.

એનું નામ છે ભય!

જેમ પ્રચંડ પવનના સૂસવાટામાં આકડાનું રૂ ઉડી જાય અને આકાશમાં નિરાધાર ઉડયા કરે.... તેમ ભયના વાયુમાં માણસ ઉડે છે અને અહીં-તહીં ભટકયા કરે છે. વિકલ્પોના આકાશમાં ભમ્યા કરે છે. સાવ નિરાધાર! કોઇ ભય લાગ્યો કે જીવ ઉડે છે.

રોગનો ભય, ઈજ્જત ચાલી જવાનો ભય, ધન-સંપત્તિ ચાલી જવાનો ભય, કુટુંબ-પરિવાર બગડી જવાનો ભય....આવા અનેક પ્રકારના ભયોના વાયુ ફૂંકાતા રહે છે અને મૂઢ જીવો એમાં ઉડયા કરે છે. એમને નથી હોતી સ્થિરતા કે નથી હોતી શાંતિ.

મુનિ જ્ઞાનથી ભારે બને છે! સત્ત્વગુણનો ભાર વધે છે અને તમો-રજોગુણનો ભાર હળવો-નહિવત્ થઈ જાય છે.

હા, હિમાદ્રી જેવા જ્ઞાની પુરુષોનું તો રૂંવાડું ય ન ફરકે. ભલે ને સો માઇલની ઝડપે કે દોઢસો માઇલની ઝડપે વાવાઝોડું ફૂંકાય! જ્ઞાની પુરુષો હિમાચલ જેવા નિશ્ચલ અને નિષ્પ્રકંપ રહેવાના. ઝાંઝરીયા મુનિને બદનામ કરવા પેલી નફ્ફટ સ્રીએ મુનિના પગમાં ઝાંઝર પહેરાવી દીધું અને મુનિનો પીછો પકડયો....'દોડો, આણે મારી ઈજ્જત લુંટી છે....' છતાં એ મહામુનિ તો નિર્ભયતાથી ત્રંબાવટી નગરીના રાજમાર્ગો પર ચાલ્યા જતા હતા. કોઇ ભય નહીં! કોઈ વિકલ્પ નહીં! "હાય, હવે મારૂં શું થશે? મારી ઈજ્જત શું રહેશે? લોકો શું માનશે ને શું

કરશે ?..." આવી કોઈ હાય-વોય નહીં....કારણ કે તેઓ જ્ઞાની હતા. પહાડ જેવા અવિચલ હતા.

જ્ઞાની બનીએ તો જ ભય ઉપર વિજય મેળવી શકાય. ભય ઉપર વિજયી બનેલા પુરુષનો આનંદ.... તેની પ્રસન્નતા કોણ વર્ણવી શકે ? એ અનુભવવાની હોય છે, કહેવાય એવી નથી. ભયભ્રાન્ત મનુષ્ય એ આનંદની કે એ પ્રસન્નતાની કલ્પના પણ ન કરી શકે.

જ્ઞાની બનવું એટલે કોરા જાણકાર બનવું એમ નહીં. માત્ર પાંચ-પચાસ કે સો-બસો શાસ્ત્રો વાંચી લેવા એમ નહીં. જ્ઞાની બનવું એટલે જગતમાં આપણી આસપાસ બનતી ઘટનાઓને જ્ઞાનદૃષ્ટિથી જોવી ! એવી રીતે જોવી કે જે ઘટનાને જોઈ અજ્ઞાની થરથર કંપતો હોય, જ્ઞાની ત્યાં નિશ્ચલ અને નિષ્પ્રકંપ રહે. જે પ્રસંગને જોઇ અજ્ઞાની ધ્રુસકે ધ્રુસકે રડી પડે, જ્ઞાની ત્યાં સ્થિર, ગંભીર અને મધ્યસ્થ રહે. જે બનાવને જોઈ અજ્ઞાની છુપાઈ જવા, ભાગી જવા પ્રયત્ન કરે, જ્ઞાની ત્યાં સામી છાતીએ ઊભો રહે. જરાય ડર નહીં, ભય નહીં.

આવા જ્ઞાની બનવા માટે પ્રયત્ન કરવો જોઇએ. તો જ ભયના ઝંઝાવાતોથી તન-મનની તંદુરસ્તી જાળવી શકીશું; મોક્ષમાર્ગે આગળ વધી શકીશું.

નિર્ભયતાના માર્ગે જ્ઞાનીને જડે છે.

चित्ते परिणतं यस्य चारित्रमकुतोभयम् ।
अखण्डज्ञानराज्यस्य तस्य साधोः कुतो भयम् ॥८॥ १२६ ॥

શ્લોકાર્થ

જેના ચિત્તમાં, જેને કોઈનાથી ભય નથી એવું ચારિત્ર પરિણમેલું છે, તે અખંડ જ્ઞાનરૂપ રાજ્યવાળા સાધુને ક્યાંથી ભય હોય?

શ્લોક વિવેચન

ચારિત્ર.

અભય ચારિત્ર.

અભયનો ભાવ પ્રગટાવનારૂં ચારિત્ર જેની પાસે છે તેને ભય શાનો? કારણ કે તે તો અખંડ જ્ઞાનરૂપ રાજ્યનો મહારાજા છે.

અખંડજ્ઞાનનું રાજ્ય;

તેનો મહારાજા છે મુનિ!

આવા રાજ્યનો આવો મહારાજા ભયભ્રાન્ત હોય? વ્યાકુળ હોય? તેને ભયપ્રેરિત વ્યથાઓ ન હોય. ચારિત્રની ભાવનાઓથી મુનિની મતિ ભાવિત થયેલી હોય સમસ્ત સંસારના બાહ્ય ભૌતિક પદાર્થો અને કર્મજન્ય ભાવો તરફ એ આ દૃષ્ટિકોણથી જુએ છે:

'क्षणविपरिणाम धर्मा मर्त्यानामृद्धिसमुदयाः सर्वे ।
सर्वे च शोककजनकाः संयोगा विप्रयोगान्ताः ॥'
—प्रशमरतिः

भोगसुखैः किमनित्यैर्भयबहुलैः कांक्षितैः परायत्तैः ।
नित्यमभयमात्मस्थं प्रशमसुखं तत्र यतितव्यम् ॥


— प्रशमरतिः

'અનિત્ય, ભયભરપૂર અને પરાધીન ભોગ સુખોને શું કરવાં? નિત્ય, અભય અને આત્મસ્થ પ્રશમસુખ માટે જ પ્રયત્ન, પુરુષાર્થ કરવો જોઈએ.'


વેદોના ઉદયોને જેણે નાથ્યા છે, કષાયોના ઉધમાતને જેણે કાબુમાં રાખ્યો છે, હાસ્ય-રતિ-અરતિ અને શોક-ઉદ્વેગની આગ પર જેણે પાણી છાંટયાં છે....જેણે પોતાની દૃષ્ટિને સમ્યક્ બનાવી છે, જ્ઞાન-ધ્યાન અને તપશ્ચર્યાનું બળપ્રાપ્ત કર્યું છે, લોક-વ્યાપારને જેણે તિલાંજલિ આપી દીધી છે....તેવા મુનિને ભય ન હોય. ડર ન હોય. તે તો નિર્ભય અને નિત્યાનંદ હોય.

અખંડ જ્ઞાન-સામ્રાજ્યમાં ભય નથી. જ્ઞાન-સામ્રાજ્યની સરહદોની પેલે પાર ભય છે, શોક છે, ઉદ્વેગ છે. બસ, મુનિરાજે એ સાવધાની રાખવાની કે તે સરહદ ઓળંગીને પેલે પાર ન ચાલ્યા જાય. જ્ઞાન-સામ્રાજ્યના સિંહાસને મુનિરાજ નિર્ભય છે. એ સામ્રાજ્યમાં વસનારાઓ માટે અભયદાતા છે. અભયનો આનંદ એ જ સાચો આનંદ છે. ભયભીત દશામાં આનંદ નથી હોતો આનંદનો આભાસ માત્ર હોય છે. કૃત્રિમ આનંદ હોય છે.

અખંડ જ્ઞાન-સામ્રાજ્યમાં જ અભયનો આનંદ મળે.



[illegible]



१८

द् न पूर्णोऽसि कृतमात्मप्रशंसया ।
गुणस्त्वासि पूर्णश्चेत् कृतमात्मप्रशंसया ॥ १ ॥ १३७ ॥

શ્લોકાર્થ

જો તું ગુણો વડે પૂર્ણ નથી તો પોતાની પ્રશંસાથી સર્યું, જો તું ગુણો વડે પૂર્ણ જ છે તો પણ પોતાની પ્રશંસાથી સર્યું.

શ્લોક વિવેચન

પ્રશંસા.

સ્વ–પ્રશંસા !

મનુષ્ય માત્રમાં આ વૃત્તિ જન્મજાત હોય છે તેને પોતાની પ્રશંસા સાંભળવી ગમે છે; તેને પોતાની પ્રશંસા કરવી ગમે છે, અધ્યાત્મ-માર્ગે આ વૃત્તિ અવરોધરૂપ છે. મોક્ષમાર્ગની આરાધનાના માર્ગે 'સ્વ–પ્રશંસા' ની અભિલાષા ત્યાજય છે.

હા, તારામાં ગુણો છે; તું જ્ઞાની છે, તું દાનવીર છે, તું તપસ્વી છે, તું પર–ઉપકારી છે, તું બ્રહ્મચારી...છતાં તારે તારી પ્રશંસા નથી કરવાની; નથી સાંભળવાની ! સ્વ–પ્રશંસામાંથી જન્મતો આનંદ તને ઉન્મત્ત બનાવશે...પછી તું અધ્યાત્મમાર્ગથી ભ્રષ્ટ થઈશ. જો તારી પાસે ગુણો છે, પછી તારે 'આત્મપ્રશંસા' ની શી જરૂર છે? એ પ્રશંસા

એક સંસારીને સ્વપ્રશંસા ભલે આવશ્યક સ્વીકાર્ય હો. મોક્ષમાર્ગે 'સ્વપ્રશંસા' પાપ જ છે. જો આપણે મોક્ષમાર્ગ ઉપર ચાલી રહ્યા છીએ કે ચાલવાની અભિલાષાવાળા છીએ તો 'સ્વપ્રશંસા' નહીં કરવાની પ્રતિજ્ઞા જ હોવી જોઈએ. સ્વપ્રશંસા નહીં કરવાથી કદાચ એમ દેખાશે કે તમારી ઉત્તમતા, તમારા ગુણો દુનિયા નથી જાણતી. તમારું મૂલ્યાંકન નથી કરતી. ભલે: એક દિવસ એવો આવશે. એ દિવસે તમારા ગુણો દુનિયા માટે મહાન આલંબન બની જશે. એ ગુણો દુનિયાના જીવોને પાપથી મુક્ત કરનારા બની જશે. ધૈર્ય રાખજો. ઉતાવળ ન કરશો. બીજા જીવોના ગુણોની પ્રશંસા કરે જ રાખજો, ત્યાં તમે નિર્ભય છો.

उच्चत्वदृष्टिदोषोत्थस्वोत्कर्षज्वरशान्तिकम् ।
पूर्वपुरुषसिंहेभ्यो भृशं नीचत्वभावनम् ॥ ४ । १४० ॥

શ્લોકાર્થ

ઉચ્ચપણાની દૃષ્ટિના દોષથી ઉત્પન્ન થયેલ પોતાના અભિમાનરૂપ જ્વરની શાંતિ કરનાર, પૂર્વપુરુષરૂપ સિંહોથી અત્યન્ત ન્યૂનપણાની ભાવના કરવી તે છે.

શ્લોક વિવેચન

ઉચ્ચપણાનો ખ્યાલ!

ખતરનાક ખ્યાલ!

'હું ઊંચો...' 'હું બીજા મનુષ્યો કરતાં ઊંચો...' 'તપથી ઊંચો, જ્ઞાનથી ઊંચો, સેવાથી ઊંચો, આદર્શથી ઊંચો'...જો આવો કોઈને કોઈ ઊંચાપણાનો ખ્યાલ છે, તો તે ખતરનાક છે, એ યાદ રાખજો. એ ખ્યાલમાંથી એક 'જ્વર' પેદા થાય છે. જ્વર! તાવ! 'મેલેરીયા,' 'ન્યૂમોનીયા,' 'ટાઈફોઈડ' આ બધા કરતાં પણ ભયાનક તાવ! એ તાવનું નામ છે 'અભિમાન.' કદાચ તાવનું આ નામ તમે પહેલું જ સાંભળતા હશો.

તાવમાં માણસને મિઠાઈ પણ કડવી લાગે છે; તાવની તીવ્રતામાં માણસ લવરી પણ કરે છે...પોતાની સુધબુધ ખોઈ નાંખે છે; અભિમાનના તાવમાં પણ આ બધી જ પ્રતિક્રિયાઓ બની હોય છે. પરંતુ એ પ્રતિક્રિયાઓ અભિમાનીને નથી દેખાતી

નમ્રતા, લઘુતા, વિવેક...આ બધી મીઠાઈ અભિમાનના તાવમાં નથી ભાવતી, કડવી લાગે છે. અભિમાનના તાવમાં પર-અપકર્ષની લવરી થયા કરે છે...પોતે શું બોલે છે, એ બોલવામાં પોતે કેવો લાગે છે, એની સુધબુધ એને રહેતી નથી. એ ઉપકારી માતા-પિતાને અવગણી નાંખે છે. પરોપકારી સદ્ગુરુઓનો ઉપહાસ કરે છે. અન્ય ગુણી-પુરુષોને તુચ્છ ગણે છે; તેમના દોષોને આગળ કરી, તેમને દોષિત સ્થાપિત કરવા પ્રયત્ન કરે છે.

આવો ભયંકર તાવ દૂર કરવો છે? 'અભિમાન' એ તાવ છે, એ વાત આત્મસાક્ષીએ મનાય છે? તો જ એને

[illegible]

[illegible] ।
[illegible] ॥ [illegible] ॥

[illegible]

[illegible]

[illegible]

[illegible] !

[illegible] !

'હું ઊંચો....' 'હું બીજા મનુષ્યો કરતાં ઊંચો....' 'તપથી ઉંચો, જ્ઞાનથી ઉંચો, સેવાથી ઉંચો, સાદાઈથી ઉંચો'....જો આવો કોઈને કોઈ ઉચ્ચપણાનો ખ્યાલ છે, તો તે ખતરનાક છે, એ યાદ રાખજો. એ ખ્યાલમાંથી એક 'જ્વર' પેદા થાય છે. જ્વર! તાવ! 'મેલેરીયા,' 'ન્યૂમોનીયા,' 'ટાઈફોઈડ' આ બધા કરતાં પણ ભયાનક તાવ! એ તાવનું નામ છે 'અભિમાન.' કદાચ તાવનું આ નામ તમે પહેલું જ સાંભળતા હશો.

તાવમાં માણસને મિઠાઈ પણ કડવી લાગે છે; તાવની તીવ્રતામાં માણસ લવરી પણ કરે છે....પોતાની સુધબુધ ખોઈ નાંખે છે; અભિમાનના તાવમાં પણ આ બધી જ પ્રતિક્રિયાઓ થતી હોય છે. પરંતુ એ પ્રતિક્રિયાઓ અભિમાનીને નથી દેખાતી

નમ્રતા, લઘુતા, વિવેક....આ બધી મીઠાઈ અભિમાનના તાવમાં નથી ભાવતી, કડવી લાગે છે. અભિમાનના તાવમાં પર-અપકર્ષની લવરી થયા કરે છે....પોતે શું બોલે છે, એ બોલવામાં પોતે કેવો લાગે છે, એની સુધબુધ એને રહેતી નથી. એ ઉપકારી માતા-પિતાને અવગણી નાંખે છે. પરમોપકારી સદ્ગુરુઓનો ઉપહાસ કરે છે. અન્ય ગુણી-પુરુષોને તુચ્છ ગણે છે; તેમના દોષોને આગળ કરી, તેમને દોષિત સ્થાપિત કરવા પ્રયત્ન કરે છે.

આવો ભયંકર તાવ દૂર કરવો છે? 'અભિમાન' એ તાવ છે, એ વાત આત્મસાક્ષીએ મનાય છે? તો જ એને

દૂર કરવા પ્રયત્ન થઈ શકશે. આત્મકલ્યાણના માર્ગે આ તાવવાળો મનુષ્ય ચાલી ન શકે. આ તાવવાળો કદાચ કહે-"હું મોક્ષમાર્ગે ચાલું છું" તો તે મિથ્યાપ્રલાપ સમજવો.

આ તાવને ઉતારવાનું ઔષધ પણ અહીં પૂજ્ય ઉપાધ્યાયજી મ. એ બતાવ્યું છેઃ

'જે વિષયનું તમને અભિમાન હોય, તે વિષયમાં ઘણી ઊંચી સિદ્ધિ મેળવનારા પૂર્વકાલીન મહાપુરુષોનો વિચાર કરો. એમની સર્વોત્તમ સિદ્ધિ સાથે તમારી તુલના કરો.'

આ વિચાર-ઔષધ ચમત્કારિક છે. જ્યાં તમે એ પૂર્વકાલીન પુરુષસિંહોની સામે તમારી જાતને ઉભેલી જોશો, તમને તમારી જાત વામણી-લાગશે! તમને તમારૂં અસ્તિત્વ નહિવત લાગશે. તમારો અભિમાન-જ્વર 'નોરમલ' થઈ જશે.

જ્ઞાન, વિજ્ઞાન, બુદ્ધિ, બળ, કળા, ત્યાગ, વ્રત, તપ ....ઇત્યાદિ વિષયોમાં, ભૂતકાળમાં થઈ ગયેલા મહાપુરુષોની અદ્ભુત સિદ્ધિઓનું સ્મરણ તમને એ તાવ જ ચઢવા નહીં દે. સાધનાના માર્ગે આ સ્મરણ નિરંતર રાખવું પડે. તદુપરાંત વર્તમાનકાળે પણ આપણાથી ઘણા આગળ નિકળી ગયેલા મહાપુરુષોનો વિચાર કરવો જોઈએ. "આ બધાની આગળ મારામાં શું છે? કંઈ નથી....તો મિથ્યા અભિમાન શાં કરવાં?"

शरीररूपलावण्य ग्रामारामधनादिभिः ।
उत्कर्षः परपर्यायैश्चिदानन्दघनस्य कः ? ॥ ५ ॥ १४१ ॥

શ્લોકાર્થ

શરીરનાં રૂપ-લાવણ્ય, ગામ, બગીચા અને ધન, પુત્ર-પૌત્રાદિ સમૃદ્ધિરૂપ પર દ્રવ્યના ધર્મ વડે, જ્ઞાનાનન્દથી ભરપૂર એવા આત્માને શું અભિમાન હોય ?

શ્લોક વિવેચન

પર-પર્યાય,

આત્માથી જે પર-ભિન્ન, તેના પર્યાય.

શરીરનું સૌન્દર્ય શરીરની કાન્તિ ગામ-નગર, ઉદ્યાનો ધન-સંપત્તિ અને પુત્ર...પત્ની વગેરે પર-પર્યાય છે. આત્માથી ભિન્ન જે પુદ્ગલ, તે પુદ્ગલની રચનાઓ છે. પુદ્ગલની તે પરિવર્તનશીલ અવસ્થાઓ છે.

આત્મન્ ! તારે એ પુદ્ગલ રચનાઓ સાથે શું લેવા દેવા છે ? સાંભળ, એ તારી અવસ્થાઓ નથી, તારી રચનાઓ નથી. એ પર છે...પારકી છે...એની સમૃદ્ધિથી તું તારી જાતને શ્રીમંત-સમૃદ્ધ ન માન. એ સમૃદ્ધિનું અભિમાન તું ન કર. એ અભિમાનમાંથી પ્રગટતો આનંદ તારે માણવાનો નથી.

હે ચિદાનન્દઘન ! તું જ્ઞાનાનન્દથી પૂર્ણ છે પુદ્ગલાનંદનું વિષ બધું જ નિચોવાઈ ગયું છે....જ્ઞાનાનન્દની મસ્તી આગળ તને એ પુદ્ગલોની પરિવર્તનશીલ અવસ્થાઓમાંથી

આત્માના શુદ્ધ પર્યાયોનો વિચાર શુદ્ધનયની દૃષ્ટિથી થાય છે. આ વિચારમાં સર્વ આત્માઓ જ્ઞાનાદિ અનંત ગુણોથી યુક્ત, અરૂપી, દોષરહિત....દેખાય છે....બીજા આત્માઓ કરતાં પોતાના આત્મામાં એક પણ ગુણ અધિક દેખાતો નથી.... કોઈપણ આત્મામાં દોષ દેખાતો નથી... પછી ઉત્કર્ષ કઈ વાત પર કરવાનો?

હા, શુદ્ધ સ્વરૂપના ચિંતનમાં તો અભિમાનના ઘોડે ચઢવાનું ન બને, પરંતુ અશુદ્ધ પર્યાયો પણ આત્મામાં દેખાય છે ને! અશુદ્ધ પર્યાયોમાં સમાનતા દેખાતી નથી! તેમાં તો અભિમાનના ટટ્ટુ પર ચઢી બેસાય ને?

ના! મહામુનિ અશુદ્ધ પર્યાયોને તુચ્છ ગણી ફેંકી દે છે અશુદ્ધ પર્યાયોના લબાચાઓ પર મહામુનિ અભિમાન કરે? બીજાઓ કરતાં ચઢીયાતું રૂપ હોય, વિશિષ્ટ લાવણ્ય

હોય; બીજા જીવો કરતાં અધિક બુદ્ધિ હોય કે શાસ્ત્રજ્ઞાન હોય, બીજા આત્માઓ કરતાં વધુ શિષ્યો હોય કે માન-સન્માનની છડી પોકારાતી હોય....મહામુનિને મન આ બધું તુચ્છ હોય છે; તુચ્છ વસ્તુની અધિકતા પર અભિમાન ઉત્તમ પુરુષ ન કરે.

પડોશીના ઘરના કચરા કરતાં તમારા ઘરમાં કચરો વધુ હોય, તો તમે અભિમાન ન કરો ? 'તારા ઘર કરતાં મારા ઘરમાં કચરો વધુ છે !' આમ ફુલાઓ ખરા ? ના ! કચરાને તમે તુચ્છ સમજો છો, એની અધિકતા પર અભિમાન નથી થતું..... તો જે મહામુનિએ સર્વ વિભાવ-પર્યાયોને તુચ્છ સમજ્યા, કચરા તુલ્ય સમજ્યા, તેની અધિકતા પર અભિમાન કરે ?

* શુદ્ધ પર્યાયોમાં સમાનતાનું દર્શન.

* અશુદ્ધ પર્યાયોમાં તુચ્છતાનું દર્શન.

મહામુનિને મધ્યસ્થભાવમાં રાખે છે. આત્મ-ઉત્કર્ષની ખીણમાં પડવા દેતું નથી. આત્માની સ્વભાવદશા અને વિભાવદશાનું દર્શન-ચિંતન મહામુનિનું અમોઘશસ્ત્ર બની જાય છે. એ અમોઘશસ્ત્રના સહારે તેણે અભિમાનના પહાડને ચૂરી નાંખ્યો હોય છે. મુનિવરો જો આ રીતે ચિંતનના ચીલે ચાલે તો અભિમાન તેમને જરાય અડપલું કરી ન શકે. સ્વોત્કર્ષનો વિષધર તેમની વાસથી જ દૂર ભાગી જાય.

મૂલ્યાંકન આપણે ભૂલી ગયા છીએ ગુણોનું ઉચ્ચ મૂલ્યાંકન ભૂલનાર મનુષ્યના ગુણોનો વિનાશ થતાં વાર નથી લાગતી. ગુણોનો નાશ કરનારા શત્રુઓ તાકીને જ બેઠેલા છે, એમને તમે જરા જગા કરી આપો એટલે તૂટી પડ્યા સમજો. સ્વ-પર્યાયથી કે પર-પર્યાયથી આપણે અભિમાન કરવાનું જ નથી...કારણ કે આપણે સાધુવેશની મર્યાદાના બંધનમાં છીએ.

મહાત્મા, ગુણોનો નાશ ન કરો. અભિમાનનો સંગ ન કરો.

निरपेक्षानवच्छिन्नानन्तचिन्मात्रमूर्तयः ।
योगिनो गलितोत्कर्षापकर्षानल्पकल्पनाः ॥ ८ ॥ १५४ ॥

શ્લોકાર્થ

અપેક્ષારહિત-દેશની મર્યાદારહિત-કાળની મર્યાદારહિત જ્ઞાનમય સ્વરૂપ છે જેઓનું એવા, અને ગળી ગયેલી છે ઉત્કર્ષ અને અપકર્ષની ઘણી કલ્પનાઓ જેઓની એવા, યોગી હોય છે.

શ્લોક વિવેચન

યોગી,

આત્મસ્વરૂપમાં રમતો, પરમાત્મસ્વરૂપને ઝંખતો યોગી, દેશ અને કાળનાં એને બંધન નહિ, સ્વનો ઉત્કર્ષ નહીં કે પરનો અપકર્ષ નહીં...એવો યોગી !

આત્માના મહોદધિમાં વિલસતા અનંતજ્ઞાનમાં જ એ યોગીની રમણતા હોય. પર-ભાવ, પર-પર્યાય કે પુદ્ગલની વિવિધ રચનાઓમાં યોગીની ચેતના જાય નહીં, લોભાય નહીં, આકર્ષાય નહીં.... એને બીજી કોઇ જ ઝંખના નહીં, કામના નહીં કે અભિલાષા નહીં; એ તો મસ્ત બનીને પરમાત્માના સ્વરૂપ તરફ આગળ વધતો જાય એમને કોઈની પરવા નહીં, કોઇની અપેક્ષા નહીં, સાવ નિરપેક્ષ! ભવસાગરને તરી જવા જેવી જોઇએ તેવી નિરપેક્ષતા.

'निरपेक्षो तरइ दुत्तरभवोय'

'નિરપેક્ષ તરે દુસ્તર ભવસાગરને'

કોઇ દેશ-નગર-ગામ....કે આશ્રયનું તેમના મન પર બંધન નહીં. કોઈ વર્ષાઋતુ કે ગ્રીષ્મકાળ....તેમની નિર્વાણ યાત્રામાં કોઈ પ્રતિબંધ ન કરી શકે. અરે કોઇ ભાવની-પ્રેમભાવની પણ તેમને અપેક્ષા નહીં. 'કોઇ મને યોગી માને; કોઇ મને મહાત્મા માને....કોઇ મને સંયમી માને....' તેવી પણ તેમને અપેક્ષા નહીં....કોઈપણ પરભાવના આધારે જીવન જીવવાનું જ નહીં. પછી સ્વ-ઉત્કર્ષ અને પર-અપકર્ષની કલ્પનાઓ બિચારી ગળી જ જાય ને!

દેશ-કાળ અને પરદ્રવ્યના સહારે જીવન જીવનાર સ્વોત્કર્ષ-સ્વાભિમાનને નાથી શકે નહીં. પર-અપકર્ષ-પરનિંદાની કુટેવને ટાળી શકે નહીં. અભિમાનને ઓગાળી નાંખવા નિરપેક્ષતાની ભઠ્ઠીમાં ઇચ્છાઓને કામનાઓને નાંખી

દેવી જોઇએ. અપેક્ષારહિત બનવું જોઇએ. અપેક્ષારહિત-પરદ્રવ્યોની અપેક્ષા વિના જીવન જીવવાનો આદર્શ રાખી, એ દિશામાં પ્રયત્ન કરવામાં આવે તો સ્વ-મહત્તાની શરણાઇઓ બજતી બંધ થઈ જાય અને પરનિંદાનાં પડઘમ ગાજતાં પણ વિરમી જાય.

યોગી બનવું છે?

બહારથી દેખાતું કઠોર પણ અંદરથી શાંત-પ્રશાંત અને કોમળ જીવન યોગીનું હોય છે. એવું જીવન જીવવાની તમન્ના જાગી છે? વર્તમાન પરદ્રવ્ય-સાપેક્ષ જીવન તરફ નફરત પેદા થઇ છે? સ્વપ્રશંસા ને પરનિંદાવાળું જીવન અકળાવે છે? પર પરિણતિના પ્રાંગણમાં થઇ રહેલી પ્રેમ-ચેષ્ટાઓ અળખામણી બની છે? યોગીનું આંતરિક પ્રસન્નતાવાળું, આત્મસ્વરૂપની રમણતાવાળું....અલખની ધૂનમાં દોડ્યું જતું જીવન લલચાવે છે?

તો તમે 'યોગી' બની શકશો. યોગીજીવનનો મહાનન્દ તમે અનુભવી શકશો. અભિમાનની કલ્પના ઓગળી જશે અને આત્માના અનંતગુણો પ્રગટ થઈ જશે.



ॐ ह्रीं अर्हं नमः

तत्त्वदृष्टि



रूपे रूपवती दृष्टिर्दृष्ट्वा रूपं विमुह्यति ।
मज्जत्यात्मनि नीरूपे तत्त्वदृष्टिस्त्वरूपिणी ॥१॥ १४५॥

શ્લોકાર્થ

રૂપવાળી દૃષ્ટિ રૂપને જોઇને રૂપમાં મોહ પામે છે. રૂપરહિત તત્ત્વની દૃષ્ટિ તો રૂપરહિત આત્મામાં મગ્ન થાય છે.

શ્લોક વિવેચન

તત્ત્વદૃષ્ટિને !

વાસનાઓને નિર્મૂળ કરનારી દૃષ્ટિ.

દૃષ્ટિને તાત્ત્વિક બનાવવાની છે; અર્થાત જગતના પદાર્થોનું દર્શન તાત્ત્વિક દૃષ્ટિથી કરવાનું છે. તાત્ત્વિક દૃષ્ટિથી કરાતા પદાર્થ દર્શનમાં રાગદ્વેષ ભળતા નથી. તાત્ત્વિક દૃષ્ટિથી કરાતા પદાર્થ દર્શનમાં અસત્યનો અંશ ભળતો નથી.

ચામડાની દૃષ્ટિ ચામડાંનાં રૂપ જોઇને મોહ પામે છે! રાગ-દ્વેષ કરાવે છે. ચામડાની દૃષ્ટિથી-ચર્મચક્ષુથી ભવનો માર્ગ દેખાય છે; સંસારમાર્ગ દેખાય છે.......મોક્ષમાર્ગ ચર્મચક્ષુથી ન જોઈ શકાય. મોક્ષમાર્ગ જોવા માટે તત્ત્વદૃષ્ટિ જોઇએ. આ તત્ત્વદૃષ્ટિને શ્રી આનંદઘનજી મહારાજ 'દિવ્ય વિચાર' કહે છે.

ચરમ-નયણે કરી મારગ જોવતાં
ભૂલ્યો સયલ સંસાર.
જેણે નયણે કરી મારગ જોઈએ
નયન તે દિવ્ય વિચાર....પંથડો નિહાળું રે બીજા
જિન તણો.

અરૂપી આત્મા અરૂપી તત્ત્વદૃષ્ટિથી જ જોઈ શકાય. તત્ત્વદૃષ્ટિ પણ અરૂપી છે; આત્મા પણ અરૂપી છે.... અરૂપીથી અરૂપી જોવાય. પૌદ્ગલિક દૃષ્ટિથી પુદ્ગલનાં રૂપ દેખાય.

ચર્મદૃષ્ટિ....પુદ્ગલદૃષ્ટિ....ચર્મનયણ...બધા પર્યાયો છે. આત્મદર્શન કરવા માટે આ દૃષ્ટિઓ ન ચાલે: આત્મ-દર્શન કરવા અરૂપી તત્ત્વદૃષ્ટિ જોઈએ. આ તત્ત્વદૃષ્ટિ ઉઘડ્યા પછી આત્મપ્રશંસા કે પરનિંદા જેવી કુટેવો ટકતી નથી. તત્ત્વદૃષ્ટિ ખૂલે છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિરતિચાર આરાધનાથી.

તત્ત્વભૂત પદાર્થ એક માત્ર આત્મા છે! બાકી બધું જ પારમાર્થિક દૃષ્ટિએ અસત્ છે....અતત્ત્વ છે. અનાદિકાળ તત્ત્વભૂત આત્માને ભૂલીને અતત્ત્વભૂત પદાર્થોની પાછળ જીવ ભટક્યો; દુઃખી થયો, ત્રાસ પામ્યો, વિટંબણાઓ થઈ.... જિનેશ્વર ભગવંતની તત્ત્વદૃષ્ટિ મળી નહીં.

જે દૃષ્ટિથી આત્મા પર અનુરાગ થાય; તે દૃષ્ટિ

બાહ્યદૃષ્ટિની આ ખૂબી છે કે તે વિષયોના ઉપભોગમાં દુઃખ બતાવે જ નહીં! ઇન્દ્રિયોના ઉન્માદમાં અશાન્તિ સમજાવે જ નહીં. કષાયોના દાવાનલમાં સળગવા છતાં જીવને 'હું સળગી રહ્યો છું' તેવું ભાન જ ન થવા દે. બાહ્યદૃષ્ટિની વાડીનાં વિષવૃક્ષો પર જે લલચાયો, વિષવૃક્ષોનાં દેખાવમાં સુંદર-સુગંધી અને સરસ ફળોમાં જે લોભાયો, તે અલ્પ સમયમાં જ ઢળી પડે છે ને ઘોર વેદનાઓ અનુભવે છે.

તત્ત્વદૃષ્ટિ આત્મા તો પોતાના અંતરાત્માના સુખથી જ પૂર્ણ હોય છે. સુખની કામના...સ્પૃહા તેને હોતી નથી.... તેથી તે બહિર્દૃષ્ટિની વાડીમાં જતો જ નથી....કદાચ એ વાડીમાંથી પસાર થવું પડે તો એ વિષવૃક્ષોની વાડીની સુંદરતામાં લુબ્ધ થતો નથી, અંજાઇ જતો નથી કે સુખની ઇચ્છાથી એ વિષવૃક્ષોની છાયામાં બેસતો નથી.

સ્થૂલભદ્રજી અંતઃસુખથી....તત્ત્વદૃષ્ટિના સુખથી પૂર્ણ હતા...કોશ્યાએ તેમને વિષવૃક્ષની વાડીમાં જ ઉતારો આપ્યો હતો-ચાતુર્માસ વ્યતીત કરવા! રોજ વિષવૃક્ષોના ભરેલા થાળ સાથે એ મગધની રૂપસુંદરી સ્થૂલભદ્રજીને બાહ્યદૃષ્ટિનાં સુખોથી લલચાવવા પ્રયત્ન કરતી. પરંતુ તત્ત્વદૃષ્ટિ એવા સ્થૂલભદ્રજી શાના લલચાય! તેમણે કોશ્યાને તત્ત્વદૃષ્ટિનું અંજન કરી; તત્ત્વદૃષ્ટિનું અમૃત પાઇ-એવી બનાવી દીધી કે બહિર્દૃષ્ટિની વાડીમાં રહેવા છતાં કોશ્યા નિર્લેપ રહી શકી.

તત્ત્વદૃષ્ટિ વિના બહિર્દૃષ્ટિની વાડીમાંથી કોઇ સલામત બહાર નિકળી શકતો નથી.

ग्रामारामादि मोहाय यद् दृष्टं बाह्यया दृशा ।
तत्त्वदृष्ट्या तदेवान्तर्नीतं वैराग्यसंपदे ॥ ३ ॥ १४७ ॥

શ્લોકાર્થ

બાહ્યદૃષ્ટિ વડે દેખેલા ગામ અને ઉદ્યાન વગેરે મોહ માટે થાય છે. તત્ત્વદૃષ્ટિ વડે (તે બધું) આત્મામાં ઉતરેલું વૈરાગ્યની પ્રપ્તિ માટે થાય છે.

શ્લોક વિવેચન

એનું એ ગામ-નગર.

એનું એ ઉદ્યાન....નંદનવન....

એની એ રૂપરાણીઓ કે અપ્સરાઓ!

આ બધું બાહ્યદૃષ્ટિથી જોવાય તો રાગ થાય.

આ બધું તત્ત્વદૃષ્ટિથી જોવાય તો વૈરાગ્ય થાય.

હે મહામાર્ગના આરાધક! તારે રાગી બનવું છે કે વૈરાગી? તું મુનિ બન્યો, એટલે તું ત્યાગી બન્યો. વિરતિ ધર બન્યો પરંતુ વૈરાગ્ય માર્ગ પર વિજય મેળવવાનું કામ ઉભું છે ત્યાગ કરવા માત્રથી વૈરાગ્ય આવી જતો નથી વૈરાગી બનવાની ભાવનાથી તું ત્યાગી બન્યો તે સાચી વાત; પરંતુ વૈરાગ્યની મસ્તી જગવવાનું કામ હવે ત્યાગીજીવનમાં આરંભવાનું છે અને વૈરાગ્યની અગોચર દુનિયામાં જવાનું છે, એ યાદ રાખજે.

ત્યાગી મુનિનો વેશ તેં ધારણ કર્યો એટલે રાગ-મહોદધિને તરવાનો ગણવેશ (યુનીફોર્મ) ધારણ કર્યો....ને

મહોદધિમાં કૂદી પડયો.... ત્યાગી બનવા માત્રથી રાગના સાગરને તું તરી ગયો, એવું માનવાની ગંભીર ભૂલ ન કરીશ. તરવાનું હવે શરૂ કર્યું છે, તે તું ત્યારે તરી શકીશ, કે રાગ-સમુદ્રમાં આવતા પદાર્થોને તત્ત્વદૃષ્ટિથી જોઈએ, એના તરફ લલચાઇશ નહીં, પરંતુ વિશેષને વિશેષ વૈરાગી બનતો જઈશ.

ત્યાગી એ જ દુનિયામાં જીવે છે કે જે દુનિયામાં રાગી અને ભોગાં જીવે છે; પરંતુ એ દુનિયાનો રાગી.... ભોગી બહિર્દષ્ટિથી જુએ છે....દુનિયાના વર્તમાન પર્યાયને જ જુએ છે, જ્યારે ત્યાગી દુનિયાના ત્રૈકાલિક પર્યાયને જુએ છે....પુદ્ગલના પરિણામોને વિચારે છે:

'क्षणविपरिणामधर्मा मर्त्यानां ऋद्धिसमुदयाः सर्वे'

'મનુષ્યની ઋદ્ધિ, સંપત્તિ, વૈભવ....બધું ક્ષણમાં બદલાઇ જનારૂં છે....વિપરીત પરિણામમાં પરિણમનારૂં છે....'

જે નગરની શોભા જોઈ બાહ્યદષ્ટિ આત્મા આનંદ વિભોર થઇ જાય, ત્યાં અંતર્દષ્ટિ મહાત્મા વિચારે: આ પણ એક દિવસ સ્મશાન બનશે! મનુષ્યોથી ઉભરાતાં બજારોમાં ગીધ, સમડીઓ અને શીયાળીયાંનાં ટોળાં ઉભરાશે! આ તો સંસારનો ક્રમ છે! સ્મશાનમાં સદન અને સદનમાં સ્મશાન! કોઈના ચમનમાં કોઇનું ક્રંદન....કોઇના વિલાપમાં કોઈના આલાપ!'

આજનું વન કાલે નંદનવન
આજનું નંદનવન કાલે વન!

આજની રૂપ સુંદરી યૌવના....કાલે રૂપહીન દુર્બલિકા!

આજની રૂપહીન દુર્બલિકા કાલે રૂપસુંદરી યૌવના!

કહો, તત્ત્વદૃષ્ટિવાળા મનુષ્યને આ પરિવર્તનશીલ દુનિયા પર રાગ થાય કે વૈરાગ્ય? તત્ત્વદૃષ્ટિ આત્માને સંસારના પદાર્થો પર મોહ થાય નહીં. તત્ત્વદૃષ્ટિ મોહજનક નહીં પણ મોહમારક છે. તત્ત્વદૃષ્ટિનું ચિંતન વૈરાગ્યપ્રેરક હોય છે અહીં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ સંસારના મુખ્ય મુખ્ય મોહોત્તેજક પદાર્થો પર તત્ત્વદૃષ્ટિનું ચિંતન કરી આપે છે, ચાલો આપણે એ ચિંતનમાં પ્રવેશીએ.

बाह्यदृष्टेः सुधासारघटिता भाति सुन्दरी ।
तत्त्वदृष्टेस्तु साक्षात सा विण्मूत्रपिठरोदरी ॥ ४ ॥ १४८ ॥

श्लोकार्थ

બાહ્યદૃષ્ટિને સ્ત્રી અમૃતના સાર વડે ઘડેલી ભાસે છે, તત્ત્વદૃષ્ટિને તે સ્ત્રી પ્રત્યક્ષ વિષ્ટા અને મૂત્રની હાંડલી જેવા ઉદરવાળી લાગે છે.

શ્લોક વિવેચન

સુંદરી....!

બ્રહ્માએ અમૃતના સારમાંથી સુંદરી સર્જી છે! 'નૈષધીયચરિત' ના રચયિતા કવિ હર્ષ કહે છે: 'દ્રૌપદી એવી સુંદરી હતી કે જેની કાયા, બ્રહ્માએ ચન્દ્રના ગર્ભ–ભાગને લઈ, તેમાંથી સર્જી હતી માટે ચન્દ્રનો મધ્યભાગ પોલો-કાળો દેખાય છે!' મોટા મોટા કવિઓએ સ્ત્રીઓના

સૌન્દર્યનું વર્ણન કરવામાં પોતાનું કવિત્વ નિચોવી નિચોવીને તેમાં ભર્યું છે.... 'અસાર સંસારમાં જો કોઈ સાર હોય તો સારંગલોચના સુંદરી છે!'

'સ્ત્રી'નું આ દર્શન બાહ્યદૃષ્ટિ મનુષ્યોનું દર્શન છે. એની એ સ્ત્રીઓનું અન્તર્દૃષ્ટિ મહાત્મા કેવું દર્શન કરે છે!

'વિષ્ટા અને મૂત્રની હાંડલી'

'નરકની દીવડી!'

'કપટની કોટડી!'

તત્ત્વદૃષ્ટા મહાત્મા પુરુષ સ્ત્રીના શરીરની સુકોમળ ધવલ ચામડીની નીચે ડોકીયું કરે છે, ત્યાં તેમને વિષ્ટા, મુત્ર, રુધિર, માંસ અને હાડકાં દેખાય છે...તેમને રાગ નથી થતો....વૈરાગ્ય થાય છે.

તત્ત્વદૃષ્ટિ મહાપુરુષો સ્ત્રી સાથેની ભોગક્રિયામાં નરકનાં દર્શન કરે છે....નરકની વાસ્તવિક બિહામણી યાતનાઓનાં દર્શનમાત્રથી મોહનાશ પામે છે....

સ્ત્રીના હાવભાવ અને પ્રેમપ્રલાપની ભીતરમાં કપટની લીલા જોવા મળે છે; ને ત્યાં વૈરાગ્ય ઝબકી ઉઠે છે.

સ્ત્રીને બહિર્દૃષ્ટિ મનુષ્ય માત્ર દૈહિકવાસનાઓને સંતોષવાનું પાત્ર માની તેની સાથે અસભ્ય વ્યવહાર કરે છે. જ્યારે 'સ્ત્રીનો આત્મા પણ મોક્ષમાર્ગની આરાધના કરી શકે તેવો ઉત્તમ છે' આવી પવિત્ર દૃષ્ટિ સાથે એના દેહ તરફનું મમત્વ તોડી નાંખવા 'વિષ્ટા અને મૂત્રની

હાંડલી જેવા પેટવાળી' કે 'નરકની દીવડી' અથવા 'કપટની કોટડી' તરીકે તત્ત્વદૃષ્ટિવાળો મનુષ્ય જુએ, તો તે અયોગ્ય નથી પ્રાયઃ કરીને સ્ત્રીના શરીરનાં, સ્ત્રીના સૌંદર્યનાં કે સ્ત્રીના હાવભાવોનાં વર્ણન એમણે કર્યાં છે કે જેઓ રાગી; વિકારી અને દૈહિક વાસનાઓના ભુખ્યા હતા. આજે પણ એવા જ બહિર્દૃષ્ટિ મનુષ્યો સ્ત્રીનાં બાહ્ય રૂપરંગ અને ફેશનપરસ્તીનાં વખાણ કરતાં ધરાતા નથી. આમાં સ્ત્રીઓનું સન્માન નથી પરંતુ ઘોર અપમાન છે

સ્ત્રી–દર્શનથી સ્વાભાવિક રીતે પેદા થતી વાસનાવૃત્તિને નાબૂદ કરવા; સ્ત્રીના શરીરની બિભત્સતાનો વિચાર કરવો જરૂરી મનાયો છે. પરંતુ સાથે સાથે સ્ત્રીના શરીરમાં પણ અનંત ગુણમય આત્મા વસેલો છે. સ્ત્રીને 'રત્નખાણ' પણ કહેલી છે એનો આદર કરવો પણ એટલો જ આવશ્યક છે. સ્ત્રીનું દર્શન થવા છતાં એના પ્રત્યે મોહવાસના ન જાગે, તેવું દર્શન કરવાનું કહેવામાં આવે છે. તેવું દર્શન અન્તર્દૃષ્ટિ વિના શક્ય નથી.

સંસારમાં 'સ્ત્રી' તત્ત્વ મહામોહનું નિમિત્ત છે. એ મહાન વૈરાગ્યનું નિમિત્ત પણ બની શકે. તે માટે જોઈએ અંતર્દૃષ્ટિ તત્ત્વદૃષ્ટિ.

लावण्यलहरीपुण्यं वपुः पश्यति बाह्यदृग् ।
तत्त्वदृष्टिः श्वकाकानां भक्ष्यं कृमिकुलाकुलम् ॥ ५ ॥ १२९ ॥

શ્લોકાર્થ

બાહ્યદૃષ્ટિ સૌન્દર્યના તરંગ વડે પવિત્ર શરીર દેખે

જાય છે આત્મા માટે તે શરીરનું લૂણ જતું કરે છે... શરીરને સુકવી નાંખે છે...શરીરના સૌન્દર્યને જોતો જ નથી....હા, શરીરના સૌન્દર્યના ભોગે જો આત્માનું સૌન્દર્ય પ્રગટતું હોય તો તે શરીરના સૌન્દર્યનો પલવારમાં ત્યાગ કરી દે છે. શરીરને તે પાપ કરીને ટકાવવા કે વધારવા ચાહતો નથી. નિષ્પાપ રીતે શરીરને ટકાવે છે....એ પણ આત્માના હિત માટે! તત્ત્વદૃષ્ટિનું આ શરીર-દર્શન છે.

गजाश्वैर्भूपभवनं विस्मयाय बहिर्दृशः ।
तत्राश्वेभवनात् कोऽपि भेदस्तत्त्वदृशस्तु न ॥ ६ ॥ १५० ॥

શ્લોકાર્થ

બાહ્યદૃષ્ટિને હાથી અને ઘોડા વડે સહિત રાજમહેલ વિસ્મય માટે થાય છે. તત્ત્વદૃષ્ટિને તો તે રાજમહેલમાં ઘોડા અને હાથીના વનથી કંઇપણ વિશેષ નથી.

શ્લોક વિવેચન

ઐશ્વર્ય,

રાજમહેલનો વૈભવ...

આજના રાષ્ટ્રપતિ ભવનનો વૈભવ...ગવર્નરો અને પ્રધાનમંત્રી....મુખ્ય મંત્રીઓના બંગલાના વૈભવ....તેમનું ઐશ્વર્ય—જોઇને તમારી આંખો વિસ્મિત થઇ જાય છે? ત્રિરંગી ધ્વજઓ ફરકતા તેમના રાજશાહી બંગલાઓ—મહારાજાઓના ચાંદી-સોને મઢેલા રથોથી પણ વધારે કિંમતી પરદેશી મોટરો—મોટર-સાયકલો અને 'સ્કૂટરો'

—આ બધુ જોઇને તમે ઓવારી ગયા છો? તો હજુ બાહ્યદૃષ્ટિથી તમે વિશ્વનું દર્શન કરી રહ્યા છો, હજુ અંતર્દૃષ્ટિ ઉઘડી નથી—હજુ તત્ત્વાંજન થયું નથી. 'મારી પાસે પણ એટલી સંપત્તિ ક્યારે ભેગી થાય અને હું પણ આવો ઐશ્વર્યસ્વામી બનું—મહેલો—બંગલાઓ બંધાવું! હાથી-ઘોડા (હાલની મોટરો, સ્કૂટરો—મોટર-સાયકલો) વસાવું—' જો આવા કોડ થતા હોય તો અંતર્દૃષ્ટિ ખૂલી નથી! પછી ભલે તમે ધર્મઆરાધના કરતા હો. તમે જો મુનિ છો, તો રાજાઓના વૈભવો જોઈ તમે શું વિચારો છો? પરલોકમાં આવું ઐશ્વર્ય મળે તેવા અરમાન તો નથી થતા ને? એવા ઐશ્વર્ય સંપન્ન રાજા-મહારાજાઓ.... પ્રધાનમંત્રી કે ગવર્નરો, મિલમાલિકો કે ઉદ્યોગપતિઓ.... એમનાથી પ્રભાવિત તો નથી થઇ જતા ને? જો આંતર્દૃષ્ટિ-તત્ત્વદૃષ્ટિ હશે તો એમનાથી પ્રભાવિત નહીં થાઓ. એમના જેવા ઐશ્વર્યશાલી બનવાના અરમાન નહીં જાગે....બલ્કે એ બધાની અનિત્યતા....અસારતા અને દગાખોરીનો વિચાર આવશે.

'इन्द्रजालोपमाः स्वजनधनसंगमाः

સ્વજન-ધન-વૈભવ....બધાનો સંયોગ ઇન્દ્રજાળ જેવો છે!

'तेषु रज्यन्ति मूढस्वभावाः'

તેમાં મૂઢ...વિવેકહીન મનુષ્યો જ મુગ્ધ થાય....રાગી થાય. અંતર્દૃષ્ટિ મહાત્મા એ ઐશ્વર્યશાળીઓ...ધરતીને ધ્રુજાવનારા ને....અંતીમ અસહાય સ્થિતિમાં જુએ છેઃ

तुरगरथेभनरावृतिकलितम् दधतं बलमस्खलितम् ।
हरति यमो नरपतिमपि दीनम् मैनिक इव लघुमीनम् ॥
विनय विधीयतां रे श्री जिनधर्मः शरणम्......

જેમની પાસે હણહણાટ કરતું અશ્વદળ હતું.... મદોન્મત્ત હાથીઓનું સૈન્ય હતું અને અપૂર્વ બળનું અભિમાન હતું....તેવા રાજાઓને પણ યમરાજ ઉપાડી જાય છે,....પેલો માછીમાર માછલીને જેવી રીતે પકડીને લઈ જાય તેવી રીતે! તે વખતે એ રાજાની કેવી દીનદશા!

તત્ત્વદૃષ્ટિ ઉત્તમ પુરુષને ક્ષણિક, ભયયુકત અને પરાધીન પુદ્ગલનાં ઐશ્વર્ય વિસ્મિત કરી શકતાં નથી.... તેમને એવા ઐશ્વર્યનું કોઇ વિશેષ મૂલ્યાંકન હોતું જ નથી.....તેમને તો મૂલ્ય હોય છે ચિદાનંદમય આત્મ-સ્વરૂપનું! આત્માના અનંત-અગોચર-અવિનાશી-અભય-સ્વાધીન ઐશ્વર્ય મેળવવા તેઓ દિનરાત ઝંખતા હોય છે... ઝંખના પૂર્ણ કરવા અવિરત ઝઝુમતા રહે છે.

બહિર્દૃષ્ટિ જે ઐશ્વર્યને માથે ચઢાવવામાં ગૌરવ સમજે છે ત્યાં અંતર્દૃષ્ટિ તેને પગ નીચે કચડી નાંખવામાં ગૌરવ અનુભવે છે.

भस्मना केशलोचेन वपुर्धृतमलेन वा ।
महान्तं बालदृग् वेत्ति चित्साम्राज्येन तत्त्ववित् ॥७॥ १५१ ॥

શ્લોકાર્થ

રાખ ચોળવાથી, કેશનો લોચ કરવાથી અથવા શરીર

ઉપર મેલ ધારણ કરવાથી બાહ્યદૃષ્ટિ મહાત્મા રૂપે જાણે છે. તત્ત્વદૃષ્ટિ જ્ઞાનની પ્રભુતાથી મહાન જાણે છે.

શ્લોક વિવેચન

મહાત્મા

કોણ ? શરીર પર રાખ ચોળી હોય. માથે જટા વધારી હોય, શરીર પર માત્ર લંગોટી હોય....આને બાહ્યદૃષ્ટિ મનુષ્ય મહાત્મા માને છે.

વળી કોણ ? મસ્તકે મુંડન નહીં પણ લુંચન કરાવ્યું હોય, સફેદ વસ્ત્ર ધારણ કર્યાં હોય, રજોહરણ અને દંડ રાખ્યાં હોય.... આને બાહ્યદૃષ્ટિ મનુષ્ય 'મહાત્મા' કહે છે.

અને ? શરીરની કોઈ પરવા નહીં.... મેલના પોપડા બાઝી ગયા હોય... કપડાંને ધોવાની વાત નહીં; મેલાં.... ને કાળાં થઈ ગયેલાં કપડાં જેણે પહેર્યાં હોય.... તેને બાહ્યદૃષ્ટિ 'મહાત્મા' ગણે છે!

તત્ત્વદૃષ્ટિ મનુષ્ય 'મહાત્મા' ને શાના માધ્યમથી ઓળખે ?

જ્ઞાનની પ્રભુતાના માધ્યમથી

જ્ઞાન સામ્રાજ્યનો માલિક તે મહાત્મા.

જ્ઞાનની પ્રભુતાનો પ્રભુ તે મહાત્મા.

તત્ત્વદૃષ્ટિવાળો આ વસ્તુ જુએ છે – "જ્ઞાનની પ્રભુતા છે ? જ્ઞાન સામ્રાજ્યનો વિસ્તાર કેટલો છે ?" જ્ઞાન વિના

મહાનતા ન હોઇ શકે. જ્ઞાન વિના સાચું મહાત્માપણું પ્રાપ્ત ન થાય. જ્ઞાનની પ્રભુતાવાળા મહાન પુરુષોને તત્ત્વદૃષ્ટિવાળા જીવો જ ઓળખી શકે. સંભવ છે કે જ્ઞાનની પ્રભુતાવાળા મહાત્માઓ શરીરે ભસ્મ ન લગાડે, શરીર ને વસ્ત્ર મેલાં ન રાખે.... કેશનું લુંચન પણ ન કરાવે; બાહ્યદૃષ્ટિ આત્મા ત્યાં મહાત્માપણું નહીં માને ! અને જ્યાં જ્ઞાન નહિ હોય પણ શરીરે ભસ્મ હશે, શરીરે મેલ હશે, કેશનું લુંચન હશે ત્યાં બાહ્યદૃષ્ટિ મનુષ્ય ઝુકી પડશે. એને ત્યાંથી જ્ઞાનનો પ્રકાશ નહીં મળે. પણ બાહ્યદૃષ્ટિ મનુષ્ય જ્ઞાન મેળવવા મહાત્માઓને શોધતો જ નથી ! એ મહાત્માઓ પાસે જાય છે, બાહ્યદૃષ્ટિમાં દેખાતાં સુખનાં સાધનો મેળવવા ! પૈસા કેવી રીતે કમાવવા ? સોનું કેવી રીતે બનાવવું ? પુત્ર કેવી રીતે મેળવવો ?....

આવી આવી પૌદ્ગલિક વાસનાઓને સંતોષવા તે મહાત્માઓ પાસે જાય છે. તે એવી કલ્પનામાં હોય છે કે "મેલા–ઘેલા અને શરીરે રાખ ચોપડતા બાવા–જોગીઓ પાસે સિદ્ધિઓ હોય છે, તેઓ ગરીબને શ્રીમંત અને અપુત્રિયાને પુત્રવાળો બનાવી શકે છે !

મોક્ષમાર્ગમાં ઉપયોગી; કર્મનાં બંધન તોડવામાં ઉપયોગી એવું જ્ઞાન બાહ્યદૃષ્ટિવાળાને જોઇતું જ હોતું નથી ! એવું જ્ઞાન જે ધરાવતા હોય છે, તે જ મહાત્માઓ આ વિશ્વ પર મહાન ઉપકાર કરનારા છે. તત્ત્વદૃષ્ટિવાળો જીવ એવા જ્ઞાનીપુરુષોને જ મહાત્મા સમજે છે, એમની સેવા–ભક્તિ અને ઉપાસના કરે છે.

'મહાત્મા બનવાની અભિલાષાવાળા હોય પણ જ્ઞાનદૃષ્ટિવાળા બનવાનું છે. જ્ઞાનદૃષ્ટિ વિના મહાન બની શકાતું જ નથી' તત્ત્વને જાણનારો આ વાતને સમજે અને તત્ત્વજ્ઞાનને મેળવવા પ્રયત્ન કરે. બાહ્યવેશ માત્રથી... બાહ્ય દેખાવમાત્રના મહાત્મા બનવાનું તે ન ચાહે. વાસ્તવિક નિષ્પાપ અને જ્ઞાનપૂર્ણ જીવનમાં જ તે મહાનતા અનુભવે અને એ માર્ગે આગળ વધે.

न विकाराय विश्वस्योपकारायैव निर्मिताः ।
स्फुरत्कारुण्यपीयूषवृष्टयस्तत्त्वदृष्टयः ॥ ८ ॥ १५२ ॥

શ્લોકાર્થ

સ્ફુરાયમાન કરુણારૂપ અમૃતની વૃષ્ટિ કરનારા તત્ત્વદૃષ્ટિ પુરુષો વિકારને માટે નહીં, પણ વિશ્વના ઉપકારને માટે જ ઉત્પન્ન કરેલા છે.

શ્લોક વિવેચન

તત્ત્વદૃષ્ટિ મહાપુરુષો,

એટલે કરુણામૃતની વૃષ્ટિ કરનારા!

નિરંતર વિશ્વ પર ઉપકાર કરનારા!

રાગ-દ્વેષના વિકારોનો નાશ કરનારા!

ગ્રહણ અને આસેવન શિક્ષા દ્વારા, સ્વ-પર આગમ ગ્રંથોના સૂક્ષ્મ રહસ્યોની પ્રાપ્તિ દ્વારા તત્ત્વદૃષ્ટિ મહાપુરુષો પેદા થાય છે. જિનશાસનના આચાર્યો અને ઉપાધ્યાયો

આવા તત્ત્વદૃષ્ટિ મહાપુરુષો ઉપકાર કરવામાં જ દિનરાત નિરત રહે છે.

આ તત્ત્વદૃષ્ટિ મહાપુરુષો વિશ્વમાં રાગ-દ્વેષના વિકારોને વિકસાવતા નથી પરંતુ વિનાશ કરે છે.

ભવસમુદ્રમાં વિષય-કષાયને પરવશ બની ડૂબતા જીવોને જોઇ તત્ત્વદૃષ્ટિ મહાપુરુષોનાં હૃદય કરુણાના અમૃતથી ઉભરાય છે, તેઓ ડૂબતા જીવોને 'સંયમ'ની નાવડીમાં બેસાડી, તેમને ભવસાગરથી પાર કરે છે.

ભીષણ ભવવનમાં ભટકતા, ભૂલા પડેલા જીવોને જોઇ તત્ત્વદૃષ્ટિ મહાત્માઓનાં અંતઃકરણમાં કરુણા સ્ફૂરે છે, જીવોને તેઓ અભયનું દાન આપે છે... સાચો માર્ગ જોવાની દૃષ્ટિ આપે છે... માર્ગમાં સાથ આપે છે... શરણ આપે છે અને 'મોક્ષ'ની શ્રદ્ધા આપે છે.

અનેક જીવોનાં સંશયોનું નિરાકરણ કરી નિઃશંક બનાવી મોક્ષમાર્ગની આરાધનામાં પ્રોત્સાહિત કરે છે. સમુદ્ર જેવા તેઓ ગંભીર હોય છે, ને મેરુવત્ નિશ્ચલ હોય છે ઉપસર્ગ પરિસહોથી ડરતા નથી કે દીનતા કરતા નથી. દિન-રાત મોક્ષમાર્ગની આરાધના-પ્રભાવનામાં ઉજમાળ રહે છે. આવા તત્ત્વદૃષ્ટિ મહાત્માઓ જ ખરેખર વિશ્વના મહાન ઉપકારી છે.. મહાન હિતકારી છે.... કલ્યાણકારી છે. તેમના શિવાય દુનિયામાં કોઇ દુઃખી જીવોનું આશ્વાસન નથી, આશ્રય નથી કે આધાર નથી. તેમના શિવાય કોઇ શરણ નથી.


કરુણારસભર હૈયે તત્ત્વદૃષ્ટિથી કરેલા વિશ્વદર્શનમાંથી આ દિવ્ય વિચાર પ્રગટ થાય છેઃ અહો આવો ધર્મપ્રકાશ પૃથ્વી પર પથરાયેલો હોવા છતાં આ જીવો આંખે અજ્ઞાનના પાટા બાંધી સંસારની ચોરાશી લાખ જીવ યોનિમાં ભટકી રહ્યા છે. આત્મતત્ત્વને ભૂલીને જડતત્ત્વોમાંથી સુખ મેળવવાનો મિથ્યા પ્રયત્ન કરી રહેલા છે... દુઃખ-ત્રાસ અને વિટંબણાઓથી ઘેરાઈ ગયા છે... ! કેવી દયામણી દીનતા કરે છે... ! કેવું કરુણ આક્રંદ કરે છે... ! લાવો, એ બિચારા જીવોને ધર્મનો માર્ગ બતાવીએ, ધર્મનું રહસ્ય આપીએ, કે જેથી દુઃખો અને સંતાપોથી તેમની મુક્તિ થાય.. આ ભીષણ ભવસમુદ્રને તરી જાય.'

ચાહે સંસારના અજ્ઞાન જીવો તેમને ઉપકારી માને યા ન માને, તેઓ તો નિરંતર ઉપકાર કરતા જ રહે છે. સૂર્યને પ્રકાશ આપનાર ઉપકારી કોઈ માને યા ન માને, સૂર્ય તો પ્રકાશ આપ્યા જ કરે છે. તેનો એ સ્વભાવ છે. તેમ તત્ત્વદૃષ્ટિ મહાત્માઓનો આ સ્વભાવ હોય છે કે તેઓ જીવો પર કરુણાને ધારણ કરતા ઉપકાર કર્યા જ કરે !



ॐ ह्रीं अर्हं नमः.

सर्वसमृद्धि



२०

बाह्यदृष्टिप्रचारेषु मुद्रितेषु महात्मनः ।
अन्तरेवावभासन्ते स्फुटाः सर्वाः समृद्धयः ॥ १ ॥ १५२ ॥

શ્લોકાર્થ

બાહ્યદૃષ્ટિની પ્રવૃત્તિ બંધ પડે છે ત્યારે મહાત્માને અંતરમાં જ પ્રગટ થયેલી સર્વ સમૃદ્ધિઓ ભાસે છે.

શ્લોક વિવેચન

સમૃદ્ધિ !

અપાર...અનંત સમૃદ્ધિ !

તમારે બહાર શોધવાની શી જરૂર છે ? બહાર ફાંફાં મારવાની શી આવશ્યકતા છે ? જુઓ, એક કામ કરો :

તમારી બાહ્યદૃષ્ટિ બંધ કરો.

કરી ? હવે અંતર્દૃષ્ટિ ખોલીને અંતરાત્મામાં જુઓ. ખૂબ એકાગ્ર બનીને જુઓ ..

શું ? અંધકાર છે ? કંઇ દેખાતું નથી ? ધીરજ રાખો. તમે અંતર્દષ્ટિને બંધ ન કરશો, એના પ્રકાશને વધુ તેજસ્વી બનાવીને જુઓ...બાહ્યદષ્ટિના બહારના પ્રકાશમાંથી અંજાઇને આવ્યા છો ને, એટલે થોડીવાર બધું અંધકાર-મય લાગશે.. પછી ધીરે ધીરે ત્યાં રહેલો મહાન કિંમતી ભંડાર દેખાવા માંડશે !

દેખાયું ? નહીં ?

[illegible] ભંડારની પાસે જ ઊભા છો... [illegible], એ ભંડારને ખોલી દો...

એ ભંડારમાં શું છે? અરે, એ તદ્દન [illegible] ટગરટગર શાને જુઓ છો? તમે પોતે જ એ ભંડારમાં પડેલી સમૃદ્ધિને જોશો ને! છતાં હું કહું છું કે એ ભંડારની સમૃદ્ધિથી દેવદેવેન્દ્રોનાં સામ્રાજ્ય ખરીદી લેવાય! દેવલોકની અને મર્ત્ય લોકની સર્વ સુખ-સામગ્રી વેચાતી લઈ લેવાય! એ સમૃદ્ધિની એક ખાસ વિશેષતા બતાવું? એ સમૃદ્ધિ પછી તમારી પાસેથી ખૂટે જ નહીં!

કેમ ન દેખાઇ એ સમૃદ્ધિ? બાહ્યદૃષ્ટિને બિલકુલ બંધ કરી છે ને? એના પર 'સીલ' મારી દો! હા, એ જરાપણ ખુલ્લી રહી, તો ભંડાર નજરે નહીં પડે! બાહ્ય-દૃષ્ટિના પાપે તો જીવો અનેક આ ભંડારની ખૂબ નિકટ આવીને પણ નિરાશ બનીને પાછા જાય છે... માટે એ દૃષ્ટિને તો ફોડી જ નાંખજો.

હા, હવે એ ભંડાર દેખાયો? ઝાંખો ઝાંખો દેખાયો? કંઇ વાંધો નહીં. હવે તમારા હાથ લંબાવો ને એ તરફ આગળ વધો ..પ્રકાશ વધતો જશે...વધ્યો ને? હવે તો એ ભંડાર સ્પષ્ટ દેખાઇ ગયો ને? ખોલો એ ભંડારને! કેવી સમૃદ્ધિ છે એમાં?

કહો, હવે તમારે દેશ-વિદેશમાં રખડવાની જરૂર છે? શેઠ-શ્રીમંતોની ગુલામી કરવાની જરૂર છે? ધંધા-ધાપા કરવાની જરૂર છે? કુટુંબ-પરિવાર પાસે જવાનું મન થાય એમ છે? એ બધાની સ્મૃતિ પણ આવે છે ખરી? બધું જ દિવ્ય અને ભવ્ય છે ને! પણુ હા. જે ક્ષણે. જે સમય બાહ્યદષ્ટિ ખૂલી ગઇ, આ બધું જાદુની જેમ અલોપ થઈ જશે અને પહેલાંની જેમ ગામ-નગરની શેરીઓમાં ભટકતા ભિખારી થઇ જશો!

समाधिर्नन्दनं धैर्यं दम्भोलिः समता शचि ।
ज्ञानं महाविमानं च वासवश्रीरियं मुनेः ॥ २ ॥ १५४ ॥

શ્લોકાર્થ

સમાધિરૂપ નન્દનવન, ધૈર્યરૂપ વજ્ર, સમતારૂપ ઇન્દ્રાણી અને સ્વરૂપના અવબોધરૂપ મોટું વિમાન-આ ઇન્દ્રની લક્ષ્મી મુનિને છે.

શ્લોક વિવેચન

મુનિરાજ! તમે ઇન્દ્ર છો...

તમારી સમૃદ્ધિનો, તમારી શોભાનો પાર નથી. તમારે કોઇ વાતે કમી નથી. દેવરાજ ઇન્દ્રની સમૃદ્ધિ તમારી પાસે છે! આવો, તમારી સમૃદ્ધિનાં દર્શન કરો:

આ રહ્યું તમારૂં નંદનવન...! હા, આ નંદનવન છે...કેવું સુરમ્ય, લીલુંછમ અને આહ્લાદક છે! ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતારૂપ સમાધિના નંદનવનમાં તમારે

તમને એકલવાયાપણું લાગે છે? કોઈ તમારા મનને ખીલવનાર...મનને સ્નેહની મસ્તીથી ભરી દેનાર, પ્રેમદૃષ્ટિના સાગરમાં સ્નાન કરાવનાર સાથીદાર જોઈએ છે? આ રહી તમારી ઈન્દ્રાણી! સમતા-રાણી તમારી કાયમી સાથીદાર છે. બસ, એ સમતા-રાણીના હોઠનું અમૃત પી પીને...તેના યૌવનનું પાન કરતા રહેજો. તમને જરાય એકલવાયાપણું નહીં લાગે. તમારું મન સ્નેહની મસ્તીમાં રહેશે. સમતા-ઈન્દ્રાણી...મધ્યસ્થદૃષ્ટિ છે! આ ઈન્દ્રાણીને ક્ષણવાર તમારાથી દૂર રાખશો નહીં.

રહેવાનું ક્યાં? અરે, મુનીન્દ્ર! તમારે મહાન વિમાનમાં જ રહેવાનું ઈંટ, ચૂના ને પથ્થરનાં મકાનો એ

[illegible] :

[illegible] ॥ ૧૫૦ ॥

[illegible]

[illegible]
[illegible]
[illegible] શું કહેવાતું નથી?

[illegible]

[illegible], ત્યાં શું કહેવાતું નથી? ત્યાં તો આમ.

ચક્રવર્તી છો! ચક્રવર્તીની અપાર ઋદ્ધિ-સમૃદ્ધિ અને શક્તિ તમારી પાસે છે, તે તમે જાણો છો?

તમારી પાસે ચર્મરત્ન છે!

સમ્યગ ક્રિયાઓનું ચર્મરત્ન છે!

તમારી પાસે છત્રરત્ન છે!

સમ્યગ જ્ઞાનનું છત્રરત્ન છે...!

ભલેને પછી મોહ-મ્લેચ્છો મિથ્યાત્વના દૈત્યોને મોકલી તમારા પર કુવાસનાઓનાં તીરો વરસાવે! છત્રરત્ન અને ચર્મરત્ન તમને એકેય તીર લાગવા નહીં દે.

'હું ચક્રવર્તી છું!' આ ખુમારી રાખો. 'મારી પાસે ચર્મરત્ન અને છત્રરત્ન છે' આનો ગર્વ રાખો. આ ખુમારીથી ને ગર્વથી તમે દીન નહીં બનો; હતાશ નહીં બનો, કાયર નહીં બનો.

મોહમ્લેચ્છ ભલે ગમે તેટલા વ્યૂહો રચે. તમારી ચારે બાજુ મિથ્યાત્વના બિહામણા દૈત્યોને ગોઠવી દે. તમને મુંઝવી દેવા વિવિધ વાસનાઓનાં તીર વરસાવે, તમે નિર્ભય બનીને ઝઝુમજો! સમ્યગ ક્રિયાઓમાં તમારી લીનતા હશે, વાસનાઓનાં તીર તમને સ્પર્શી નહીં શકે. સમ્યગ-જ્ઞાનમાં તમારી મગ્નતા હશે, વાસનાઓનાં તીર તમને પ્રદક્ષિણા દઈ એ જ દૈત્યોના વક્ષઃસ્થળમાં પ્રહાર કરશે! સ્થૂલભદ્રજી પર મોહ-મ્લેચ્છે કેવો ગજબ હુમલો કર્યો હતો? કેવી વાસનાની ધોધમાર વર્ષા કરી? પણ એ તો ચક્રવર્તી

મહામુનિ હતા! મોહે કોશ્યાના દુર્ગમાં મિથ્યાત્વને ઊભું કર્યું...મિથ્યાત્વે વાસનાઓને સ્થૂલભદ્ર પર છોડી...રાજ કોશ્યા સોળ શૃંગાર સજીને વાસનાઓનાં તીર પર તીર છોડતી ગઈ...વાસનાઓની ધોધમાર વર્ષા કરવા લાગી, તેણે લલચામણા હાવ-ભાવ કર્યા, અંગવિન્યાસ કર્યો, મદોત્તેજક ભોજન આપ્યાં. ગીત-ગાન અને નૃત્ય કર્યાં...પરંતુ આ કોઈ તીર સ્થૂલભદ્રને સ્પર્શી પણ શક્યું? ન સ્પર્શી શકે! વર્ષાનું એક બિંદુ પણ એમના અંગને ભીંજવી શક્યું? કારણ કે તે ચક્રવર્તી પાસે સત્ક્રિયાઓનું ચર્મરત્ન હતું. સમ્યગ્જ્ઞાનનું છત્રરત્ન હતું. આ બે રત્નો ચક્રવર્તીની દુશ્મનોથી સતત રક્ષા કરે છે! શરત એક: એ રત્નોને ચક્રવર્તીએ પોતાની પાસે જ રાખવાં પડે! જો એ રત્નોને દૂર રાખીને ફરે, તો દુશ્મન તરત હુમલો કરી ચક્રવર્તીને મારી નાખે!

મુનિરાજ! તમારે તો સમસ્ત આશ્રવોનો ત્યાગ કરી સર્વસંવરમાં આવવાનું છે; એટલે ક્રિયા અને જ્ઞાનમાં તમારે પરિણતિ કેળવવાની છે. મન-વચન-કાયાના યોગોને ક્રિયાઓમાં... ચારિત્રની ક્રિયાઓમાં પરોવી દેવાના અને જ્ઞાનનો અખંડ ઉપયોગ રાખવાનો. જ્ઞાનદીપક ક્યારેય ન બુઝાઈ જાય એ માટે તમારે જાગૃત રહેવાનું છે. ક્ષાયોપશમિક જ્ઞાન.... શાસ્ત્રજ્ઞાનનો મંદ દીપક પણ જો બુઝાઈ ગયો તો વાસનાઓની ભૂતાવળ વળગી પડશે અને તમારું લોહી ચૂસી જશે. વાસનાઓની મુશળધાર વર્ષામાં તમે ભીંજાઈ જશો અને બિમારીમાં પટકાઈ ભાવમૃત્યુ પામશો.

[illegible]

[illegible]

[illegible]

'સહારાના અંધારપટમાં' તમારો ત્યાગ છે. ક્ષમા-પૂજનીને તમે માફ કરીને રહેતા છો. ક્ષમા-પૂર્તિ તમારા સદાકે રહેલી છે ! કહો, હવે તમે જાણીને ખબર છે કે નહીં? અમે તમારી ખુશામત નથી કરતા, તમારી સ્વર્ગીય પ્રશંસા કરી તમને રીઝવવાનો પ્રયત્ન નથી કરતા, પરંતુ જે યથાર્થ સ્થિતિ છે, સત્ય હકીકત છે, તે જણાવીએ છીએ.

જુઓ, તમે નવ બ્રહ્મચર્યની વાડોનું પાલન કરી, મન-વચન-કાયાથી બ્રહ્મચર્યના અમૃતકુંડમાં મહાલતા નથી ?

(૧) તમે સ્ત્રી-પશુ-નપુંસક જ્યાં રહેતા હોય તેવા સ્થાનમાં રહેતા નથી.

(૨) સ્ત્રી કથા કરતા નથી.

(૩) સ્ત્રીઓ જે સ્થાને બેઠી હોય તે સ્થાને તમે બેસતા પણ નથી.

(૪) ભીંતની બીજી બાજુએ બોલાતાં સ્ત્રી પુરુષનાં રાગ-વચનો પણ સાંભળતા નથી, તેવા સ્થાનને ત્યજી દો છો.

(૫) સંસારાવસ્થામાં કરેલી કામ-ક્રીડાઓની સ્મૃતિ કરતા નથી.

(૬) વિકારને ઉત્તેજનારી વિગઈઓ-ઘી-દૂધ વગેરેનું સેવન કરતા નથી.

(૭) અતિ-આહાર.... ઠાંસી ઠાંસીને તમે ભોજન કરતા નથી.

(૮) શરીરની વિભૂષા કરતા નથી.

(૯) સ્ત્રીઓનાં એકીટસે અંગોપાંગ નિરખતા નથી.

આ બ્રહ્મચર્યના અમૃતકુંડમાં તમે કેવો અપૂર્વ આહ્લાદ અનુભવી રહ્યા છો ! એ આહ્લાદનું વર્ણન કેવા શબ્દોમાં કરવું ? ને એ વર્ણવવાની વસ્તુ પણ નથી ને ! એ તો ડૂબકી મારીને અનુભવવાની વસ્તુ છે. તમે સાચે જ

ગંગા-પાર્વતી ક્યાં છે? એમ પૂછો છો? તમારી બે બાજુ ગંગા-પાર્વતી બેઠેલાં છે, જુઓ તો ખરાં, કેવું એમનું મનોહર રૂપ છે... ને તમારો પ્રેમ તે ઝંખી રહી છે...

ચારિત્રકલા એ તમારી ગંગા છે અને જ્ઞાનકલા એ પાર્વતી દેવી છે! હા, પેલી ગંગા-પાર્વતી કરતાં આ ગંગા-પાર્વતી તમને અપૂર્વ, અદ્ભુત સુખ આપે છે. આ બે દેવીઓ નિરંતર તમારી સાથે જ રહે છે અને તમને જરાય દુઃખ પડવા દેતી નથી. તમારાથી અલગ તેમણે પોતાનું અસ્તિત્વ જ રાખ્યું નથી.... તમારા અસ્તિત્વ અને વ્યક્તિત્વમાં તેમણે પોતાનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ વિલીન કરી દીધાં છે! આવો દિવ્યપ્રેમ ધારણ કરતી જ્ઞાનકલા અને ચારિત્રકલા જેવી તમને દેવીઓ મળી છે, હવે જગતની તમને શી પરવા?

કહો મુનિવર, સમૃદ્ધિમાં કોઈ કસર છે? નિવાસ માટે કૈલાસ છે, સ્વારી માટે મનગમતો વૃષભ છે અને ગંગા-પાર્વતી તમારી પ્રિયાઓ છે. હવે તમારે શું જોઈએ? તમે તમારે ડાકલું વગાડતા જાઓ ને દુનિયાને ધુણાવતા જાઓ!

તાત્પર્ય આ છે: મુનિએ અધ્યાત્મમાં જ રહેવાનું છે. તેમણે 'અધ્યાત્મ'ને જ પોતાનું નિવાસસ્થાન માનવાનું. જ્યારે જ્યારે બહાર જવાનું થાય, વિવેક પર જ સ્વારી કરીને જવાનું. વિવેક વિના બહાર જોવાનું નહીં, જવાનું નહીં. જ્ઞાન અને ચારિત્રના સંગે જ જીવવાનું. જીવનનો આનંદ જ્ઞાન અને ચારિત્રના સહવાસમાંથી જ મેળવવાનો.

જ્ઞાન અને ચારિત્રને છોડી બીજી કોઈ વસ્તુમાંથી આનંદ કે સુખ મેળવવા નહીં જવાનું. જ્ઞાન-ચારિત્ર પ્રત્યે પૂર્ણ વફાદારી જાળવવાની. જો આટલી વાતો તમે જાળવી રાખો તો તમારી સમૃદ્ધિમાં ક્યારેય ઉણપ નહિ આવવાની. એ સમૃદ્ધિ તમને સુખી કરશે, તમને શાન્તિ આપશે. દુનિયામાં તમારી કીર્તિ ફેલાશે.

શંકરજી! તમે તમારે વૈરાગ્યનું ડાકલું બજાવતા રાગી-દ્વેષી દુનિયાને ધુણાવતા રહો.

ज्ञानदर्शनचन्द्रार्कनेत्रस्य नरकच्छिदः ।
सुखसागरमग्नस्य किं न्यूनं योगिनो हरेः ॥ ६ ॥ १५८ ॥

શ્લોકાર્થ

જ્ઞાન-દર્શનરૂપ ચન્દ્ર અને સૂર્ય જેનાં નેત્ર છે એવા, નરકગતિનો નાશ કરનારા (નરકાસુરનો નાશ કરનાર) સુખરૂપ સમુદ્રમાં મગ્ન થયેલા યોગીને કૃષ્ણ કરતાં શું ન્યૂન છે?

શ્લોક વિવેચન

શ્રી કૃષ્ણ!

ચન્દ્ર-સૂર્ય જેમની બે આંખો!

નરકાસુરનો જેમણે વધ કર્યો!

સાગરમાં જેઓ મગ્ન બનેલા હોય છે!

યોગી, તારે શ્રી કૃષ્ણ કરતાં શું ઓછું છે? શું તારી બે આંખો ચન્દ્ર-સૂર્ય નથી? શું તેં નરકાસુરનો વધ

ગંગા-પાર્વતી ક્યાં છે ? એમ પૂછો છો ? તમારી બે બાજુ ગંગા-પાર્વતી બેઠેલાં છે, જુઓ તો ખરાં, કેવું એમનું મનોહર રૂપ છે... ને તમારો પ્રેમ તે ઝંખી રહી છે...

ચારિત્રકલા એ તમારી ગંગા છે અને જ્ઞાનકલા એ પાર્વતી દેવી છે ! હા, પેલી ગંગા-પારવતી કરતાં આ ગંગા-પાર્વતી તમને અપૂર્વ, અદ્ભુત સુખ આપે છે. આ બે દેવીઓ નિરંતર તમારી સાથે જ રહે છે અને તમને જરાય દુઃખ પડવા દેતી નથી. તમારાથી અલગ તેમણે પોતાનું અસ્તિત્વ જ રાખ્યું નથી.... તમારા અસ્તિત્વ અને વ્યક્તિત્વમાં તેમણે પોતાનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ વિલીન કરી દીધાં છે ! આવો દિવ્યપ્રેમ ધારણ કરતી જ્ઞાનકલા અને ચારિત્રકલા જેવી તમને દેવીઓ મળી છે, હવે જગતની તમને શી પરવા ?

કહો મુનિવર, સમૃદ્ધિમાં કોઈ કસર છે ? નિવાસ માટે કૈલાસ છે, સ્વારી માટે મનગમતો વૃષભ છે અને ગંગા-પાર્વતી તમારી પ્રિયાઓ છે. હવે તમારે શું જોઈએ ? તમે તમારે ડાકલું વગાડતા જાઓ ને દુનિયાને ધુણાવતા જાઓ !

તાત્પર્ય આ છે : મુનિએ અધ્યાત્મમાં જ રહેવાનું છે. તેમણે 'અધ્યાત્મ'ને જ પોતાનું નિવાસસ્થાન માનવાનું. જ્યારે જ્યારે બહાર જવાનું થાય, વિવેક પર જ સ્વારી કરીને જવાનું. વિવેક વિના બહાર જોવાનું નહીં, જવાનું નહીં. જ્ઞાન અને ચારિત્રના સંગે જ જીવવાનું. જીવનનો આનંદ જ્ઞાન અને ચારિત્રના સહવાસમાંથી જ મેળવવાનો.

જ્ઞાન અને ચારિત્રને છોડી બીજી કોઇ વસ્તુમાંથી આનંદ કે સુખ મેળવવા નહીં જવાનું. જ્ઞાન-ચારિત્ર પ્રત્યે પૂર્ણ વફાદારી જાળવવાની. જો આટલી વાતો તમે જાળવી રાખો તો તમારી સમૃદ્ધિમાં ક્યારેય ઉણપ નહિ આવવાની. એ સમૃદ્ધિ તમને સુખી કરશે, તમને શાન્તિ આપશે. દુનિયામાં તમારી કીર્તિ ફેલાશે.

શંકરજી! તમે તમારે વૈરાગ્યનું ડાકલું બજાવતા રાગી-દ્વેષી દુનિયાને ધ્રુજાવતા રહો.

ज्ञानदर्शनचन्द्रार्कनेत्रस्य नरकच्छिदः ।
सुखसागरमग्नस्य किं न्यूनं योगिनो हरेः ॥ ६ ॥ १५८ ॥

શ્લોકાર્થ

જ્ઞાન-દર્શનરૂપ ચન્દ્ર અને સૂર્ય જેનાં નેત્ર છે એવા, નરકગતિનો નાશ કરનારા (નરકાસુરનો નાશ કરનાર) સુખરૂપ સમુદ્રમાં મગ્ન થયેલા યોગીને કૃષ્ણ કરતાં શું ન્યૂન છે?

શ્લોક વિવેચન

શ્રી કૃષ્ણ!

ચન્દ્ર-સૂર્ય જેમની બે આંખો!

નરકાસુરનો જેમણે વધ કર્યો!

સાગરમાં જેઓ મગ્ન બનેલા હોય છે!

યોગી, તારે શ્રી કૃષ્ણ કરતાં શું ઓછું છે? શું તારી બે આંખો ચન્દ્ર-સૂર્ય નથી? શું તેં નરકાસુરનો વધ

વસ્તુને સામાન્યરૂપે જોવી તે દર્શન અને વસ્તુને વિશેષસ્વરૂપમાં જોવી તે જ્ઞાન. મુનિ વિશ્વના જડ-ચેતન પદાર્થોને સામાન્ય અને વિશેષરૂપે જોતા હોય છે. વસ્તુમાં તો સામાન્ય અને વિશેષ, બંને સ્વરૂપ રહેલાં છે. જ્યારે સામાન્ય સ્વરૂપને જોવામાં આવે ત્યારે દર્શન કહેવાય અને વિશેષ સ્વરૂપને જોવામાં આવે ત્યારે જ્ઞાન કહેવાય.

યોગી મહાવ્રતોમય પવિત્ર જીવન જીવે છે. તેથી તેને મૃત્યુ પછી નરકમાં જવું પડતું નથી; તેથી તેણે નરકાસુરને વધ કર્યો કહેવાય. નરકનો ભય એક મોટો અસુર છે. પવિત્ર પાપરહિત જીવન જીવવાથી જ એ ભય દૂર થાય છે.

આધ્યાત્મિક સુખના મહોદધિમાં યોગી મસ્ત થઈ

શયન કરે છે. ભલે અરબી સમુદ્ર ક્યારેક સુકાઇ જાય.... જલનું સ્થળ થઇ જાય, ભલે મોટાં સરોવરો સુકાઈ જાય ....આ અધ્યાત્મ-મહોદધિ ક્યારે ય સુકાતો નથી!

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ મુનિને નિત્ય, અભય અને સ્વાધીન સમૃદ્ધિનું સુખ બતાવવા આત્મભૂમિ પર લઇ જઇ, એક પછી એક સમૃદ્ધિના દર્શન કરાવતા ચાલે છે....સંસારમાં શ્રેષ્ઠ ગણાતી સમૃદ્ધિનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોનું દર્શન કરાવી કહે છે: 'તારી પાસે આવી સંપત્તિ છે...તું દુનિયાનો શ્રેષ્ઠ સંપત્તિ-વૈભવવાળો પુરુષ છે. તું દીનતા ન કર તું ભૌતિક સંપત્તિમાં આકર્ષાઇ ન જા તું દેવેન્દ્ર છે, તું ચક્રવર્તી છે, તું મહાદેવ શંકર છે, તું શ્રી કૃષ્ણ છે.... તું તારી જાતને ઓળખ. (Know your self) તને જ્યારે તારી જાત ઓળખાશે; તું આ વિશ્વનો શ્રેષ્ઠ સુખી માનવ બની જઇશ.'

યોગી બનવું પડે. તો હરિ કરતાં પણ કોઇ ન્યૂનતા નહીં લાગે. જ્યાં સુધી યોગી ન બનીએ ત્યાં સુધી નગરની શેરીઓમાં ભટકતા ભિખારી કરતાં પણ ન્યૂનતા લાગશે! જ્ઞાન-દર્શન અને ચારિત્રની યોગ-આરાધના કરવાની છે.

या सृष्टिर्ब्रह्मणो बाह्या बाह्यापेक्षावलम्बिनी ।
मुनेः परानपेक्षाऽन्तर्गुणसृष्टिः ततोऽधिका ॥ ७ ॥ १५९ ॥

શ્લોકાર્થ

જે બ્રહ્માની સૃષ્ટિ છે (તે) બાહ્યજગતરૂપ છે અને બાહ્યકારણની અપેક્ષા રાખનારી છે મુનિની અંતરંગ

બાહ્ય દુનિયાના સર્જનમાં કેટલું પરાશ્રયપણું ? એક મકાન બનાવવામાં, એક સ્ત્રી મેળવવામાં, ધન-સંપત્તિનો સંચય કરવામાં, સગા-સ્નેહીઓ સાથે સંબંધ બાંધવામાં... આત્માથી ભિન્ન જડ-ચેતન પદાર્થો વિના ચાલે ? એ પર પદાર્થો માટે કેટલા રાગ અને દ્વેષ કરવા પડે ? સર્વ ઝગડાઓ અને ક્લેશો પર-પદાર્થો લઈને છે. મનુષ્યની.... જીવ માત્રની સુખ-દુઃખની કલ્પનાઓ પણ આ પર-પદાર્થોને લઈને જ છે.. અને આ પર-પદાર્થોની અપેક્ષા કેવી સુદૃઢ બની ગઈ છે કે સંસારનો જીવ પરપદાર્થ વિના જીવી જ ન શકે !

મુનિ જેમ જેમ સાધના-આરાધનાના માર્ગે આગળ વધે તેમ તેમ પર-પદાર્થોની સહાય લીધા વિના જીવન જીવવા પ્રયત્ન કરે. જેમ બને તેમ ઓછામાં ઓછા પર-પદાર્થોની સહાય લે સાથે સાથે આંતરિક આત્મગુણોની સૃષ્ટિ રચતો જાય. આંતરિક ગુણસૃષ્ટિનું એવું સર્જન કરે છે કે જેમાં નિત્ય, સ્વાધીન અને નિર્ભય જીવન જીવી શકાય. એ સૃષ્ટિનો પ્રલય થવાનો ભય નહીં ! બ્રહ્માની સૃષ્ટિને તો પ્રલયનો પણ ભય ! પ્રલય એટલે સર્વનાશ ! આ આત્મગુણોની સૃષ્ટિમાં જ્યારે જીવનનો આરંભ થાય ત્યારે કોઈ પરપદાર્થની અપેક્ષા નહિ, સાવ નિરપેક્ષ જીવન. એટલે રાગ-દ્વેષ નહીં, એટલે ઝગડા કે ક્લેશ નહીં ! એટલે સુખ-દુઃખનાં દ્વંદ્વ નહીં.

બ્રહ્માની સૃષ્ટિ કરતાં મુનિરાજની સૃષ્ટિ કેટલી બધી

ચઢીયાતી, દિવ્ય અને ભવ્ય હોય છે! એ સૃષ્ટિમાં એટલી બધી સમૃદ્ધિ...અનંત સમૃદ્ધિ ખડકાયેલી હોય છે કે જીવને પૂર્ણ તૃપ્તિ થઈ જાય.

મુનિરાજ! તમે સૃષ્ટિના સર્જનહાર બ્રહ્મા કરતાં પણ મહાન છો! બ્રહ્માની દુઃખ, વેદના અને ત્રાસપૂર્ણ દુનિયા કરતાં તમે કેવી અનુપમ સુખ, આનંદ અને પૂર્ણ સ્વાતંત્ર્યવાળી ગુણ-સૃષ્ટિની રચના કરો છો કહો, હવે તમને તમારી મહત્તા, સ્થાન અને શક્તિનો ખ્યાલ આવ્યો? હવે તો તમને કોઇવાતે ઓછું નહીં આવે ને? અને આ કોઈ કલ્પિત...મનઃઘડંત વાત નથી; આ તો નિર્ભેળ સત્ય હકીકત છે; તમે આ હકીકતને ખૂબ ગંભીરતાથી વિચારજો; ને આત્મસાત કરજો. ગુણસૃષ્ટિનું સર્જન કરવા તમે ઉત્તેજિત થશો અને આ કલ્પિત બ્રહ્માની કલ્પિત સૃષ્ટિ-રચનામાંથી મુક્ત બનશો!

रत्नैस्त्रिभिः पवित्रा या स्रोतोभिरिव जाह्नवी ।
सिद्धयोगस्य साऽप्यर्हत्पदवी न दवीयसी ॥ ८ ॥ १६० ॥

શ્લોકાર્થ

જેમ ત્રણ પ્રવાહો વડે પવિત્ર ગંગા છે તેમ ત્રણ રત્ન વડે પવિત્ર તે તીર્થંકર પદવી પણ સિદ્ધયોગવાળા સાધુને અતિ દૂર નથી.

શ્લોક વિવેચન

!૨, તમારેબ્રહ્મા-શંકર કે કૃષ્ણ નથી બનવું. દેવેન્દ્ર

કે ચક્રવર્તીપણાના તમને કોડ નથી, તમારે તીર્થંકરપદવી જોઇએ છે, એમ ને?

તીર્થંકર પદવી!

સમ્યગ દર્શન-જ્ઞાન અને ચારિત્ર, આત્રણ રત્નોથી પવિત્ર પદવી! તમારે આ પદવી જોઇએ છે? મળી શકે. તે માટે તમારે પૂર્વ તૈયારી કરવી જોઇએ. તે પૂર્વ તૈયારીમાં બે વાતો મુખ્ય છે.

(૧) ભાવના.

(૨) આરાધના.

'મોહાન્ધકારમાં ભટકતા અને દુઃખી થતા જીવોને હું પરમ સુખનો માર્ગ બતાવી દુઃખમુક્ત કરૂં.... સર્વ જીવોને ભવનાં બંધનોથી મુકત કરૂં.' આવી તીવ્ર ભાવના જોઇએ અને વીસસ્થાનક તપની કઠોર આરાધના જોઈએ. આ બે વાતોથી તીર્થંકરપદવીનો પાયો નંખાય છે અને પાયો નંખાય! પછી ત્રીજા જ ભવે એના પર મહેલ બની જાય છે! તીર્થંકરનામકર્મ' નિકાચિત કર્યો પછી તમે તીર્થંકર બન્યા સમજો ને!

તમારી ભાવના અને આરાધનામાં જેમ જેમ તમે પ્રગતિ કરતા જશો તેમ તેમ ગુરુભકિત અને ધ્યાન યોગના પ્રભાવે તીર્થંકર પરમાત્માનું સ્વપ્નમાં તમને દર્શન થશે

વિશ્વની શ્રેષ્ઠ પદવી!

તીર્થંકરપણાની દિવ્યાતિદિવ્ય સમૃદ્ધિ!

એ સમવસરણની અદ્ભુત રચના, અષ્ટ મહાપ્રાતિહાર્યની શોભા, વાણીના પાંત્રીસ ગુણ અને ચોત્રીસ અતિશય...એ વીતરાગદશા અને સર્વજ્ઞતા...સમગ્ર વિશ્વને જોવાનું અને જાણવાનું...શત્રુ-મિત્ર પર સમાન મધ્યસ્થ દૃષ્ટિ! આવી અવસ્થા તમને ગમે છે ને! અને કામ શું કરવાનું? ધર્મોપદેશ દ્વારા વિશ્વને સુખી બનાવવાનું.

અરિહંતપદવી કહો કે તીર્થંકરપદવી કહો, કેવી ગંગા જેવી પવિત્ર એ પદવી છે. પદવી શ્રેષ્ઠ છતાં અભિમાનનો લેશ પણ નહીં. પદવી સર્વોત્તમ છતાં તેનો જરાય દુરુપયોગ નહીં. આવી એ પવિત્ર પદવી છે. ત્રણ રત્નોની એ પવિત્રતા છે! ગંગા ત્રણ પ્રવાહોથી પવિત્ર છે ને! તમે તીર્થંકરપદવીની કામના કરો, અભિલાષા રાખો એ સર્વથા ઉચિત છે.

પરંતુ એ માટે જગતના સર્વ જીવો પ્રત્યે ભાવકરુણા ધારણ કરજો. સર્વ જીવોના હિતનો જ વિચાર કરજો કોઈપણ જીવનું અહિત વિચારશો નહીં કે કરશો નહીં. સંસારવર્તી જીવોના દોષ કે અવગુણ જોવાઈ જાય તો તેને નિવારવાની ભાવના રાખજો ને સક્રિય પ્રયત્ન કરજો, પરંતુ દોષ જોઈને એના આત્માને દોષિત ન ઠેરવશો. તિરસ્કાર કે ઘૃણા ન કરશો. પરહિતનો વિચાર તમારા મનનો મુખ્ય વિચાર બનાવી દેજો.

તીર્થંકરપદવી–અરિહંતપદવી પ્રાપ્ત કરવાના મનોરથ, ભાવના....તમન્ના પ્રગટ થાય.... ત્યારે કે જયારે આત્મા

યોગ-ભૂમિકામાં પહોંચ્યો હોય. સંસારનું જ્ઞાનદૃષ્ટિથી અવલોકન કર્યું હોય, સંસારની બાહ્ય સમૃદ્ધિને તુચ્છ, અસાર સમજી તેને ત્યજી દીધી હોય; અથવા તેને ત્યજી દેવાનો દૃઢ સંકલ્પ પેદા થયો હોય.

સર્વપ્રકારની શ્રેષ્ઠ....સર્વોત્તમ સમૃદ્ધિમાં તીર્થંકર-પદવીની સમૃદ્ધિ ટોચની સમૃદ્ધિ ગણાય છે; ને એ જ સાચી સમૃદ્ધિ છે. 'સર્વસમૃદ્ધિ' ના આ અષ્ટકમાં પૂ ઉપાધ્યાયજી મહારાજ છેલ્લી સમૃદ્ધિ 'તીર્થંકરપદવી' ની બતાવી અષ્ટકપૂર્ણ કરે છે; ને આત્માને તીર્થંકરપદવીની પ્રાપ્તિના ઉપાયો તરફ વળવા નિર્દેશ કરતા જાય છે. તીર્થંકરપદવીનું કાર્ય છે જગતને દુઃખથી ઉદ્ધારવાનું! માટે તે શ્રેષ્ઠ પદવી છે.

એ સમવસરણની અદ્‌ભુત રચના, અષ્ટ મહાપ્રાતિ-હાર્યની શોભા, વાણીના પાંત્રીસ ગુણ અને ચોત્રીસ અતિશય....એ વીતરાગદશા અને સર્વજ્ઞતા....ચરાચ વિશ્વને જોવાનું અને જાણવાનું....શત્રુ-મિત્ર પર સમાન મધ્યસ્થ દૃષ્ટિ! આવી અવસ્થા તમને ગમે છે ને! અને કામ શું કરવાનું? ધર્મોપદેશ દ્વારા વિશ્વને સુખી બનાવવાનું.

અરિહંતપદવી કહો કે તીર્થંકરપદવી કહો, કેવી ગંગા જેવી પવિત્ર એ પદવી છે. પદવી શ્રેષ્ઠ છતાં અભિમાનનો લેશ પણ નહીં. પદવી સર્વોત્તમ છતાં તેનો જરાય દુરુપયોગ નહીં. આવી એ પવિત્ર પદવી છે. ત્રણ રત્નોની એ પવિત્રતા છે! ગંગા ત્રણ પ્રવાહોથી પવિત્ર છે ને! તમે તીર્થંકરપદવીની કામના કરો, અભિલાષા રાખો એ સર્વથા ઉચિત છે.

પરંતુ એ માટે જગતના સર્વ જીવો પ્રત્યે ભાવકરુણા ધારણ કરજો. સર્વ જીવોના હિતનો જ વિચાર કરજો. કોઇપણ જીવનું અહિત વિચારશો નહીં કે કરશો નહીં. સંસારવર્તી જીવોના દોષ કે અવગુણ જોવાઈ જાય તો તેને નિવારવાની ભાવના રાખજો ને સક્રિય પ્રયત્ન કરજો, પરંતુ દોષ જોઇને એના આત્માને દોષિત ન ઠેરવશો. તિરસ્કાર કે ઘૃણા ન કરશો. પરહિતનો વિચાર તમારાં મનનો મુખ્ય વિચાર બનાવી દેજો.

તીર્થંકરપદવી-અરિહંતપદવી પ્રાપ્ત કરવાના મનોરથ, ભાવના....તમન્ના પ્રગટ થાય.... ત્યારે કે જ્યારે આત્મા

યોગ-ભૂમિકામાં પહોંચ્યો હોય. સંસારનું જ્ઞાનદૃષ્ટિથી અવલોકન કર્યું હોય, સંસારની બાહ્ય સમૃદ્ધિને તુચ્છ, અસાર સમજી તેને ત્યજી દીધી હોય; અથવા તેને ત્યજી દેવાનો દૃઢ સંકલ્પ પેદા થયો હોય.

સર્વપ્રકારની શ્રેષ્ઠ....સર્વોત્તમ સમૃદ્ધિમાં તીર્થંકર-પદવીની સમૃદ્ધિ ટોચની સમૃદ્ધિ ગણાય છે; ને એ જ સાચી સમૃદ્ધિ છે. 'સર્વસમૃદ્ધિ' ના આ અષ્ટકમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ છેલ્લી સમૃદ્ધિ 'તીર્થંકરપદવી' ની બતાવી અષ્ટકપૂર્ણ કરે છે; ને આત્માને તીર્થંકરપદવીની પ્રાપ્તિના ઉપાયો તરફ વળવા નિર્દેશ કરતા જાય છે. તીર્થંકરપદવીનું કાર્ય છે જગતને દુઃખથી ઉદ્ધારવાનું! માટે તે શ્રેષ્ઠ પદવી છે.



ॐ ह्रीँ अर्हं नमः

कर्म विपाक-चिन्तन



२१

दुःखं प्राप्य न दीनः स्यात् सुखं प्राप्य च विस्मितः ।
मुनिः कर्मविपाकस्य जानन् परवशं जगत् ॥१॥१६१॥

શ્લોકાર્થ

સાધુ કર્મના વિપાકને પરાધીન બનેલા જગતને જાણતા દુઃખ પામી દીન ન થાય અને સુખ પામી વિસ્મયવાળા ન થાય.

શ્લોક વિવેચન

સંપૂર્ણ જગત,

કર્મોની પરાધીનતા !

કર્મોના પારતંત્ર્યમાં કોઈ દીન છે, કોઈ હીન છે તો કોઈ અભિમાની છે, કોઈ ઘેર ઘેર ભીખ માગે છે, કોઈ મહેલોમાં મસ્ત થઈ મહાલે છે. કોઈ ઈષ્ટ વિયોગમાં કરુણ ક્રંદન કરે છે, કોઈ ઈષ્ટના સંયોગમાં સ્નેહનું સંવનન કરે છે.... કોઈ રોગ-વ્યાધિથી ઘેરાઈ વલવલતો વિલાપ કરે છે, કોઈ નિરોગી કાયાના ઉન્માદમાં પ્રલાપ કરે છે.

કર્મોના કેવા કઠોર વિપાકો છે ! જ્ઞાનાવરણીય કર્મના વિપાકથી અજ્ઞાનતા, મૂર્ખતા, મૂઢતા.... જન્મે છે. દર્શનાવરણીય કર્મના ઉદયથી ઘોર નિદ્રા, અંધાપો, મિથ્યા પ્રતિભાસ.... વગેરે પ્રાપ્ત થાય છે. મોહનીય કર્મના વિપાક તો અતિભયાનક છે ! અવળી જ સમજ ! પરમાત્મા, સદ્ગુરુ અને સદ્ધર્મ અંગેની ઊંધી જ કલ્પના.... હિતકારીને

અહિતકારી માને, અહિતકારીને હિતકારી માને. ક્રોધથી ધુંધવાય, માનના શિખરે ચઢીને પટકાય, માયાજાળને બિછાવે! લોભકુણિધર સાથે ખેલ કરે! મોહનીય કર્મના વિપાકો કેવા ભયાનક છે.. ક્ષણમાં રાજી ને ક્ષણમાં નારાજ! ક્ષણમાં હર્ષ ને ક્ષણમાં શોક.. વાતવાતમાં ભય અને વાતવાતમાં જુગુપ્સા! પુરુષને સ્ત્રી ભોગ-સંભોગના અભિલાષ અને સ્ત્રીને પુરુષનું શરીર સુખ મેળવવાની ઝંખના. નપુંસકને સ્ત્રી પુરુષ બંને તરફ આકર્ષણ! અંતરાયકર્મના વિપાકો પણ કેવા જટીલ અને ચોક્કસ પ્રકારના છે! પાસે આપવાની વસ્તુ હોય, લેનાર સુયોગ્ય સુપાત્ર વ્યક્તિ હોય છતાં આપવાની ઇચ્છા ન થાય.. વસ્તુ સામે હોય, ગમતી હોય છતાં ન મળે! સ્ત્રી....વસ્ત્ર....બંગલો હોવા છતાં એનો ઉપભોગ ન કરી શકે! ભોજન મનગમતું તૈયાર હોય છતાં ખાઇ ન શકે... તપશ્ચર્યા કરવાના ભાવ ન જાગે!

મુનિ કોઇને ઊંચ કૂળમાં જન્મેલો જુએ, કોઇને નીચ કુળમાં જન્મેલો જુએ.... તેનું સમાધાન આ રીતે કરે: 'આ ગોત્ર કર્મના વિપાક છે!' મુનિ કોઇને નિરોગી મસ્ત શરીરવાળો જુએ ને કોઇને દુર્બળ, રોગી અને સડી ગયેલી કાયાવાળો જુએ.... તેનું સમાધાન આ રીતે કરે: 'આ સાતા-અસાતા વેદનીય કર્મનો વિપાક છે.' મુનિ કોઇ જીવને મનુષ્યરૂપે જુએ છે, કોઇને પશુરૂપે જુએ છે, કોઇને દેવરૂપે જાણે છે ને કોઇને નરકરૂપે જાણે છે.... આવું કેમ?' એનું સમાધાન મુનિ આ રીતે કરે છે:

'આ આયુષ્યકર્મ અને ગતિનામકર્મનો વિપાક છે!' મુનિ કોઈને બાલ્યવયમાં મરતો જુએ છે, કોઈને યુવાનવયમાં તો કોઈને વૃદ્ધાવસ્થામાં મરતો જુએ છે.... તેમને દુઃખ, શોક કે આશ્ચર્ય થતું નથી! તેઓ સમાધાન કરે છે: 'આ આયુષ્યકર્મના વિપાક-પરિણામ છે.'

મુનિ કોઈને સૌભાગી, કોઈને દુર્ભાગી, કોઈને યશસ્વી કોઈને અપયશવાળો, કોઈને મધુરસ્વરવાળો કોઈને કર્કશ સ્વરવાળો, કોઈને રૂપવાન, કોઈને કદરૂપો કોઈને હંસગતિ તો કોઈને ઊંટગતિ....જુએ છે....તેમને કોઈ હર્ષ કે શોક થતો નથી, "આ બધું નામકર્મનું પરિણામ છે." આ સમાધાન કરે છે.

મુનિ પોતાના જીવનમાં પણ આવી વિષમતાઓ જુએ છે ત્યારે તે 'આમ કેમ બન્યુ ? આવુ કેવી રીતે બને ?" આ રીતે મુંઝાતો નથી! "એ **કર્મના વિપાકોનું વિજ્ઞાન** જાણતો હોય છે! તેની પાછળ રહેલું **કર્મના બંધનું વિજ્ઞાન** પણ એની પાસે હોય છે...એ દીનતા ન કરે, એ હર્ષોન્માદ ન કરે. સુખ અને દુઃખનાં દ્વન્દ્વ એ વિજ્ઞાની મુનિના ચિત્તમાં હર્ષ-શોકનાં વમળ પેદા કરી શકતાં નથી. પોતાને તે સુખી કે દુઃખી માનતા નથી. કર્મના ઉદય, પછી ભલે ને શુભ હોય કે અશુભ, તેમાં તે સુખ-દુઃખની કલ્પના કરતા નથી.

દીનતા અને હર્ષોન્માદના ચકાવામાંથી મુક્ત બનવાનો આ એક વૈજ્ઞાનિક માર્ગ છે. જગતને કર્મપરવશ જાણો.

સંસારની પ્રત્યેક ઘટના પાછળ કર્મ-તત્ત્વની ઊંડી અને વાસ્તવિક સમજ મેળવો. એ સમજ તમને દીન નહીં બનવા દે, વિસ્મિત નહીં થવા દે. દીનતા અને વિસ્મય જતાં તમે અંતરંગ આત્મસમૃદ્ધિ તરફ વળશો.

येषां भ्रूभङ्गमात्रेण भज्यन्ते पर्वता अपि ।
तैरहो कर्मवैषम्ये भूपैर्भिक्षाऽपि नाप्यते ॥ २ ॥ १६२ ॥

શ્લોકાર્થ

જેઓના ભ્રૂકુટીના ચઢાવા માત્રથી પર્વતો પણ તૂટી પડે છે તેવા બળવાન રાજાઓ પણ કર્મની વિષમતા આવી પડે છે ત્યારે ભિક્ષા પણ મેળવી શકતા નથી. એ આશ્ચર્ય છે!

શ્લોક વિવેચન

કર્મોની કેવી કુટિલ વિષમતા!

રાજાઓ રસ્તાના રખડતા ભિખારી બની જાય! ભીખ માગવા છતાં ભીક્ષા ન મળે! જે સમ્રાટોની ભૃકુટી ચઢે ને હિમાદ્રી જેવા પર્વતો ધ્રુજી ઉઠે... સમ્રાટના સૈન્યના આક્રમણથી પર્વતનાં શિખરો તૂટી પડે... શત્રુઓના હાંજા ગગડી જાય... પૃથ્વીનાં પડ ઉકલી જાય.... તે રાજાઓ.... મહારાજાઓ.... સમ્રાટો... જ્યારે કર્મો વિફરે છે ત્યારે રાંક...દીન ને ગરીબ બની જાય છે!

પ્રાચીન ઈતિહાસના પાને અંકાયેલા એવા અનેક રાજા-મહારાજાઓનાં પતન... એકાએક થયેલાં અધઃપતન

તમે વાંચ્યા હશે.... કોઈના પ્રત્યે તમારું હૃદય સહાનુભૂતિથી દ્રવી ઊઠ્યું હશે ત્યારે કોઈના પ્રત્યે "એ એવા જ લાગનો હતો...." એમ કઠોર સંતોષ પણ અનુભવ્યો હશે.... પરંતુ આવું એકાએક પતન શાથી? જેનું નામ વિશ્વના દરબારોમાં ગાજતું હતું... તેનું એકાએક પતન શાથી?' આ પ્રશ્નનું સત્ય સમાધાન તમે મેળવ્યું છે?

રશિયાનો ક્રુશ્ચેવ! અમેરિકાના માંધાતાઓ પણ એનાથી ધ્રુજતા હતા..એના આગ ઝરતા શબ્દો વિશ્વના એક એક માનવીને બાળતા હતા. જેણે રશિયાના સ્ટાલીન. લેનીન અને બુલ્ગાનીનને પણ જનમનમાંથી ભૂંસી નાંખ્યાં હતા અને સ્ટાલીન...લેનીનની કબરો ખોદી કાઢી તેમનાં મડદાં પણ ફેંકી દીધાં હતાં...તે ક્રુશ્ચેવનું એક રાતમાં પતન! આજે તેનું નામ નિશાન ન રહ્યું...

અમેરિકાના કેનેડી! U. S. A. ના પ્રેસીડેન્ટ! ક્ષણવારમાં ગોળીથી વિંધાઈ ગયા...દુનિયાના ફલકપર અનેકવાર થતા આવાં પતન અને વિનાશ...એની પાછળ એક અદૃશ્ય છતાં સત્ય, અરૂપી છતાં વાસ્તવિક તત્ત્વ કામ કરી રહ્યું છે, એ જાણો છો?

એ તત્ત્વ છે કર્મતત્ત્વ.

યશ, સૌભાગ્ય, કીર્તિ, સત્તા, બળ...વગેરે 'શુભ કર્મ' નાં ફળ છે, પરંતુ એ શુભ કર્મો, કે જે આત્મા પર લાગેલાં છે, તેની કાળમર્યાદા હોય છે. એ કાળમર્યાદા

સામાન્ય માનવી જાણતો નથી...તેથી તે એની લાંબી કાળમર્યાદા સમજી લે છે! પરંતુ એની કલ્પનાથી ઓછી કાળમર્યાદાવાળાં શુભ કર્મો જ્યારે પુરાં થઈ જાય છે ને અશુભ કર્મોનો અચાનક ઉદય આવી જાય છે ત્યારે આવી અકસ્માત પતન અને વિનાશના અકસ્માતો સર્જાઈ જાય છે.

અપયશ, દૌર્ભાગ્ય, અપકીર્તિ, નિર્બળતા અને સત્તાભ્રષ્ટતા અશુભ કર્મોનું પરિણામ છે! આરબ નેતા નાસરને નાનકડા દેશ ઇઝરાઈલે અપયશ આપ્યો, અપકીર્તિનો કાળો ટીકો કર્યો અને નાસર 'નબળા આદમી' તરીકે બહાર આવ્યા! શાથી? એમના શુભ કર્મોની કાળમર્યાદા પુરી થઈ ગઈ.... અશુભ કર્મોએ એમના આત્માનો કબજો લઈ લીધો!

હા, ફરીથી શુભ કર્મ, ઉદયમાં આવી શકે. અશુભ કર્મોની કાળમર્યાદા પુરી થઈ જતા શુભ પુનઃ ઉદયમાં આવે!

બીજી પણ વિચિત્રતા છે, અમુક અશુભ કર્મોનો ઉદય ચાલુ હોય ત્યારે અમુક શુભ કર્મો પણ સાથે ઉદયમાં હોઈ શકે. પરંતુ પ્રતિપક્ષી નહીં! દા. ત. યશનો ઉદય હોય ત્યારે તેનું પ્રતિપક્ષી અપયશ-અશુભ કર્મ ઉદયમાં ન આવી શકે પરંતુ રોગીપણું કે જે અશુભ કર્મ છે, તેનો ઉદય હોઈ શકે; કારણ કે રોગીપણું એ યશનું પ્રતિપક્ષી કર્મ નથી!

કર્મો જ્યાંસુધી અનુકૂળ હોય છે ત્યાંસુધી બહુ જીવ પ્રમાદ કરે; ગર્વ કરે; પરંતુ જ્યાં કર્મોની વિષમતા પેદા

થઈ, જીવના ઉધમાત મરી જાય છે, ગર્વ ગળી જાય છે ને તે જગતમાં પ્રશંસાપાત્ર બને છે. કર્મોની વિષમતાઓનું વિજ્ઞાન મેળવો.

जातिचातुर्यहीनोऽपि कर्मण्यभ्युदयावहे ।
क्षणाद् रङ्कोऽपि राजा स्यात् छत्रछन्नादिगन्तरः ॥३॥१६३॥

શ્લોકાર્થ

અભ્યુદય કરનારા કર્મનો ઉદય હોય છે ત્યારે જાતિ અને ચતુરાઇથી હીન હોવા છતાં પણ, રંક હોવા છતાં પણ ક્ષણમાં, છત્ર વડે ઢાંકયું છે દિશામંડળ જેણે, એવો રાજા થાય છે.

શ્લોક વિવેચન

એની જાતિ હીન છે,

એની ચતુરાઇનાં ઠેકાણાં નથી,

છતાં તે ચુંટણીમાં ચુંટાઇ આવે છે! પ્રધાન બની જાય છે! આજે તો રાજા કોઈ બની શકતું નથી ને! રાજાઓનાં રાજસિંહાસન છીનવી લેવાયાં... ને આજના પ્રધાનો રાજાઓના પણ રાજા બની ગયા!

'જાતિવિહીન સમાજ-રચના' નો આજે પવન ફુંકાઇ રહ્યો છે એટલે જે હીનજાતિના હતા તેમને ઈરાદાપૂર્વક ઉચ્ચસ્થાને બેસાડવામાં આવે છે.... ને ઉચ્ચજાતિના બુદ્ધિશાળી વર્ગને હીનદૃષ્ટિથી જોવામાં આવે છે.... આંતરજાતીય લગ્નો કરવામાં આવે છે.... ને એવાં લગ્ન કરનારને સરકાર

[illegible] હોત ! બુદ્ધિ અને આત્મબળ પુરુષ "મોટો માણસ" બની શકે [illegible] અને બુદ્ધિશાળી [illegible] પુરુષ [illegible] ભોગવતો હોય !

યશ, કીર્તિ, સૌભાગ્ય, સુસ્વર, આદેયતા.... વગેરે કર્મો ઉચ્ચ જાતિ કે નીચ જાતિ જોતાં નથી... તેવી રીતે અપયશ, અપકીર્તિ, દુર્ભાગ્ય, દુસ્વર, અનાદેયતાને ઉચ્ચજાતિ સાથે આભડછેટ નથી ! આજે સ્વતંત્ર ભારતનું જે બંધારણ અસ્તિત્વમાં છે, તે બંધારણ બનાવનાર ડૉ. આંબેડકર કોણ હતા ? ઢેડ હતા ! આજના કોંગ્રેસ પ્રમુખ કામરાજ કોણ

છે ? ઢેડની જાતિના ! આજના ભારતના રાષ્ટ્રપતિ કોણુ છે ? ડા. જાકીરહુસેન મુસલમાન છે, કે જે મ્લેચ્છ કહેવાય ! ભારતનાં આવાં સર્વોચ્ચ પદોએ હીનજાતિના માણુસો બેઠેલા છે, તેમાં કોણુ કારણુ છે ? શુભકર્મોનો ઉદય !

જયારે ઉચ્ચજાતિના માણુસોની કીર્તિ જાણે ખોવાઇ ગઈ છે! સૌભાગ્ય અને આદેયતા લુપ્ત થઈ ગઈ છે! શંકરાચાર્ય જેવા ત્રીસ કરોડ હિન્દુઓના ધર્મગુરુને સરકારે જેલમાં બેસાડી દીધા...એમની ગોરક્ષાની વાત સરકારે ન સાંભળી; તેમનો અનાદર કર્યો !

આ બધા કર્મોનાં ખેલ છે! કોઈ હર્ષ-શોક કરવાની જરૂર નથી. એક કવિએ કહ્યું છે ને-

કબહીક કાજી કબહીક પાજી
કબહીક હુઆ અપ ભ્રાજી
કબહીક કીર્તિ જગમેં ગાજી
સબ પુદ્ગલ કી બાજી....

કયારેક તને કોઈ 'કાજી' કહે છે, એક દિવસે તને જ તે લોકો 'પાજી' કહે છે! કયારેક વળી તારી કીર્તિ જગતમાં ફેલાય છે! આ બધી કર્મ-પુદ્ગલની બાજી છે! આજે આવાં અનેક દૃષ્ટાંત જોવા મળે છે. કામરાજ (કોગ્રેસ પ્રમુખ) ને કોણુ ઓળખતું હતું ? ને આજે સમગ્ર ભારત પર એ છવાઇ ગયા છે! પરંતુ એ દિવસ પણુ જોવા મળશે કે એમને કોઇ ઓળખશે પણુ નહીં ! શુભ કર્મોના ઉદયની કાળમર્યાદા પુરી થાય એટલી વાર છે!

[illegible] અને મૂંઝાઈ ગયા. કર્મોની આ અગમ્યતાનો તાગ કેવળજ્ઞાની સિવાય કોણ પામી શકે એમ છે ?

" [illegible] કંગાલ,
ગલતી પડતી [illegible] રોતી ટેઢી [illegible] ચાલ."

विषमा कर्मणः सृष्टिर्दृष्टा करभपृष्ठवत् ।
जात्यादिभूतिवैषम्यात् का रतिस्तत्र योगिनः ॥ ४ ॥ १६४ ॥

શ્લોકાર્થ

ઊંટની પીઠના જેવી કર્મની રચના, જાતિ આદિની ઉત્પત્તિના વિષમપણાથી સરખી નહિ એવી જાણેલી છે; તેમાં યોગીને શી પ્રીતિ થાય ?

શ્લોક વિવેચન

ઊંટનાં અઢાર વાંકાં !

કર્મોનાં અનંત વાંકાં !

સર્વત્ર વિષમતા ! કર્મોની સર્જેલી દુનિયા વિષમતાઓથી જ ભરેલી છે. ક્યાંય એકસમાનતા નહીં. જાતિમાં વિષમતા, કુળમાં વિષમતા, શરીર....વિજ્ઞાન....આયુષ્ય... બળ...ભોગ...બધામાં વિષમતા ! યોગી પુરુષને આવી કર્મસર્જિત દુનિયામાં પ્રીતિ શું થાય ?

* વિશ્વમાં વિષમતાઓનું દર્શન કરો.
* વિષમતાઓનું દર્શન થયા પછી વિશ્વ પર પ્રીતિ નહીં થાય.
* તેથી આસક્તિ ઘટશે.

* તેથી હિંસા, જૂઠ, ચોરી, દુરાચાર ને પરિગ્રહનાં પાપ ઘટશે.
* ત્યારે મોક્ષ તરફ દૃષ્ટિ જશે.
* કર્મનાં બંધન તોડવાનો પુરુષાર્થ થશે
* કોઈપણ જીવના દુઃખમાં તમે નિમિત્ત નહીં બનો.
* તમે યોગી બની જશો.

'પ્રશમરતિ' ગ્રંથમાં ભગવાન ઉમાસ્વાતિજીએ કહ્યું છે:

"जातिकुलदेहविज्ञानायुर्बलभोगभूतिवैषम्यम् ।
दृष्ट्वा कथमिह विदुषां भवसंसारे रतिर्भवति ॥"

'જાતિ, કુલ, શરીર, વિજ્ઞાન, આયુષ્ય, બળ અને ભોગોની વિષમતા જોઇને વિદ્વાનોને (જન્મમરણરૂપ) સંસારમાં કેમ પ્રીતિ થાય?'

જો તમને તમારી જાતિની ઉચ્ચતામાં રતિ-ખૂશી થાય છે, જો તમને તમારા કુલની મહત્તા ગાવામાં આનંદ આવે છે, જો તમને તમારા શરીરના સૌન્દર્યમાં હર્ષ થાય છે, જો તમને તમારા કલા-વિજ્ઞાન પર રાજીપો થાય છે. તમને તમારા આયુષ્ય પર ભરોસો છે. જો તમે તમારા દ્રવ્યબળ પર, શરીરબળ પર, સ્વજનબળ પર મુસ્તાક છો, જો તમને તમારાં ભોગસુખો લલચાવે છે, તો તમે એ બધામાં રહેલી વિષમતા જોઇ નથી એ નિશ્ચિત થાય છે વિષમતા દેખાય ત્યાં રતિ ન થાય, ખૂશી ન થાય. રતિ-ખૂશી જ્યાં થાય ત્યાં વિષમતા નથી દેખાતી.

આ માનસિક અને શારીરિક વેદનાઓના ભોગ આપણે ન બનીએ તે માટે અહીં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ 'વિશ્વવિષમતા' જોવાનું કહે છે.

કોઈની જાતિનું ઉચ્ચપણું કે નીચપણું સમાન રહેતું નથી ! કોઈના કુલની વિશાળતા કે ભવ્યતા એકસમાન રહેતી નથી. કોઈના શરીરનું આરોગ્ય એકસરખું રહેતું નથી. કોઈનું કલાવિજ્ઞાન એકસમાન ટકતું નથી. કોઈનું આયુષ્ય પોતાની ધારણા મુજબ રહેતું નથી· કોઈનું બળ એકધારૂં ટકતું નથી. કોઈને ભોગ સામગ્રી એક સરખી નિરંતર મળતી નથી ! આનું નામ છે વિષમતા.

આ વિષમતા જન્મે છે કર્મોમાંથી. ભગવાને આવું વિષમતાભર્યું વિશ્વ પેદા કર્યું નથી ! ભગવાને તો આવા વિષમતાભર્યા વિશ્વનું દર્શન કરાવ્યું છે. આ સૃષ્ટિ ઇશ્વર–સર્જિત નથી પરંતુ કર્મસર્જિત છે. જીવ પોતે જ તેવાં તેવાં કર્મોની પોતાની આસપાસની દુનિયા રચે છે. ઉન્નતિ ને

અવનતિ, આબાદી ને બરબાદી, ઉત્થાન અને પતન.... કર્મસર્જિત છે. સુખ અને દુઃખ, શોક અને હર્ષ, આનંદ અને વિષાદ....આ બધાં કેન્દ્રો કર્મની પેદાશ છે.

વિદ્વાન્ પુરુષ, યોગીપુરુષ આવી દુનિયામાં રાચતો નથી....આ દુનિયામાં તે વિષમતાઓ જુએ છે!

आरूढाः प्रशमश्रेणिं श्रुतकेवलिनोऽपि च ।
भ्राम्यन्तेऽनन्तसंसारमहो दुष्टेन कर्मणा ॥ ५ ॥ १६५ ॥

શ્લોકાર્થ

ઉપશમશ્રેણિ ઉપર ચઢેલાઓ અને ચૌદ પૂર્વધરો પણ અહો, આશ્ચર્ય છે કે દુષ્ટ કર્મ વડે અને અનંત સંસાર ભમાડાય છે. અર્થાત દુષ્ટ કર્મ અનન્ત સંસાર ભટકાવે છે.

શ્લોક વિવેચન

ઉપશમશ્રેણિ,

પહેલું....બીજું....ત્રીજું.... ચોથું... પાંચમું.... છઠ્ઠું.... સાતમું...ઠેઠ અગ્યારમા ગુણસ્થાનકે પહોંચે! જ્યાં મોહોન્માદ શાન્ત...પ્રશાન્ત ..ઉપશાંત થઈ ગયો હોય. જેમ જેમ મોહ ઘટતો જાય તેમ તેમ ઉપર ઉપરના ગુણસ્થાનકે આત્મા પહોંચતો જાય.

હા, ક્ષપકશ્રેણિવાળો તો એ લપસણા અગિયારમા ગુણસ્થાનકે જતો જ નથી! દશમેથી છલાંગ મારે...બારમે પહોંચે! ત્યાં મોહ ઉપશાંત થાય નહીં, ક્ષય જ પામી

જાય ! બારમે પગથિયે નીચે ન પડે ! તેરમે જઈ વીતરાગ બને...પછી આયુષ્ય પૂર્ણ થયે મોક્ષે [illegible] સિધાવે !

પણ આ તો અગિયારમું ગુણઠાણું...લપસણા પગથિયા તરીકે પંકાયેલું ! આ અગિયારમા પગથિયે મોહનીય કર્મની હાક વાગે ત્યાંથી કોઈપણ શૂરવીર કે મહાવીર ઉપર જઈ શકે જ નહીં, ત્યાં કર્મની જ પ્રબળતા...કર્મનો જ વિજય અને કર્મોનું જ સર્વોપરિપણું !

ભલેને *દશપૂર્વીનું જ્ઞાન હોય ! ચારિત્રનું ઉત્તમ પાલન હોય, ઉછળતો વીર્યોલ્લાસ હોય .. પણ અગિયારમા ગુણઠાણે આવ્યો કે કર્મના પીંજરામાં ફસાયો ! હા, અનંત કાળ સંસારમાં ભટકાવે ! એને ચૌદ પૂર્વધરની પણ શરમ નહીં. એને ઉત્તમ સંયમીની પણ લાજ નહીં ! આ છે કર્મની નિર્લજ્જતા !

અહીં 'કર્મ' તરફ લાલ આંખ કરીને પૂ. ઉપાધ્યાયજી કહે છે: 'दुष्टेन कर्मणा' ! તેઓ જ્યારે ઉપશમશ્રેણીએ ચઢેલા ને ઠેઠ અગિયારમા ગુણસ્થાનકે પહોંચી ગયેલા મહર્ષિને ધક્કો દઈ નીચે પછાડી દેતા 'કર્મ'ને જુએ છે, તેમનાં અંગેઅંગમાં આગ લાગી જાય છે.. તેઓ ધ્રુજી ઉઠે છે.. ને "દુષ્ટ કર્મ" બોલી ઉઠે છે. કર્મના બંધનોને તોડી નાંખવા તેઓ પોકાર પાડી ઉઠે છે.

કર્મોનો છેલ્લો મોરચો એ અગિયારમો "ઉપશાંતમોહ" ગુણસ્થાનકે જ હોય છે; ને તે મોરચો સદા-સર્વદા-સર્વ

---

*જુઓ પરિશિષ્ટ.

માટે અપરાજેય છે! હા, દસમા ગુણસ્થાનકેથી જેઓ સીધા બારમા ગુણસ્થાનકે કુદી જાય છે તેઓ એ મોરચામાં ફસાતા નથી. 'ઉપશાંતમોહ' નો અર્થ જાણો છો? જુઓ એક સામાન્ય દૃષ્ટાન્તથી તે સમજીએ :

એક પાણીથી ભરેલો પ્યાલો છે; પરંતુ તે પાણી સ્વચ્છ નથી, કચરાથી ભરેલું છે. તમારે તે પાણી પીવું છે. તમે તેને ગળી નાંખ્યું, છતાં એમાં ઝીણી રજ દેખાય છે તમે તે ગ્લાસને નીચે મૂકી દેશો. કચરો ધીરેધીરે પાણીની નીચે ઠરતો જશે.... થોડો સમય ધીરજ રાખશો તો કચરો સાવ નીચે બેસી જવાનો અને પાણી સાવ સ્વચ્છ થઈ જવાનું. હા, પાણીમાં કચરો તો છે જ, પરંતુ ઉપશાંત થઈ ગયેલો! તેવી રીતે આત્મામાં મોહ તો હોય પણ નીચે સાવ ઠરી ગયેલો. આત્મા નિર્મલ... મોહરહિત દેખાય! પરંતુ પેલો ગ્લાસ (પ્યાલો) કોઈ હલાવે તો? કચરો ઉપર આવીને પાણીને ગંદુ બનાવી દે છે, તેવી રીતે ઉપશાંત મોહવાળા આત્માને કોઈ હલાવે, કોઈ અડપલું કરી જાય તો મોહ આત્મામાં ફેલાઈ જાય... આત્માને મેલો કરી નાંખે, ડહોળી નાખે!

ઉપશાંત મોહમાં નિર્ભયતા નહીં! હા, મોહ ક્ષીણ થઈ જાય, અર્થાત્ પેલા પાણીને બિલકુલ કચરા વિનાનું જ કરી દેવામાં આવે, પછી એ પાણીના પ્યાલાને ગમે તેટલું હલાવો ને! કચરો આવવાનો જ નહીં! મોહનો સર્વથા ક્ષય થઈ ગયા પછી ચિંતા નહીં! એને સંસારનું કોઈ નિમિત્ત મોહાધીન ન કરી શકે....કર્મોનું કંઈ ન ચાલે.

કર્મોની કઠોર લીલા...ક્રૂર મશ્કરી ક્યાં સુધી હોય છે ! છેક અગિયારમા ગુણસ્થાનક સુધી! ચૌદ પૂર્વના જ્ઞાનવાળા શ્રુતકેવળીઓ પણ ત્યાં હારી જાય. ચૌદપૂર્વધર-શ્રુતકેવળીઓ પણ પ્રમાદને પરવશ પડી અનંતકાળ નિગોદમાં વસે છે! કર્મોની આ ભયંકરતા છે. આવાં કર્મોના વિપાકોનું ચિંતન કરી, એ કર્મોના ક્ષય માટે કમર કસવી જોઈએ.

अर्वाक् सर्वाऽपि सामग्री श्रान्तेव परितिष्ठति ।
विपाकः कर्मणः कार्यपर्यन्तमनुधावति ॥ ६ ॥ १६६ ॥

શ્લોકાર્થ

નજીક રહેલી બીજી બધી ય કારણ સામગ્રી થાકી ગયેલાની પેઠે રહે છે (પરંતુ) કર્મનો વિપાક કાર્યના અંત સુધી પાછળ દોડે છે.

શ્લોક વિવેચન

કર્મનો વિપાક એટલે કર્મનું પરિણામ-ફળ

કોઈપણ કાર્ય, કારણ વિના બની શકતું નથી; અને દરેક કાર્ય પાછળ પાંચ કારણો કામ કરતાં હોય છે.

(૧) કાળ

(૨) સ્વભાવ.

(૩) ભવિતવ્યતા.

(૪) કર્મ

(૫) પુરુષાર્થ.

પરંતુ આ બધામાં પ્રધાન-મુખ્ય કારણ 'કર્મ' છે! કર્મનો વિપાક ઠેઠ કાર્યના અંત સુધી દોડયો આવે છે... બીજાં બધાં કારણો થાકી જાય છે....કોઈ કાર્યની ભૂમિકા રચી આપે છે, કોઇ કાર્યનો પ્રારંભ કરાવી રવાના થાય છે....કોઇ કાર્યની મધ્યમાં જ થાકીને બેસી જાય છે....પરંતુ કર્મ થાકતું નથી. જ્યાં સુધી કાર્ય જન્મે, રહે અને નાશ પામે ત્યાં સુધી કર્મ તો સાથે જ! એને વિશ્રામ જ નહીં.

જેટલો ભય બીજાં કારણોનો નથી તેટલો ભય કર્મનો છે. કર્મનો ક્ષય થતાં બીજાં કારણો તો સહજ રીતે જ દૂર થઈ જાય છે; એ કારણોને દૂર કરવા મહેનત કરવી પડતી નથી. બીજાં કારણો તો કર્મની પાછળ ચાલ્યા કરે છે.

એટલે કર્મના અનુચિંતનમાં; કર્મનો જ ક્ષય જ કરવામાં પુરુષાર્થ કરવાનો છે કર્મનો ક્ષય કરવા માટે મનુષ્યને કર્મે જ અનુકૂળ સામગ્રી આપી છે! પોતાનો ક્ષય કરવા માટે પોતે જ કર્મ સામગ્રી આપી રહ્યું છે!

* તમને મનુષ્ય ગતિ મળી છે?
* તમને આર્યભૂમિમાં જન્મ મળ્યો છે?
* તમને શરીરનું આરોગ્ય મળ્યું છે?
* તમારી પાંચે ઇન્દ્રિયો પરિપૂર્ણ છે?
* તમને વિચારવંતુ મન મળ્યું છે?
* તમને સુદેવ-ગુરુ-ધર્મનો સંયોગ મળ્યો છે?

કર્મોનો નાશ કરવા માટે બીજું તમારે શું જોઇએ

છે ? આનાથી વિશેષ સામગ્રી જોઈએ છે ? શું કર્મોનો નાશ કરવાની ભાવના પણ કર્મ જ જગાડે તેમ ચાહો છો ? કર્મોએ આપેલી સામગ્રીનો સદુપયોગ કરતાં તો આવડતો નથી અને વધુ સામગ્રી મેળવવાની ઝંખના રાખો છો ? તમે નહીં જાણતા હો, કર્મની ક્રૂરતાને ! તમને આપેલી અનુકૂળ સામગ્રીનો સદુપયોગ ન કર્યો તો એ તમને આપેલી સામગ્રી પણ ઝુંટવી લેશે અને તમને એવી સ્થિતિમાં મૂકી દેશે કે તમે તેના નર્યા ગુલામ જ બની જશો !

જો તમે મળેલી સામગ્રીનો સદુપયોગ કરશો, કર્મ તમને તેનાથી પણ ઉચ્ચ સામગ્રી ભેટ ધરશે ! એ સામગ્રી દ્વારા તમે કર્મોનો નાશ કરી શકશો. શું તમે એવાં દૃષ્ટાંતો નથી સાંભળ્યાં ?

કર્મો તમને પ્રત્યક્ષ દેખાતાં નથી એટલે એનો નાશ પણ પ્રત્યક્ષ નહીં દેખાતા એવાં ધર્મ દ્વારા જ કરવો પડે. ધર્મથી કર્મનો નાશ થાય છે. ધર્મ આત્માનો છે. પણ આત્મા સુધી પહોંચવા માટે પાંચ ઇન્દ્રિયો અને મનનો સદુપયોગ કરવો પડે. દુનિયાનાં તુચ્છ સુખોમાં એ ઇન્દ્રિયો ને મનને જોડો નહીં; તો જ તમે આત્મા સુધી પહોંચી શકવાના અને આત્મધર્મને પ્રાપ્ત કરી શકવાના. આત્મ-ધર્મથી કર્મનો ક્ષણમાં ક્ષય થઈ શકે છે. જેમ જેમ કર્મોનો ક્ષય થતો જશે તેમ તેમ અદૃશ્ય ધર્મતત્ત્વ સાથેનો સંબંધ દૃઢ બનતો જશે.

એટલે કાળ, સ્વભાવ, ભવિતવ્યતા વગેરેનો દોષ જોયા

વિના કર્મનો નાશ કેમ કરશો, તે જ વિચાર કરો. જો કર્મને ભૂલીને 'આ કાળ ખરાબ છે...ભવિતવ્યતા સારી નથી...' વગેરે બહાનાં કાઢયાં તો કર્મ ચઢી બેસશે ..દુઃખ, અશાંતિ, કલેશ અને સંતાપમાં શેકાઇ જશો. માટે ધર્મમાં પુરુષાર્થ કરો. કર્મોના ભયની ગંભીરતા સમજો; પ્રમાદને ખંખેરી નાંખી કર્મોનો વિનાશ કરવા કટિબદ્ધ બની જાઓ.

असावचरमावर्ते धर्मं हरति पश्यतः ।
चरमावर्तिसाधोस्तु छलमन्विष्य हृष्यति ॥ ७ ॥ १६७ ॥

શ્લોકાર્થ

આ કર્મવિપાક છેલ્લા પુદ્ગલપરાવર્ત શિવાયના બીજા પુદ્ગલપરાવર્તમાં દેખતાં છતાં ધર્મને હરે છે; પણ ચરમ પુદ્ગલપરાવર્તમાં વર્તતા સાધુનાં છિદ્ર શોધીને ખુશ થાય છે

શ્લોક વિવેચન

ચરમ પુદ્ગલપરાવર્ત કાળ,
અ-ચરમ પુદ્ગલપરાવર્ત કાળ !

'પુદ્ગલપરાવર્ત' કોને કહેવાય, તેનું જ્ઞાન પરિશિષ્ટમાંથી મેળવજો. અહીં તો કર્મનો કાળ સાથે, કાળના માધ્યમથી આત્મા સાથે કેવો મેળ-કુમેળ છે, તે બતાવવામાં આવ્યું છે. જયાં સુધી આત્મા છેલ્લા પુદ્ગલપરાવર્તકાળમાં ન પ્રવેશ્યો હોય ત્યાં સુધી કર્મ આત્મ... સમજવા જ ન

કર્મોનાં બંધનથી આત્માને મુક્ત કરવાનો વિચાર પણ અ-ચરમાવર્તકાળમાં ન આવે... હા, ધર્મ કરતો દેખાય, પરંતુ એ ધર્મસાધના સંસારવૃદ્ધિ માટે જ થાય !

ચરમાવર્તકાળમાં ? આત્મધર્મ સમજાય. આત્મધર્મની આરાધના–ઉપાસના પણ થાય. હા. એક વાત છે...આત્માને કર્મબંધનથી મુકત કરવા મથતા મુનિની આસપાસ કર્મ ચક્કર લગાવ્યા કરે ! છિદ્ર શોધે ! કોઈ બાકોરું દેખાઇ જાય કે પેસી જાય અને મુનિના મુક્તિ–પુરુષાર્થને પાંગળો બનાવી દે ! રૂકાવટો ઊભી કરી દે ! એટલે મુનિએ કોઇ છિદ્ર ન પડવા દેવું જોઇએ, કોઈ બાકોરું ન રહેવા દેવું જોઇએ.

પ્રમાદનાં છિદ્રોમાંથી કર્મ પ્રવેશે છે !

નિદ્રા, વિષય, કષાય, વિકથા અને મદ્યપાન આ પાંચ ભેદ: પ્રમાદ છે. મુનિએ નિદ્રા પર સંયમ મેળવવાનો હોય છે. રાત્રિના બે પ્રહર = છ કલાક જ નિદ્રા લેવાની છે...ને પણ ગાઢ નિદ્રા નહીં. દિવસે નિદ્રાનો ત્યાગ કરવાનો હોય છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાંથી કોઈપણ વિષયમાં આસક્તિ કરવાની નથી. ક્રોધ-માન-માયા અને લોભ-આ ચાર કષાયોને પરવશ થવાનું નથી; વિકથાઓમાં ડૂબાઈ જવાનું નથી. સ્ત્રીઓ અંગેની વાતો સાધુથી ન કરાય. ભોજનવિષયક વાતોથી વેગળા રહેવાનું છે. દેશની અને રાજા-પ્રધાનોની કપટપૂર્ણ અને કાવા-દાવાઓથી ભરેલી વાતોમાં એણે રસ લેવાનો નથી. મદ્યપાન તો સાધુને હોય જ શાનું? જો સાધુ આ પાંચ પ્રમાદોથી અળગો રહે તો કર્મને પ્રવેશવાનો કોઈ માર્ગ જ ન મળે! બાકી તો સારેકોર ચક્કર માર્યા કરે!

તાત્પર્ય એ છે કે મુનિ જો કર્મને માર્ગ આપે તો કર્મ એને સતાવે! માર્ગ ન આપે તો કર્મ એનું કંઈ અહિત ન કરી શકે. માર્ગ આપવો કે નહીં, તે મુનિ પર નિર્ભર છે! પ્રમાદના આચરણને પણ 'કર્મકૃત' માનીને જો ચાલે, તો તે પટકાય જ! તેનું પતન જ થાય. ચરમાવર્તકાળમાં પ્રમાદના સેવનમાં કર્મનો હાથ નથી, આ વાત સમજવી જોઈએ. કર્મોની કુટિલતા સમજ્યા વિના આ વાત ગળે ઉતરે એમ નથી. માટે કર્મનું અનુચિંતન ખૂબ કરવું જોઈએ. કર્મના વિપાકોનો વિચાર કંપાવી મૂકે!

[illegible]

[illegible]

[illegible]

[illegible] (યોગી) જ્ઞાનાનંદ[illegible]

શ્લોક વિવેચન

યોગીરાજ, તમે યોગી અમર છો:
જ્ઞાનાનન્દ અમૃતનો ભોગ કરનારા...!
તમારા હૃદયમાં કર્મ-વિપાકનું ચિંતન
અને તમારા મુખ પર સમતાનું સંવેદન !

કર્મનાં વિપાકોના ચિંતન વિના સમભાવનું વેદન ન થાય. સમભાવના વેદન વિના જ્ઞાનાનન્દનું અમૃતપાન ન થઇ શકે; એટલે આ શ્લોકમાંથી ત્રણ વાતો ફલિત થાય છે:

(૧) કર્મવિપાકનું ચિંતન.

(૨) સમભાવ.

(૩) જ્ઞાનાનંદનો અનુભવ.

કર્મવિપાકના ચિંતનમાંથી સમભાવ પ્રગટવો જોઇએ; અર્થાત્ જગતના સર્વજીવો પ્રત્યે સમત્વ પ્રગટવું જોઇએ... ન કોઇના પ્રત્યે રાગ કે ન કોઇના પ્રત્યે દ્વેષ. મિત્ર પર રાગ નહીં, શત્રુ પર દ્વેષ નહીં. કર્મકૃત ભાવો તરફ હર્ષ-શોક ન થાય ! આ કર્મ વિપાકના ચિંતનથી જ શક્ય બને.

જો આપણને રાગ-દ્વેષ, હર્ષ-શોક થાય છે, તો આપણું ચિંતન કર્મ-વિપાક ચિંતન નથી, એમ માનવું જ જોઇએ. રાગ-દ્વેષ થાય છે, હર્ષ-શોક થાય છે, રતિ-અરતિ થાય છે; તેના કારણ તરીકે કર્મનો દોષ ન જોતાં, "હું કર્મ-વિપાકનું ચિંતન નથી કરતો માટે થાય છે." આ સમાધાન વધુ સારૂં છે. કર્મ વિપાકના ચિંતન વિના રાગ-દ્વેષ ઘટતા નથી. જે મહાત્માઓએ મરણાંત ઉપસર્ગો થવાના પ્રસંગે કોઇ દ્વેષના વલોપાત ન કર્યો; તેની પાછળ શું હતું? "તેમની તો પૂર્વ ભવોની આરાધના હતી...' એમ કહીને આપણે સમાધાન કરી, કેવી ભૂલ કરીએ છીએ? તેઓનું કર્મ-વિપાકનું ચિંતન તેમની સમતામાં, સમભવમાં અસાધારણ કારણ હતું, એમ માનવાની જરૂર છે એ ચિંતન આત્મસાત્ થઇ જવું જોઇએ જીવનમાં આવતા પ્રસંગોમાં.... સદૈવ 'કર્મ-વિપાક'નું વિજ્ઞાન ઉપયોગી બનાવવામાં આવે તો કસોટીના ટાણે સમભાવ રાખવો સરળ બને.

અને સમભાવ વિના જ્ઞાનાનન્દ ક્યાંથી પ્રગટે? જ્ઞાનાનન્દ સમભાવમાંથી પ્રગટે છે રાગ-દ્વેષના ઉકળાટ શાંત થયા પછી જ જ્ઞાનનો આનંદ, આત્માનંદ પ્રગટ થાય છે. રાગ-દ્વેષમાંથી પ્રગટતો આનંદ વિષયાનંદ હોય છે; તેને જ્ઞાનાનંદ માની લેવાની ભૂલ ન થવી જોઇએ. નિરંતર જ્ઞાનાનન્દનો ઉપભોગ કરવા માટે સમભાવને અખંડિત રાખવો જોઇએ. સમભાવને ખંડિત ન થવા દેવા માટે કર્મ-વિપાકનું ચિંતન સતત રાખવું જોઇએ. કેવો વ્યવસ્થિત ક્રમ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે બતાવ્યો છે!

સંસારમાં દેખાતી વિષમતાઓનું સમાધાન 'કર્મવિપાક'ના વિજ્ઞાન દ્વારા ન કરવામાં આવે તો?

તો? સંસારના જીવો પ્રત્યે દ્વેષ થવાનો, રાગ થવાનો. રાગ અને દ્વેષમાંથી અનેક અનિષ્ટો પેદા થવાનાં. હિંસા, જૂઠ, ચોરી, દુરાચાર, પરિગ્રહ, ક્રોધ, માન, માયા અને લોભ વગેરે સેંકડો દોષો પેદા થવાના....એમાં જીવોનું જીવન જીવોના હાથે જ બિનસલામત બની જવાનું. અરસ-પરસ શંકા, ઘૃણા, દ્વેષ અને વૈરવિરોધ વધી જવાના. તેથી વિષમતાઓ વધતી જ જવાની! મોક્ષમાર્ગની આરાધના તો દૂર જ રહી જવાની

દૂર ક્યાં જાઓ? ભૂતકાળની ઘટનાઓ પણ જોવાની જરૂર નથી, આજના વિશ્વમાં જ દૃષ્ટિપાત કરો. જે જીવો આ કર્મવિજ્ઞાન નથી જાણતા; તેઓનાં જીવન જુઓ! તેઓ કેટલા અશાન્ત છે? કેટલા ચિંતાતુર છે? આત્માથી, પરમાત્માથી ને ધર્મથી તેઓ કેટલા દૂર જઈ પડ્યા છે?

તમે તો મુનિરાજ છો! મોક્ષમાર્ગે ચાલી, કર્મોનાં બંધન તોડી શુદ્ધ....બુદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવી છે; તે માટે તમારે તો આ 'કર્મવિજ્ઞાન'ને ખૂબ પચાવવું જોઈએ. તેના આધારે સમભાવના સ્વામી બનવું જોઈએ....બસ, જ્ઞાનાનન્દ પરાગના ભોગી ભ્રમર બની જવાના. જ્યાં સમભાવ ખંડિત થતો લાગે, ઝટ કર્મવિપાકના ચિંતનમાં પ્રવેશ કરજો.

★

ॐ ह्रीं अर्हं नमः

मनोदग



२. २.

यस्य गम्भीरमध्यस्याज्ञानवज्रमयं तलम् ।
रुद्धा व्यसनशैलौघैः पन्थानो यत्र दुर्गमाः ॥ १ ॥

पातालकलशा यत्र भृतास्तृष्णामहानिलैः ।
कषायाश्चित्तसंकल्पवेलावृद्धिं वितन्वते ॥ २ ॥

स्मरौर्वाग्निर्ज्वलत्यन्तर्यत्र स्नेहेन्धनः सदा ।
यो घोररोगशोकादिमत्स्यकच्छपसंकुलः ॥ ३ ॥

૩. જ્યાં મધ્યમાં હંમેશાં સ્નેહરૂપ ઇંધનવાળો કામરૂપ વડવાનલ બળે છે. (અને) જે ભયંકર રોગ–શોકાદિરૂપ માછલાં અને કાચબાથી ભરેલો છે.

૪. દુર્બુદ્ધિ, મત્સર અને દ્રોહરૂપ વિજળી–વાવાઝોડાં અને ગર્જના વડે જ્યાં વહાણવટી લોકો તોફાનરૂપ સંકટમાં પડે છે.

૫. તે ભયંકર સંસાર–સમુદ્રથી હંમેશાં ભયભીત થયેલા જ્ઞાની પુરુષ તેને તરવાના ઉપાયને સર્વ પ્રયત્નથી ઇચ્છે છે.

શ્લોક વિવેચન

સંસાર!

જે સંસારને અનંત જીવો મોહી રહ્યા છે; તે સંસાર કેવો છે? મોક્ષદશાને વરેલા પરમ આત્માઓ એ સંસારને કેવો જોઇ રહ્યા છે? એ સંસારને તમે જુઓ, ઉદ્વેગ થઇ જશે....અપ્રીતિ થઈ જશે! ને એ જ કરવું છે ને! સંસારની આસક્તિ....સંસારની પ્રીતિ તૂટ્યા વિના શાશ્વત ....અનંત....અવ્યાબાધ સુખ મળી જ ન શકે! અહીં સંસારનું જે વાસ્તવિક....યથાર્થ સ્વરૂપ બતાવ્યું છે, તે જુઓ.

સંસારને સમુદ્ર સમજો.

(૧) સંસાર–સમુદ્રનો મધ્યભાગ અગાધ છે!

(૨) સંસાર–સમુદ્રનું તળીયું અજ્ઞાન–વજ્રથી બનેલું છે.

(૩) સંસાર–સમુદ્રમાં સંકટોના પર્વતો પથરાયેલા છે.

(૪) સંસાર–સમુદ્રના માર્ગ વિષમ–વિકટ છે.

(૫) સંસાર–સમુદ્રમાં વિષયાભિલાષનો મહાવાયુ ફૂંકાઇ રહ્યો છે.

(૬) સંસાર–સમુદ્રમાં ક્રોધાદિકષાયોના પાતાલકલશો છે.

(૭) સંસાર–સમુદ્રમાં મનના વિકલ્પોની ભરતી આવે છે!

(૮) સંસાર–સમુદ્રમાં રાગનાં ઇંધનો (પાણી) વાળો કંદર્પનો દાવાનલ સળગી રહેલો છે.

(૯) સંસાર–સમુદ્રમાં રોગનાં માછલાં, ને શોકના કાચબા રહેલા છે.

(૧૦) સંસાર–સમુદ્ર ઉપર દુર્બુદ્ધિની વિજળી ચમકે છે.

(૧૧) સંસાર–સમુદ્ર પર મત્સરનાં વાવાઝોડાં આવે છે.

(૧૨) સંસાર–સમુદ્રમાં દ્રોહની ભયંકર ગર્જનાઓ થાય છે.

(૧૩) સંસાર–સમુદ્રમાં વહાણવટીઓ સંકટમાં ફસાય છે.

(૧૪) માટે સંસાર–સમુદ્ર દારુણ છે!

સંસાર–સમુદ્ર :-

'સંસાર એ સાચે જ તોફાની સાગર છે,' આ વિચારને હૃદયમાં ખૂબ ભાવિત કરવો જોઈએ. સાગરમાં

રહેલો મુસાફર સાગરને પાર કરી જવા જ પ્રયત્ન કરે છે, સાગરમાં સહેલગાહ કરવાનું વિચારતો નથી....એમાં ય તોફાની સાગર તો જલ્દીથી તરવા ચાહે છે! 'મારે સંસાર-સમુદ્ર તરવો છે' આ સંકલ્પ કરે જ છૂટકો છે.

મધ્યભાગ :-

સમુદ્રનો મધ્યભાગ અગાધ હોય છે ને? એનું તળીયું શોધ્યું ન જડે! સંસારનો મધ્યભાગ છે યુવાવસ્થા. એ અવસ્થા અગાધ છે....એનો કોઇ તાગ ન પામી શકે. મનુષ્યની યુવાવસ્થાની અગાધતાને સૂર્યનાં કિરણો પણ ભેદી શકતા નથી, મરજીવા પણ અગાધતામાં ખોવાઇ જાય છે.... શોધ્યા જડતા નથી....

તળીયું. :-

આ સંસાર-સમુદ્રનું તળીયું કોઇ કાદવ-પથ્થર કે માટીનું બનેલું નથી! વજ્રનું બનેલું છે! અજ્ઞાનતા વજ્રસમાન છે...અજ્ઞાનતાના તળીયા પર સમગ્ર સંસાર ટકેલો છે! અર્થાત સંસારનું મૂળ છે અજ્ઞાનતા.

પર્વતો :-

સમુદ્રમાં ઠેરઠેર પાણીમાં ડૂબેલા....પાણીમાં અડધા ડૂબેલા પર્વતો હોય છે. વહાણવટીઓ આ પર્વતોથી સાવધાન રહે છે...સંસાર-સમુદ્રમાં તો આવા પર્વતોની હારમાળાઓ હોય છે! જાણો છો? સંકટોની હારમાળાઓ તમે નથી જોઇ? એક-બે પર્વત નહીં, હારમાળા!

અરવલ્લીના પહાડોની હારમાળા તમે જોઈ છે? સહ્યાદ્રિની હારમાળાઓ તમે જોઈ છે? એના કરતાંય દુર્ગમ આ સંકટોની હારમાળાઓ સંસાર-સમુદ્રમાં પથરાયેલી છે! કેટલાક ઠેકાણે તો તે પાણીમાં ડૂબેલી હોય છે....તમને જો ખ્યાલ ન આવે તો તમારૂં વહાણ એ પર્વત સાથે ટકરાય અને ચૂરેચૂરા થઈ જાય!

માર્ગ :-

આવા સંસાર-સમુદ્રનો માર્ગ સરળ હોય? કેટલો વિકટ-વિષમ અને દુર્ગમ માર્ગ! એવા માર્ગે કેટલી સાવધાની, કેટલી સમજણ અને કેટલી ચીવટથી ચાલવું જોઈએ? જરાય બેદરકારી, આળસ, નિદ્રા કે વિનોદ ચાલે ખરો? કોઈ અનુભવી માર્ગદર્શકને અનુસરવું પડે કે નહીં? અનુભવી માર્ગદર્શક પર વિશ્વાસ મૂકવો પડે કે નહીં?

મહાવાયુ :-

તૃષ્ણા....પાંચ ઇન્દ્રિયોના વિષયોની અભિલાષાનો પ્રચંડ વાયુ એ મહાસાગરમાથી ફૂંકાઈ રહ્યો છે.....કેટલી તૃષ્ણા! તૃષ્ણાથી જીવો કેટલા ભટકી રહ્યા છે! તૃષ્ણાથી.... વિષય સુખોની વાસનાથી જીવો કેવા અટવાઈ રહ્યા છે.... જાણો છો આ મહાવાયુ કયાંથી પ્રગટે છે? પાતાલ કલશોમાંથી!

પાતાલ કળશ :-

આ સંસાર સાગરમાં ચાર પાતાલ કલશો રહેલા છે! ક્રોધ, માન, માયા અને લોભ! આ કલશોમાંથી પેલો

મહાવંટુ નિકળે છે! ને સમુદ્રમાં તોફાન પેદા કરે છે....

ભરતી :-

મનના વિકલ્પોની ભરતી આવે છે આ સંસાર સાગરમાં! કષાયોમાંથી વિષય તૃષ્ણાઓ જાગે છે ને વિષય તૃષ્ણામાંથી માનસિક વિકલ્પો પેદા થાય છે....માનસિક વિકલ્પોની ભરતી કેવી ગજબ હોય છે ....આખો સાગર હિલોળે ચઢેલો દેખાય છે! સમુદ્રમાં તો પૂનમ જેવા દિવસોએ જ ભરતી આવે, પરંતુ સંસાર સાગરમાં તો નિરંતર ભરતી આવતી રહે છે! એ ભરતીમાં તોફાને ચઢતા સાગરને તમે જોયો છે? હવે માનસિક વિકલ્પોની ભરતી જોજો! તમે ગભરાઇ જશો....

વડવાનળ :-

કેવો દારુણ વડવાનલ સળગી રહ્યો છે... !

કંદર્પના વડવાનળમાં સંસાર સમુદ્રનો કોણ મુસાફર નથી ફસાયો? કોણ એ વડવાનળની આળથી બચી શકયો છે? એ વડવાનળમાં રાગનાં ઇંધન નંખાયા કરે છે! રાગનાં ઇંધનથી સદૈવ વડવાનળ સળગતો રહે છે.

ખરેખર, કંદર્પનો વડવાનલ આશ્ચર્યજનક છે! દાવાનળમાં જીવો નિર્ભય બનીને કૂદી પડે છે! સળગવા છતાં એ વડવાનલમાંથી બહાર નીકળતા નથી.... અરે, રાગનાં ઈંધનો નાંખી એ વડવાનલને વધુ પ્રદીપ્ત કરે છે! કંદર્પ એટલે કામવાસના. કંદર્પ એટલે સંભોગની વાસના. પુરુષો સ્ત્રીઓના સંભોગની વાસનામાં સળગે છે ને સ્ત્રીઓ પુરુષોના સંભોગની વાસનામાં સળગે છે! નપુંસકો સ્ત્રી-પુરુષ

ઉભયના ભોગની અભિલાષામાં સળગે છે.... આ સંસાર-સાગરનો વડવાનલ ખરેખર, સર્વભક્ષી છે... સંસારસાગરમાં રહેલા મોટાભાગના મુસાફરો આ વડવાનલમાં સપડાયેલા દેખાય છે, જ્યારે ઘણા મુસાફરો એ વડવાનલ તરફ દોટ મૂકીને દોડયા જતા દેખાય છે!

માછલાં ને કાચબા :

સંસારસમુદ્રમાં મોટા મોટા મગરમચ્છ.... માછલીઓ પણ છે. રોગ... નાના મોટા, સાધ્ય, અસાધ્ય રોગોનાં માછલાં પણ મુસાફરોને હેરાન કરે છે.... કોઇ કોઈ તો મગરમચ્છનાં ફાડેલાં ડાચામાં આખાને આખા ઉતરી જતા દેખાય છે... તો કોઇ એ માછલાની પકડમાં ફસાયેલા દેખાય છે.... આ માછલઓ-રોગોથી મુસાફરો ડરે છે!

શોક-કાચબાઓ પણ સંસારસાગરમાં પડેલા છે...જે મુસાફરોને ઓછા હેરાન કરતા નથી.

વિજળી :

જરા આકાશ સામે જુઓ. વિજળીઓના કડાકા બોલી રહ્યા છે... કેવી એ ચમકે છે? કેટલી નજીક આવી જાય છે? દુર્બુદ્ધિ એ ગજબ વિજળી છે.... હિંસાની બુદ્ધિ, જૂઠ-ચોરીની બુદ્ધિ, દુરાચાર-વ્યભિચારની બુદ્ધિ... માયા -લોભની બુદ્ધિ.... આ બધી વિજળીઓના ચમકારામાં જીવ અંજાઈ જાય છે!

વાવાઝોડું :

મત્સરનાં વાવાઝોડાં કેવાં આવે છે? ગુણવાન પુરુષો

પર રોષ, તેનું નામ મત્સર. સંસારસમુદ્ર પર આવાં વાવાઝોડાં આવ્યા જ કરે છે! નથી જોયું તમે? રોજનાં એ વાવાઝોડાંથી તમે ટેવાઇ ગયા હો એટલે કદાચ એની ભયંકરતા નહીં સમજાય... પણ ગુણવાન પુરુષો પ્રત્યે રોષ નથી આવતો? તે વખતે મનમાં કેવા ઝંઝાવાત પેદા થાય છે? આ વાવાઝોડામાં જે ફસાયો, તેનું ગુણ-ધન ઉડી જાય...ગુણોથી તે દૂર દૂર ફંગોળાઇ જાય.

ગર્જના :

દ્રોહની ગર્જનાઓ સંસારસમુદ્રમાં નિરંતર સંભળાતી રહે છે! પિતા પુત્રનો દ્રોહ કરે છે, પુત્ર પિતાનો દ્રોહ કરે છે! પ્રજા રાજાનો દ્રોહ કરે છે, રાજા પ્રજાનો દ્રોહ કરે છે... પત્ની પતિનો દ્રોહ કરે છે, પતિ પત્નીનો દ્રોહ કરે છે! શિષ્ય ગુરુનો દ્રોહ કરે છે, ગુરુ શિષ્યનો દ્રોહ કરે છે! ચારેકોર દ્રોહની ભીષણ ગર્જનાઓ થઇ રહેલી છે. અવિશ્વાસ અને શંકાના વાતાવરણમાં સંસારસાગરના મુસાફરો અકળાઈ રહેલા છે.

વહાણવટીઓ :–

સંસાર સાગરમાં અનંત આત્માઓ રહેલા છે...પરંતુ સાગરની સપાટી પર વહાણોમાં માલ ભરી મુસાફરી કરતા તો માત્ર મનુષ્યો જ છે! આ વહાણવટીઓ બિચારા સંસારસાગરની ભીષણતામાં ભીંસાઈ જાય છે....સંકટમાં પડેલા છે. તેમાંથી મોટા ભાગના વહાણવટીઓ તો પર્વતો સાથે ટકરાઇને સમુદ્રના તળીયે સમાધિ લે છે...કેટલાક

આગળ વધે છે તો મધ્યભાગમાં આવેલા વડવાનળમાં બળીને સાફ થઈ જાય છે....કેટલાક પર વિજળી તૂટી પડે છે... કેટલાક વાવાઝોડામાં સર્વસ્વ ખોઈ બેસે છે! બહુ જ થોડા જીવો, કે જેમને આ ભયંકર ભવસાગરનું યથાર્થજ્ઞાન છે, અને જેઓ એ જ્ઞાનીને અનુસરે છે, તેઓ જ આ ભવ-સાગરને પાર કરી જાય છે

જ્ઞાની પુરુષ આ સંસારસાગરને અતિદારુણ જુએ છે. તેથી જ્યાં સુધી એ સંસારસાગરમાં હોય છે ત્યાં સુધી ખૂબ જ ઉદ્વિગ્ન રહે છે! સંસારસાગરના કોઈપણ સુખમાં તે લોભાતો નથી! એનું તો એકજ લક્ષ: જલ્દી ભવસાગરને તરી જવો! તેનો સર્વ પ્રયત્ન ભવસાગરને તરી જવાનો જ હોય મન, વચન અને કાયાથી તે સંતરણ માટે જ પ્રયત્ન કરતો હોય છે.

આટલું આત્મસાક્ષીએ તો વિચારો. ભવસાગરમાં ઠરવા જેવું, રહેવા જેવું છે શું? ક્યાંય સરળ માર્ગ છે? ક્યાંય નિર્ભયતા છે? ક્યાંય અશાન્તિરહિત સુખ છે? પછી કેવી રીતે ભવસાગરમાં રહેવાનો વિચાર થાય? જ્યાં સ્વસ્થતા નથી, પ્રસન્નતા નથી, શાન્તિનો શ્વાસ લેવાનું નથી, નર્ભયતાનું વાતાવરણ નથી, ત્યાં રહેવાનો વિચાર પણ કંપાવી મૂકે છે! જ્યારે હિન્દુસ્તાન અને પાકિસ્તાનના ભાગલા પડયા ત્યારે પાકિસ્તાનમાં રહેલા હિન્દુઓનું જીવન ત્યાં કેવું હતું? લાખો હિન્દુઓ ત્યાંથી હિન્દુસ્તાનમ ભાગી આવ્યા! હા, ઘર, હવેલીઓને બંગલાઓ ત્ય

મૂકીને ભાગી આવ્યા; લાખો....કરોડોની સંપત્તિને છોડીને ભાગી આવ્યા; સ્ત્રી-પુત્ર...પરિવારની પરવા કર્યા વિના આવ્યા! તેમને ત્યાં નિર્ભયતા ન લાગી, સલામતી ન લાગી...શાન્તિનો શ્વાસ લેવાનું પણ ન દેખાયું....જીવનનું જોખમ લાગ્યું....ને તેઓ ભાગી આવ્યા!

ભવસાગરથી ભાગી છૂટવાની તમન્ના જાગી જાય....પછી માયા-મમતાનાં બંધનો તોડવાં સહેલાં થઈ જશે....તે માટે અહીં ભવસાગરની ભીષણતા બતાવવામાં આવી છે; તેને શાંત અને એકાંત સ્થાનમાં એકાગ્ર બની વિચારજો, રોજ-રોજ વિચારજો જ્યારે આત્મામાં ભવસાગરનો ભય જાગી જશે, ત્યારે એને પાર કરી જવા તમે મન-વચન-કાયાથી તૈયાર થઈ જશો ને ત્યારે તમને કોઈ રોકી નહીં શકે.

तैलपात्रधरो यद्वत् राधावेधोद्यतो यथा ।
क्रियास्वनन्यचित्तः स्याद् भवभीतस्तथामुनिः ॥ ६ ॥

શ્લોકાર્થ

જેમ તેલના પાત્રને ધારણ કરનાર, (અને) જેમ રાધાવેધ સાધવામાં તત્પર -તે ક્રિયામાં અનન્ય ચિત્તવાળો હોય છે, તેમ સંસારથી ભય પામેલો સાધુ ચારિત્રક્રિયામાં એકાગ્રચિત્તવાળો હોય.

શ્લોક વિવેચન

એ માનતો હતો કે 'મન ક્યારેય વશ ન થાય.'

બસ મનની ચંચળતાને વશ થઈને તે નગરમાં ફરે. બધાની સાથે વિવાદ કરે. સાધુઓની સાથે પણ ચર્ચાઓ કરે. મનની સ્થિરતા એ માને જ નહીં.

રાજાને ખબર પડી.

રાજા તત્ત્વજ્ઞાની હતો. મનને વશ કરવાના ઉપાયો જાણતો હતો. પેલાને બોધપાઠ આપવાનો વિચાર કર્યો.

પેલા ભાઈ એક દિવસ રાજાની જાળમાં ફસાયા. રાજાએ એને ફાંસીની સજા કરી.

હાંજા ગગડી ગયા! 'મૃત્યુ'ની કલ્પનાએ એને ધ્રુજાવી દીધો. તે રાજાના પગમાં પડી રડી પડ્યો. "મને ફાંસીએ ન ચઢાવો."

રાજાએ કહ્યું: ગુનેગારોને સજા કરવી મારી ફરજ છે.

તેણે કહ્યું: 'રાજા સજા કરે તેમ ક્ષમા પણ કરે.'

રાજાજીએ દયા બતાવી કહ્યું: એક શર્ત માને તો સજા માફ કરું.

પેલાએ કબૂલ કર્યું.

રાજાજીએ કહ્યું: તેલથી ભરેલું.... છલોછલ ભરેલું પાત્ર લઈને બધા જ બજારોમાં ફરીને અહીં આવવાનું. તેલનું એક ટીંપુ પણ ન પડવું જોઈએ. જો ટીંપુ પડશે તો ફાંસી માફ નહીં થાય. બોલ છે કબૂલ?

પેલાએ વાત કબૂલ કરી. રાજાના નિરીક્ષકો સાથે તે ઘેર ગયો. રાજાએ બજારમાં ઠેરઠેર નાટકો ગોઠવી દીધાં.

બધા જ દુકાનદારોને દુકાનો સજાવવાની આજ્ઞા કરી. ઠેરઠેર સુંદર વસ્ત્રધારી રૂપરાણીઓને ઊભી રાખી.

પેલા ભાઇ તેલથી છલોછલ ભરેલું પાત્ર લઇ ઘેરથી નિકળ્યા.

નિરીક્ષકો સાથે જ ચાલ્યા.

બજારોમાંથી પસાર થાય છે; પરંતુ પેલા તેલવાળા ભાઇ ક્યાંય આડુંઅવળું જોતા નથી દુકાનોની શોભા જોવામાં તેમનું મન જતું નથી. નાટક જોવા તેમનું મન ખેંચાતું નથી. સ્ત્રીઓના રૂપ જોવા મન લલચાતું નથી.... તેમની નજર તો પોતાના તેલ-પાત્ર પર જ છે!

બધા બજારોમાં ફરી તે રાજમહેલે આવ્યા.

રાજાજીએ પૂછ્યું : તેલનાં ટીંપા રસ્તામાં પડયાં?

'ના જી.'

નિરીક્ષકોએ સાક્ષી આપી, 'એક પણ ટીંપુ પડયું નથી.'

રાજાજી બોલ્યા : એ બની જ ન શકે. મન ચંચળ છે, એ આડુંઅવળું જોયા વિના ન રહે, ને આડુંઅવળું જુએ એટલે તેલ-પાત્ર છલકાયા વિના ન રહે!

પેલો કહે : રાજન્! સાચું કહું છું. મારૂં મન તેલના પાત્ર શિવાય ક્યાંય ગયું નથી.... કોઇ જ બીજો વિચાર મનમાં પ્રવેશ્યો નથી!'

'મન શું એક વસ્તુમાં એકાગ્ર રહી શકે?'

ખંધક મુનિએ શરીરની ચામડી ઉતારી લેનાર રાજસેવકો પર રોષ [illegible] ? એમને એ ઓપરેશન લાગ્યું! એ ઓપરેશનથી ભવનો ભય નિવારતો લાગ્યો!

અવંતિસુકુમાલે શરીરને શિયાળણીના હાથે...મોઢે ચવાઈ જવા દીધું. શિયાળણીને શરીરનું માંસ ખાવા દીધું, લોહી પીવા દીધું....મેતારજ મુનિએ સોનીને ચામડાની વાધર પોતાના માથે બાંધવા દીધી....એ ભય એમના સંસારભયનું નિવારણ કરતો હતો!

ભગવંત મહાવીરે ગોવાળીયાને કાનમાં ખીલા ઠોકવા દીધા, સંગમને કાળચક્ર મૂકવા દીધું...પગમાં ખીર રાંધવા દીધી...એ ભય એમના ભવરોગના ભયનો નાશ કરતો હતો.

ભગવંતે મુનિઓને ઉપસર્ગો સહવાનો ઉપદેશ આપ્યો, તે શા માટે? મુનિઓ જે સંસારભયને દૂર કરવા સાધના કરે છે, તે સંસારભયનું ઉપસર્ગોમાં 'ઓપરેશન' થઈ જાય છે! સંસારભય દૂર થઈ જાય છે. ઓપરેશન કરનાર ડોકટર પર દર્દીને રોષ થતો નથી! એ તો ઉપકારી લાગે છે. માટે ખંધકમુનિને રાજસેવકો ઉપકારી લાગ્યા... અવંતિસુકુમાળને શિયાળણી ઉપકારી લાગી...મેતારજ મુનિને સોની ઉપકારી લાગ્યો.

હા, ઓપરેશન કરતો ડોકટર દર્દીને જો દુષ્ટ લાગે, અનુપકારી લાગે.... ને વલોપાત કરવા લાગે તો ઓપરેશન બગડી જાય છે! તેમ ઉપસર્ગ વખતે જો ઉપસર્ગ કરનાર દુષ્ટ લાગે.... તો મનની સમતા તૂટી જાય અને સંસારનો

ભય વધી જાય. ખંધકસૂરિજીને પાલક 'ડાકટર' ન લાગ્યો. પણ દુષ્ટ પુરુષ લાગ્યો તો સંસારનો ભય દૂર ન થયો! તેમના શિષ્યો માટે 'પાલક' સહાયક બની ગયો!

ઉપસર્ગો સમતાભાવે સહન કરવાના છે... તેનાથી ભવરોગ ઝડપથી દૂર થાય છે. ઈરાદાપૂર્વક ઉપસર્ગ સહન કરવા આપણે ન જઈએ, પરંતુ આવી પડેલા ઉપસર્ગને સહર્ષ સમતા ભાવે સ્વીકારી લઈએ તો પણ કામ થઈ જાય!

નાનું બાળક ઓપરેશનના હોલમાં જતાં ડરે છે! હાથમાં છરી લઇ ઉભેલા-બુરખાધારી ડાકટરોને જોઈ ચીસ પાડી ઉઠે છે. કારણ? એને પોતાના રોગની ભયાનકતા સમજાતી નથી. એને ડા. રોગનિવારણ કરનાર સમજાતો નથી... તેમ જે જીવો બાળક જેવી અવિકસિત બુદ્ધિવાળા હોય છે. તેઓ ઉપસર્ગનો પડછાયો જોતાં ચીસ પાડી ઉઠે છે! ઉપસર્ગની ઉપકારકતા તેઓ સમજી શકતા નથી..

તાત્પર્ય એ છે કે ઉપસર્ગો સહર્ષ સહન કરવાના છે. તેથી જ ભવનો ભય દૂર થવાનો છે.

स्थैर्यं भवभयादेव व्यवहारे मुनिर्व्रजेत् ।
स्वात्मारामसमाधौ तु तदान्तर्निमज्जति ॥ ८ ॥

શ્લોકાર્થ

વ્યવહારનયથી સંસારના ભયથી જ સાધુ સ્થિરતા પામે. પરંતુ પોતાના આત્માની રતિરૂપ સમાધિમાં તે ભય પણ અંદર વિલીન થાય છે.

શ્લોક વિવેચન

સંસારનો ભય ?

શું સંસારનો ભય મુનિએ રાખવો જોઈએ ?

તે ભય મુનિની ચારિત્ર-સ્થિરતામાં કારણ છે ?

હા, ચારગતિના પરિભ્રમણરૂપ સંસારનો ભય મુનિને જોઈએ. તો જ તે ચારિત્રમાં સ્થિર બને. "મારે સંસારની નરક, તિર્યંચ વગેરે ગતિમાં ભટકવું પડશે, જો હું ચારિત્રની આરાધનામાં પ્રમાદી બનીશ તો." આ વિચાર મુનિને હોવો જોઈએ. આ વિચાર તેને,-

હા, જ્યારે મુનિ આત્માની નિર્વિકલ્પ સમાધિમાં લીન થાય, ત્યારે પેલો સંસારભય તે સમાધિમાં પોતાના અસ્તિત્વને વિલીન કરી દે છે અલગ અસ્તિત્વ રાખતો નથી. તે મોક્ષ અને સંસારમાં નિસ્પૃહ હોય છે...મોક્ષ મેળવવાનો વિચાર નહીં, સંસારના ભયની અકળામણ નહીં!

'मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः'

જ્યારે એવી આત્મસમાધિ...નિર્વિકલ્પ....કોઇ જ માનસિક વિચાર નહીં, પ્રાપ્ત થાય ત્યારે સંસારનો ભય રહેતો નથી; એવી આત્મદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સંસારનો ભય હોવો જ જોઇએ. મુનિએ પણ એ ભય રાખવાનો છે.

મુનિએ મુનિપણું લીધું, તેટલા માત્રથી તેણે દુર્ગતિ પર વિજય મેળવી લીધો છે, તેમ મુનિએ ન માનવું જોઇએ, બેફિકર ન બનવું જોઇએ. જો મુનિ ભવભ્રમણના ભયને ત્યજી દે તો

* શાસ્ત્ર સ્વાધ્યાયમાં પ્રમાદ કરે.
* વિકથાઓ (સ્ત્રી–ભોજન–દેશ–રાજકથા) માં પડી જાય.
* દોષિત ભિક્ષા લાવે.
* ડગલે ને પગલે રાગ–દ્વેષ કરે.
* મહાવ્રતોના પાલનમાં અતિચારો લગાડે.
* સમિતિ–ગુપ્તિ ન પાળે.
* માન–સન્માન અને કીર્તિની એષણામાં પડે.

* [illegible]
* [illegible]

અનેક અનિષ્ટોનો ભોગ બની બાપડા જીવાત્મા [illegible] [illegible] પડે. માટે ભવનો ભય...દુર્ગતિગમનનો ભય મુનિને લાગવો જ જોઈએ.

અહીં તો પૂજ્ય ઉપાધ્યાયજીએ સંસારને સમુદ્રની જ એક ઉપમા આપી છે, પરંતુ 'અધ્યાત્મસાર' માં તેઓએ સંસારને અનેક ઉપમાઓ આપી છે. સંસાર વન છે, કારાવાસ છે, સ્મશાન છે, કુવો છે..વગેરે. ભવસ્વરુપનું ચિંતન આમ અનેક રીતે કરવાનું તેઓશ્રી કહે છે. ભવની અસારતા સમજાયા વિના ભવનાં વૈષયિક સુખોની આસક્તિ ન તૂટે; ભવનો રાગ તૂટ્યા વિના ભવનાં બંધનો તોડવાનો મહાન પુરુષાર્થ ન થાય.

પરંતુ તે માટે ભવસ્વરુપના ચિંતનમાં ડુબી જવું પડે! તન્મય બની જવું પડે ભવસાગરના કાંઠે જઇને એ સાગરની ભયંકરતા જોજો. ભવસ્મશાનના એક ખૂણે ઉભા રહી, એ સ્મશાનની રૌદ્રતા જોજો. ભવકારાગારના સળીયા પાસે ઉભા રહી કારાગારની વેદનાઓ જોજો. ભવકૂપના કાંઠે ઉભા રહી કુવાની ભયજનકતા જોજો. તમે ચીસ પાડી ઉઠશો...તમારે અંગે અંગે પસીનો છૂટી જશે...તમે થરથર ધ્રુજી ઉઠશો. 'ઓ અરિહંત...ઓ વીતરાગ...' કરતા એ અનંત કૃપાનિધિના શરણે જશો.

*

ॐ ह्रीं अर्हं नमः

लोकसंज्ञात्याग



२३

प्राप्तः षष्ठं गुणस्थानं भवदुर्गाद्रिलङ्घनम् ।
लोकसंज्ञारतो न स्यान्मुनिर्लोकोत्तरस्थितिः ॥ १ ॥

શ્લોકાર્થ

સંસારરૂપ વિષમ પર્વતનું ઉલ્લંઘન છે જેમાં એવા છઠ્ઠા ગુણસ્થાનકને પ્રાપ્ત થયેલો, લોકોત્તર માર્ગમાં સ્થિતિ જેની છે એવો સાધુ લોકસંજ્ઞામાં પ્રીતિવાળો ન હોય

ન હોવું જોઇએ. હું અણુવ્રતી નથી પરંતુ મહાવ્રતી છું બાર વ્રત ધારી શ્રાવક પણ સર્વ પાપોને ત્રિવિધ ત્રિવિધે ત્યજી શકતો નથી, જ્યારે મેં સર્વ પાપોને ત્રિવિધ-ત્રિવિધે (મન-વચન-કાયાથી, કરવું-કરાવવું-અનુમોદવું) ત્યજી દીધાં છે. મારા માટે એવા જ આત્માઓનો સંપર્ક હિતકારી છે કે જેમણે મારી જેમ સર્વ પાપોને ત્રિવિધ ત્રિવિધ ત્યજી દીધાં છે... પાપોના ત્યાગ સાથે મેં સમ્યગદર્શન-જ્ઞાન અને ચારિત્રની આરાધના કરવાની દેવ-ગુરુ અને સંઘની સાક્ષીએ, આત્માની અનુભૂતિથી પ્રતિજ્ઞા કરી છે એટલે મારે એવા જ ઉત્તમ આત્માઓનો સહવાસ પસંદ કરવો જોઇએ કે જેઓ સમ્યગજ્ઞાન-દર્શન અને ચારિત્રની આરાધનામાં ઓતપ્રોત હોય.'

મહામુનિ, તમારે આ રીતે વિચારવું જોઇએ તો તમે લોકો પાપોમાં આસક્ત અને મિથ્યા કલ્પનાઓમાં મસ્ત જીવોના સહવાસથી, પરિચયથી અને એમને ખૂશ કરવાની વૃત્તિથી બચી જશો.

'હું લોકમાર્ગમાં રહેલો નથી; હું તો લોકોત્તર માર્ગ પર ચાલી રહ્યો છું. લોકનો માર્ગ જુદો, લોકોત્તર જિન-માર્ગ જુદો. લોકમાર્ગ મિથ્યા ધારણાઓ પર ચાલે છે. લોકોત્તર માર્ગ કેવળજ્ઞાની વીતરાગ ભગવંતનો બતાવેલો નિર્ભય માર્ગ છે... લોકોત્તર માર્ગ છોડી મારે લૌકિક માર્ગ પર ન જવું જોઇએ... મારે લોકો સાથે કોઈ સંબંધ નથી... લૌકિક માર્ગમાં રહેલાઓ સાથેના મારા તમામ

મારું છઠ્ઠું ગુણસ્થાનક વધુ સ્થિર કરીશ...હા, સાતમે... આઠમે...આગળ-આગળનાં ગુણસ્થાનકે જવા પ્રયત્ન કરીશ, પરંતુ પાછળ જવાની મારી ઇચ્છા નથી. લોકસંજ્ઞામાં હું મારું પતન નહીં થવા દઉં.'

यथा चिन्तामणिं दत्ते बठरो बदरीफलैः ।
हहा जहाति सद्धर्मं तथैव जनरञ्जनैः ॥ २ ॥

श्लोकार्थ

જેમ મૂર્ખ બોરના મૂલ્યે ચિંતામણિરત્ન આપે છે, તેમજ મૂઢ અરે ! લોકરંજન કરવા દ્વારા સદ્ધર્મને તજે છે.

શ્લોક વિવેચન

એક હતો મૂર્ખ ભરવાડ.

જંગલમાં રોજ ઢોર ચરાવવા જાય.

એક દિવસ તેને ચિંતામણિરત્ન જડ્યું તેને એ પથ્થર ખૂબ ગમી ગયો. તેણે પોતાની બકરીના ગળે બાંધી દીધો. સાંજે ઢોરને ચરાવી ભરવાડ ગામમાં આવ્યો. ગામના ઝાંપે બોર વેચાતાં હતાં. ભરવાડને બોર જોઇ મોંઢામાં પાણી આવ્યું.

'બોરવાળી, મને બોર આપ !'

'મફત ન મળે'

ભરવાડ પાસે પૈસા ન હતા. તેણે બકરીના ગળે બાંધેલું ચિંતામણિરત્ન જોયું. બોરવાળીને રત્ન આપી બોર ખરીદ્યાં. બોરવાળીએ ચિંતામણિરત્ન જોયું. તેણે ઓળખ્યું

એક ઝવેરી શેઠ જતા હતા. ચિંતામણિરત્નને

[illegible] નહીં. લોકો [illegible] તેમ [illegible] નહીં [illegible] આદર્શો, તેમની [illegible] તેમની [illegible] નહીં, મારા આદર્શો જુદા. મારી [illegible] નહીં. મારી [illegible] નહીં. હું જિન-માર્ગને અનુસરીશ. લોકમાર્ગને નહીં પ્રત્યેક પ્રસંગમાં [illegible] માં હું જિનેશ્વરને જ પૂજા કરવા પ્રયત્ન કરીશ, લોકને પૂજા કરવા નહીં. લોકને પૂજા કરવાનું મારે કોઈ પ્રયોજન પણ નથી ને !'

'સંસારના વિષમ પહાડને ઓળંગીને હું છઠ્ઠા ગુણસ્થાનકે પહોંચી ગયો છું. હું લોકોત્તરમાર્ગમાં રહેલો છું; મારાથી લોકસંજ્ઞામાં પ્રીતિ કેમ જ થાય? લોકસંજ્ઞામાં વળી એ સંસારના વિષમ પહાડ ઉપર ગબડવાનું થાય છે... અનેક માનસિક વિષમતાઓ એ લોકમાર્ગમાં ભૂતાવળની જેમ ફરી વળે છે. હું તો લોકોત્તર માર્ગના આદર્શોને અનુસરીશ. મારાં મન–વચન–કાયાને એ આદર્શોની પાછળ ખર્ચી નાંખીશ લોકો તરફ જોવાનું મારે કોઈ જ પ્રયોજન નથી. લોકો વૈષયિક સુખોમાં રાચે છે, મારે તો પૂર્ણ નિષ્કામ બનવું છે. લોકો જડસંપત્તિના વૈભવથી પોતાની મહત્તા આંકે છે, મારે તો અંતરંગજ્ઞાન–દર્શન–ચારિત્રની સંપત્તિથી આત્માની ઉન્નતિ કરવી છે. લોકો બહિર્દષ્ટિ છે, મારે જ્ઞાનદષ્ટિનો વિકાસ સાધવો છે...લોકો અજ્ઞાન તરફ દોટ મૂકી રહેલા છે, મારે કેવળજ્ઞાન તરફ આગળ વધવું છે...લોકોને અને મારે મેળ જ ક્યાં મળે? માટે હું તો

મારું છઠ્ઠું ગુણસ્થાનક વધુ સ્થિર કરીશ...હા, સાતમે... આઠમે...આગળ-આગળનાં ગુણસ્થાનકે જવા પ્રયત્ન કરીશ, પરંતુ પાછળ જવાની મારી ઇચ્છા નથી. લોકસંજ્ઞામાં હું મારું પતન નહીં થવા દઉં.'

यथा चिन्तामणिं दत्ते बठरो बदरीफलैः ।
हहा जहाति सद्धर्मं तथैव जनरञ्जनैः ॥ २ ॥

શ્લોકાર્થ

જેમ મૂર્ખ બોરના મૂલ્યે ચિંતામણિરત્ન આપે છે, તેમજ મૂઢ અરે! લોકરંજન કરવા દ્વારા સદ્ધર્મને તજે છે.

શ્લોક વિવેચન

એક હતો મૂર્ખ ભરવાડ.

જંગલમાં રોજ ઢોર ચરાવવા જાય.

એક દિવસ તેને ચિંતામણિરત્ન જડયું તેને એ પથ્થર ખૂબ ગમી ગયો. તેણે પોતાની બકરીના ગળે બાંધી દીધો. સાંજે ઢોરને ચરાવી ભરવાડ ગામમાં આવ્યો. ગામના ઝાંપે બોર વેચાતાં હતાં. ભરવાડને બોર જોઇ મોંઢામાં પાણી આવ્યું.

'બોરવાળી, મને બોર આપ!'

'મફત ન મળે.'

ભરવાડ પાસે પૈસા ન હતા. તેણે બકરીના ગળે બાંધેલું ચિંતામણિરત્ન જોયું. બોરવાળીને રત્ન આપી બોર ખરીદ્યાં. બોરવાળીએ ચિંતામણિરત્ન જોયું.. તેણે ઓળખ્યું નહીં...ત્યાંથી એક ઝવેરી શેઠ જતા હતા. ચિંતામણિરત્નને

તેમનું ઓળખ્યું. [illegible] આપી શકે [illegible] ?

[illegible] આપી [illegible] [illegible]
[illegible] ધર્મ ચિંતામણિરત્ન કરતાં પણ વિશેષ છે
એ અચિંત્ય ચિંતામણિ છે.. મનુષ્યના મનમાં જેનો વિચાર
પણ ન આવી શકે તેવી ચીજ અને અપૂર્વ [illegible] સદ્ધર્મ
ચિંતામણિ આપે છે. એ સદ્ધર્મને લોકપ્રશંસા...લોકરંજન
માટે આપી દેનાર બાળક કરતાં પણ વધુ મૂર્ખ છે.

તારી પાસે સદ્ધર્મ છે; એ અચિંત્ય ચિંતામણિ છે, એ તું જાણે છે? સદ્ધર્મને તું શું સમજી બેઠો છે? જે સદ્ધર્મથી આત્માની અનંત સંપત્તિ મેળવી શકાય છે, તે સદ્ધર્મને તું લોકપ્રશંસા માટે વેચી રહ્યો છે? લોકો ભલે તને તપસ્વી કહે, વિદ્વાન કહે, આચારી કહે, પરોપકારી કહે, બુદ્ધિશાળી કહે, પરંતુ જ્ઞાની સજ્જન પુરુષોની દૃષ્ટિએ તું વાસ્તવમાં મૂર્ખ છે. તેં ધર્મનો ઉપયોગ લોકપ્રશંસા મેળવવા માટે કર્યો–એ જ મૂર્ખતા છે!

અરે, મૂર્ખતાની કોઇ હદ છે? કોઇને તું સદ્ધર્મ દ્વારા લોકપ્રશંસા મેળવતો જુએ છે, તને તે મહાન લાગે છે ને તારી જાત તને હલકી ..ઉતરતી લાગે છે! તને પણ લોકપ્રશંસા અને લોકોનાં અભિનંદન ઝીલવાના કોડ જાગે છે. સદ્ધર્મની પ્રાપ્તિ, સદ્ધર્મની આરાધનાથી તને સંતોષ, આનંદ કે તૃપ્તિ થતી નથી!

તું તપશ્ચર્યા કરે છે? તપ એ સદ્ધર્મ છે. એ તપશ્ચર્યા દ્વારા તું લોકોની પ્રશંસા નથી ચાહતો ને? તું સ્વયં

તપની જાહેરાત દ્વારા 'લોકો મારી પ્રશંસા કરે....' એવી ચાહના નથી રાખતો ને? તું દાન દે છે? દાન એ સદ્ધર્મ છે. તું દાન દ્વારા તારી પ્રશંસા....લોકપ્રશંસા મેળવવા નથી ઝંખતો ને? દાન દેવા માત્રથી ખૂશી થાય છે? ના, દાનથી બીજા લોકો પ્રશંસા કરે ત્યારે જ ખૂશી થાય છે ને?

જ્ઞાન મેળવવાથી આનંદ આવે છે? કે બીજાઓ તને 'જ્ઞાની....વિદ્વાન' કહે ત્યારે આનંદ આવે છે?

બ્રહ્મચર્યનું પાલન કરવાથી પ્રસન્નતા મળે છે? કે બીજાઓ જ્યારે તને 'બ્રહ્મચારી' કહે ત્યારે આનંદ આવે છે?

સદ્ધર્મના માધ્યમથી તું લોકપ્રશંસા મેળવવા ચાહે છે, તો તું ચિંતામણિરત્ન આપી બોર ખરીદનાર ગમાર ભરવાડ કરતાં વધુ બુદ્ધિશાળી કેવી રીતે? હા, તું સદ્ધર્મ દ્વારા લોકપ્રશંસા મેળવવા ચાહતો નથી, પરંતુ તારૂં પુણ્ય કર્મ એવું છે કે લોકો તારી પ્રશંસા કર્યા વિના રહી શકત નથી; તો એમાં તું ગુનેગાર બનતો નથી. પરંતુ તારે આ આદર્શ તો રાખવાનો જ કે 'આ પ્રશંસા પુણ્યજન્ય છે એમાં ખૂશી માનવાની જરૂર નથી. કારણ કે પુણ્ય પુરૂ થઇ જતાં પ્રશંસકો જ નિંદકો બની જશે! જો પ્રશંસામ ખૂશી થઇ છે તો નિંદામાં દુઃખ થવાનું જ.'

તમે સદ્ધર્મની આરાધના કરો છો, તમને લોકપ્રશંસ નથી મળતી, તેથી તમે નિરાશ ન થશો. સદ્ધર્મનું ફળ લોકપ્રશંસા નથી! લોકો પાસે તમારા સદ્ધર્મની કદર કરાવવાની ભાવના ન રાખશો. સદ્ધર્મની આરાધના દ્વાર

તમારે તમારા આત્માને નિઃસ્પૃહ મહાત્મા બનાવવાનો છે. કર્મોનાં બંધનો તોડવાનાં છે. આત્માને પરમાત્મા બનાવવાનો છે. લોકસંજ્ઞાના આવર્તમાં જો ફસાયો તો તારા આ બધા આદર્શોની તારાજી કરાવી બેસીશ; માટે ખૂબ સાવધાન બની સ્વધર્મની આરાધના કર.

लोकसंज्ञामहानद्यामनुस्रोतोऽनुगा न के ।
प्रतिस्रोतोऽनुगस्त्वेको राजहंसो महामुनिः ॥ ३ ॥

શ્લોકાર્થ

લોકસંજ્ઞારૂપ મોટી નદીમાં લોકપ્રવાહને અનુસરનારા કોણ નથી? સામે પ્રવાહે ચાલનાર રાજહંસ જેવા એક મુનીશ્વર છે

શ્લોક વિવેચન

એક મોટી નદી છે....

ગંગા-જમના-નર્મદા અને મહી નદી કરતાંય મોટી.

જે દિશામાં એ મહાનદીઓ વહે છે, એ પ્રવાહમાં.... અનુકૂળ દિશામાં તે સહુ તણાય છે, સહુ મુસાફરી કરે છે... પરંતુ પ્રતિકૂળ દિશામાં સહુ મુસાફરી ન કરી શકે.... ધસમસતા પ્રવાહની સામે તરવું, એ સહુનાં ગજાં નહીં!

લોકસંજ્ઞા-મહાનદીના લોકપ્રવાહમાં તરવું, મુસાફરી કરવી, એમાં કોઈ વિશેષતા નથી. ખાવું-પીવું, પહેરવું-ઓઢવું, વિકથાઓ કરવી, પરિગ્રહ ભેગો કરવો, ભોગસુખ ભોગવવાં, બંગલા બાંધવા ને મોટરો વસાવવી; સ્ત્રી-પુત્ર

પરિવારને પોતાનો માનવો... શરીરને સ્વચ્છ રાખવું, વસ્ત્રો ને અલંકારો પહેરવાં... આ બધું જ સહજ–સ્વાભાવિક છે. આમાં કોઇ જ આશ્ચર્ય નથી.

અજ્ઞાન, મોહ અને દ્વેષમાં ફસાયેલી દુનિયાના ડાહ્યા ગણાતા માણસો લૌકિક આદર્શો, છીછરાં ધોરણો અને વિવેકહીન વલણો લઇને ફરતા હોય છે. મુનિએ એ આદર્શો, ધોરણો કે વલણોમાં ફસાવું ન જોઇએ.

લોકપ્રવાહનાં કેટલાંક આધુનિક ધોરણો આવાં છે.

(૧) સાધુઓએ સમાજની સેવા કરવી જોઇએ.... દવાખાનાઓ બંધાવવાં, સ્કૂલો ખોલાવવી....વગેરે.

(૨) સાધુઓએ ગંદાં....મેલાં કપડાં ન પહેરવાં જોઈએ, સ્વચ્છ અને સારાં કપડાં પહેરવાં જોઇએ.

(૩) સાધુઓએ ધર્મના પ્રચાર માટે મોટર, ટ્રેન, એરોપ્લેન, દરિયાઇ જહાજ વગેરેમાં બેસીને દેશ–વિદેશમાં ફરવું જોઇએ.

(૪) સાધુઓએ 'લાઉડસ્પીકર' નો ઉપયોગ કરવો જોઇએ.

(૫) સાધુઓએ બહુ પ્રતિજ્ઞાઓ ન આપવી જોઇએ.

(૬) સાધુઓએ બહુ દીક્ષાઓ ન આપવી જોઇએ.

(૭) સાધુઓએ નાના બાળકોને દીક્ષા ન આપવી જોઇએ.

આ બધો લોકપ્રવાહ છે! જો આત્મા જાગ્રત ન હોય

અને જ્ઞાનદૃષ્ટિ ખૂલી ન હોય તો આ વાતોમાં ભલું ભોળવાયા વિના ન રહે. ફિલ્મ અને અખબારો આજ કરનારાઓ ધંધો કરવા પણ આવા જ લોકપ્રવાહ વહેતા કરે છે. બુદ્ધિજીવીના નામે, સુધારાના નામે, સમાજવાદના નામે કેટલીક ગંદી, જીવાત્મા અને સમાજને બરબાદ કરનારી વાતો વહેતી થઈ છે

(૧) 'વસ્તી વધી ગઈ છે, અનાજ નથી મળતું. માટે સંતતિ નિયમન કરો; વધુ બાળકો ન જન્મે તે માટે ઓપરેશન કરાવો, નાંખો આંકડીઓ મૂકાવો....' આવો રાષ્ટ્રવ્યાપી પ્રચાર કરી મનુષ્યને દુરાચારી, વ્યભિચારી બનાવવાની યોજના ચાલી. લોકપ્રવાહમાં ખેંચાનારાઓ આમાં ફસાય છે.

(૨) વિધવાઓને ફરી પરણવાની છૂટ જોઈએ !

(૩) છોકરા–છોકરીઓ સાથે ભણે, તેમાં શું વાંધો ?

(૪) સિનેમા જોવાથી મનોરંજન થાય છે.......

(૫) સંસારમાં રહીને પણ ધર્મ થાય છે....મોક્ષ મળે છે

આ બધી માન્યતાઓ લોકસંજ્ઞામાં આવે છે ! મુનિ આ બધી માન્યતાઓના પ્રવાહમાં તણાય નહીં પરંતુ એના ઊંધા જ પ્રવાહે ચાલે ! નિડરતા પૂર્વક ચાલે....એ આવી વાતોમાં લોકોની પરવા ન કરે એ તો જિનેશ્વર ભગવંતે બતાવેલા મોક્ષમાર્ગને જ અનુસરે. ભગવંતની વાતો કરતાં પોતાની બુદ્ધિને ક્યાંયે વધુ મહત્ત્વ ન આપે.....એ લોક-પ્રવાહમાં ઉભો રહી, લોકોની અજ્ઞાનતાને દૂર કરે, મોહને દૂર

કરે. એમને સત્ય મોક્ષમાર્ગ બતાવવા નિરંતર પુરુષાર્થ કરે.

મુનિ તો રાજહંસ છે...એ મોતીનો જ ચારો ચરે. ઘાસ એ ન ખાય...કાદવ એ ન ચૂંથે! કાદવને ચૂંથતા અને ઘાસ ખાતા જીવો પ્રત્યે કરુણા કમ્પરાય...તેઓને તેમાંથી મુક્ત કરવા પ્રયત્ન કરે, એમના મેળો ન બેસી જાય.

અજ્ઞાન જીવોની વાતો સાંભળીને ઝટ એમાં 'મન્તુ' મારવાની કુટેવને છોડી દેવી જોઈએ તેથી મુનિજીવનની મર્યાદાઓમાં રહી શકાશે અને મોક્ષમાર્ગની આરાધનામાં આગળ વધી શકાશે. લોકસંજ્ઞા ત્યજવા માટે નિઃસ્પૃહતા, નિડરતા અને નિર્ભયતા જોઈએ. તે બધાના મૂળમાં જ્ઞાનદૃષ્ટિ જોઈએ.

लोकमालम्ब्य कर्तव्यं कृतं बहुभिरेव चेत् ।
तदा मिथ्यादृशां धर्मो न त्याज्यः स्यात् कदाचन ॥ ४ ॥

શ્લોકાર્થ

લોકને અવલંબીને જો ઘણા માણસોએ જ કરેલું કરવા યોગ્ય હોય તો મિથ્યાદૃષ્ટિઓનો ધર્મ કદી પણ તજવા યોગ્ય ન હોય.

શ્લોક વિવેચન

જેમની દૃષ્ટિ સ્વચ્છ ન હોય,
જેમની દૃષ્ટિ નિરાગ્રહી ન હોય.
જેમની પાસે 'કેવળજ્ઞાન'નો પ્રકાશ ન હોય,

જેમના રાગ અને દ્વેષ દૂર ન થયા હોય... તેવા જીવોએ પોતાની બુદ્ધિના બળે; થોડા ભક્તોના બળે અને થોડી સાધનાના પ્રતાપે મતો કાઢેલા છે... એ મતોને 'મિથ્યામત' કહેવામાં આવે છે. મિથ્યાદૃષ્ટિમાં વિશ્વનાં વાસ્તવિક તત્ત્વોનું દર્શન ન થાય... બધું જ ઊંધું ને અવળું દેખાય છતાં એને માને સીધું ને સવળું ! વિશ્વમાં આવા અનેક મતો છે.. ને તે મતોને અનુસરનારા પણ ઘણા હોય છે.

'ઘણા અનુસરનારા હોય તે મત સાચો' એવી માન્યતા પણ ખોટી છે. સાચા મતને અનુસરનારા દુનિયાના વધુ માણસો ન હોય, થોડા માણસો જ હોય. એટલું જ નહીં અસત્ય અને અવાસ્તવિક મતને અનુસરનારા ઘણા જ માણસો હોય! સત્ય અને વાસ્તવિક માર્ગને અનુસરવાની શક્તિ દુનિયામાં બહુ થોડા જીવો ધરાવતા હોય છે.

હવે જો એમ માની લેવામાં આવે કે 'જે ઘણા કરે તે આપણે કરવું....' તો એ કરવાનું સત્યપૂર્ણ થશે કે અસત્યપૂર્ણ? 'દુનિયાના મોટા ભાગના જીવોને શું ગમે છે? દુનિયાના મોટા વર્ગની અભિરુચિ શું છે?' આ જોઈને જે ધર્મના સિદ્ધાન્તો કે મત પ્રવર્તાવે છે, તે સાચો હોઈ જ ન શકે. દુનિયાના જીવોને ભોગ ગમે છે! દુનિયાના જીવોને હિંસા, જૂઠ, ચોરી, દુરાચાર–વ્યભિચાર અને પરિગ્રહ ગમે છે! દુનિયાના જીવોને સારું સાંભળવાનું, રૂપ જોવાનું, રસ ચાખવાનું, ગંધ લેવાનું, મુલાયમ સ્પર્શ કરવાનું ગમે છે! બસ, એને જે ગમે છે, તે કરવા દઈ,

તમે કોઇ ધર્મની છાપ એના પર બિડાવી દો....એ ધર્મ જગતના વધુ જીવો પસંદ કરશે એવો ધર્મ શું આત્માનું કલ્યાણ કરી શકે? એવો ધર્મ જગતના જીવોને દુઃખોથી મુક્ત કરી શકે? એવો ધર્મ નિર્વાણસુખ આપી શકે?

જે દુર્ગતિમાં પડતા જીવને બચાવી ન શકે તેને ધર્મ કહેવાય ખરો? જે આત્મા પરનાં કર્મનાં અનાદિ બંધનોને તોડી ન શકે, તેને ધર્મ કહેવાય શું? દુનિયાનો મોટો માનવસમૂહ હંમેશાં અજ્ઞાન જ રહેલો છે! ભગવંત મહાવીરદેવના સમયમાં ગોશાળાના અનુયાયીઓની સંખ્યા મોટી હતી...તેથી શું ગોશાળાનો મત સ્વીકાર્ય બની શકે ખરો? 'ઘણા જે આચરે તે આચરવું...' આ માન્યતા અજ્ઞાનમૂલક છે

આજે વ્યાખ્યાનમાં પણ કેટલોક વ્યાખ્યાતાવર્ગ આ પ્રમાણે વિચારતો થયો છે– 'ઘણા લોકો શું ચાહે છે? તે બોલો...' લોકરુચિને અનુસરવામાં, લોકહિતનો વિચાર રહેતો નથી. લોકોની રુચિ હંમેશાં આત્મવિમુખ રહેલી છે જડસન્મુખ રહેલી હોય છે. એ લોકરુચિને અનુસરવામાં શું લોકોનું હિત થઇ શકે? માટે લોકસંજ્ઞાને અનુસરવાનો ભગવંતે નિષેધ કર્યો છે. લોકોનું આત્મહિત જે રીતે થાય તે રીતે જ પ્રયત્ન કરવાનો છે. હા, આત્મહિતને ન સમજનારા લોકોને તે અપ્રિય પણ લાગે! પરંતુ તેટલા માત્ર આત્મહિતનો ઉપદેશ બદલી ન શકાય.

ત, લોકોની અભિરુચિ આત્મસન્મુખ બનાવવાન

[illegible]

લોકરુચિને અનુસરનારા અનેક મિથ્યામતો વિશ્વમાં નીકળે છે ને નીકળતા જાય છે, તે મતોને-માર્ગોને અનુસરવાથી મોક્ષપ્રાપ્તિ થતી નથી.

श्रेयोऽर्थिनो हि भूयांसो लोके लोकोत्तरे न च ।
स्तोका हि रत्नवणिजः स्तोकाश्च स्वात्मसाधकाः ॥ ५ ॥

શ્લોકાર્થ

ખરેખર, મોક્ષના અર્થી લોકમાર્ગમાં અને લોકોત્તર માર્ગમાં ઘણા નથી. કારણ કે રત્નના વેપારીઓ થોડા હોય છે; તેમ પોતાના આત્માનું સાધન કરનારા થોડા હોય છે.

શ્લોક વિવેચન

મોક્ષાર્થી !

= સર્વ કર્મના ક્ષયના અર્થી !

= આત્માની પરમ વિશુદ્ધ અવસ્થાને મેળવવાની અભિલાષાવાળા...જીવો લોકમાર્ગમાં કેટલા? લોકોત્તર માર્ગમાં કેટલા? હમેશાં થોડા જ હોય.

આ દુનિયામાં રત્નના વેપારીઓ કેટલા? થોડા! તેમ આત્મસિદ્ધિ કરવાનો પુરુષાર્થ કરનારા કેટલા? થોડા!

મોક્ષ! ત્યાં શરીર જ નહીં, ઈન્દ્રિયો નહીં, ઈન્દ્રિયોના વિષયસુખ નહીં વિષયસુખની અભિલાષામાંથી પેદા થતા કપાયો નહીં! વેપાર નહીં, ઓફીસ નહીં...'મોક્ષમાં શું કરવાનું?' આ મુઝવણમાં સંસારનો મોટો વર્ગ અટવાયો છે, એની પાસે મોક્ષનાં સ્વરુપનું જ્ઞાન નથી, એને મોક્ષનું સુખ કલ્પનામાં પણ આવતું નથી...પછી એ મોક્ષાર્થી કેવી રીતે હોઈ શકે? લોકોત્તર...જિનેશ્વરદેવે બતાવેલા મોક્ષમાર્ગ પર રહેલા પણ જીવોમાં બધા જ જીવો મોક્ષાર્થી નથી હોતા! વચલાં સ્વર્ગ વગેરે સ્ટેશનોએ ઉતરી જનારા હોય છે! અરે, મોક્ષની કલ્પના વિના પણ મોક્ષમાર્ગે ચાલનારા મનુષ્યો જોવા મળે છે...! આત્મવિશુદ્ધિની અભિલાષા લોકોત્તર માર્ગમાં પણ બહુ થોડા જીવોમાં હોય છે.

લોકોત્તર-જિનભાષિત માર્ગમાં પણ લોકસંજ્ઞા સતાવી જાય છે, અનાદિકાલીન આ સંજ્ઞા, બીજી સંજ્ઞાઓ પર સંયમ રાખનારને પણ સતાવી શકે છે! આહારસંજ્ઞા પર કાબૂ મેળવનાર, મહાન તપસ્વી હોય, માસખમણ, અઠ્ઠાઈ, અઠ્ઠમ....છઠ, ઉપવાસ અને વર્ધમાન આયંબિલ તપની દીર્ઘ આરાધના કરનારને પણ લોકસંજ્ઞા-લોકપ્રશંસા

[illegible]

[illegible] અહીં ભાવપૂર્વક [illegible] કરવામાં આવ્યું છે.

ઉપરનું [illegible] : 'હે આત્મન્ : [illegible] સંપૂર્ણ સત્ય [illegible] પામીને. હું આત્માને

કર્મોનાં બંધનોથી મુક્ત કરવાનો પ્રયત્ન કર. લોકોને ખૂશ કરવાથી તારો આત્મા શુદ્ધ થવાનો નથી. તું એમ સમજે છે કે મારી આરાધનાથી લોકો મારી પ્રશંસા કરે છે....' આ તારી અજ્ઞાનતા છે. લોકપ્રશંસા પુણ્યકર્મથી પ્રાપ્ત થાય છે. તારી પાસે જ્યાં સુધી પુણ્યકર્મ છે ત્યાં સુધી લોકો તારી પ્રશંસા કરશે. પુણ્ય પરવારી જશે પછી તારી સામે જોશે પણ નહીં તારા કરતાં ચઢીયાતો કોઇ પુણ્યશાળી લોકોને મળશે, તને ભૂલી જશે! તારી આરાધનાથી મોક્ષ-વિમુખ લોકો ખૂશ થાય ? તારી આરાધનાથી તારા આત્માને જ પ્રસન્ન કર. પરમાત્માની પ્રીતિ પ્રાપ્ત કર.....એ શિવાય બીજી કોઇ અપેક્ષા ન રાખ. નહીંતર તું ક્યારેક આરાધનાથી વિમુખ થઇ જઈશ. જ્યારે તારી આરાધનાની લોકો પ્રશંસા નહીં કરે; ત્યારે આરાધનામાંથી તારો રસ ઊડી જશે!

લોકસંજ્ઞાહતા હન્ત નીચૈર્ગમનદર્શનૈઃ ॥
શંસયન્તિ સ્વસત્યાંગમર્મઘાતમહાવ્યથામ્ ॥ ૬ ॥

શ્લોકાર્થ

અફસોસ છે કે લોકસંજ્ઞાથી હણાયેલા ધીમે ચાલવા અને નીચે જોવા વડે પોતાના સત્યવ્રતરૂપ અંગમાં મર્મ-પ્રહારની મહાવેદનાને જણાવે છે.

શ્લોક વિવેચન

અફસોસ....

તમે ધીમે ધીમે ચાલો છો, નીચું જુઓ છો.... શા માટે ? તમે લોકોને....

કે 'અમે કોઈ જીવની હિંસા ન થાય તે રીતે ચાલીએ છીએ.... શાસ્ત્રે બતાવેલી વિધિ પાળીએ છીએ.... દૃષ્ટિ પર અમારો સંયમ છે.... આડીઅવળી દૃષ્ટિ જતી નથી, ને અમે ઉચ્ચ કક્ષાના આરાધક છીએ....' પરંતુ હવે તમારો દંભ ખુલ્લો પડી ગયો છે! તમને લોકો ઉચ્ચ કોટિના આરાધક નથી કહેતા ત્યારે તમારા મુખ પર કેવી કાળાશ છવાઇ જાય છે? તમે બીજા આરાધકોની પ્રશંસા સાંભળી શકતા નથી! તમે બીજા આરાધકોની અવસરે નિંદા જ કરો છો, તમારા મોંઢે તમારી પોતાની પ્રશંસા શિવાય બીજાની પ્રશંસા સાંભળવા જ નથી મળતી... તમે લોક-પ્રશંસા મેળવવા કમરકસી છે! તપથી, વ્યાખ્યાનથી, શિષ્ય પરિવારથી, મલિન વસ્ત્રોથી... કોને આકર્ષવા માગો છો? શિવરમણીને! ના રે ના! લોકોને. લોકોને તમે તમારા ભક્તો બનાવવા માગો છો

તમે ધીમે ધીમે કેમ ચાલો છો? તમારા સત્ય.... સંયમ આદિ અંગમાં માર્મિક પ્રહારની વેદના થઈ છે... લોકસંજ્ઞાએ તમારા મર્મસ્થાનમાં પ્રહાર કર્યો છે.... એ પ્રહારની વેદનાથી તમે ધીમા ન ચાલો તો શું કરો!

તમે નીચે જોઇને ચાલો છો! શું થાય? તમારી દૃષ્ટિ લોકસંજ્ઞાના ઝળહળતા પ્રકાશે આંજી નાંખી છે; ઊંચે જોઇ જ ન શકો.... ખરેખર, અફસોસ થાય છે, દુઃખ થાય છે. તમારો આ દંભ હવે સહાતો નથી.... પણ તમને બદલવા પણ કેવી રીતે? અફસોસ કર્યા વિના બીજો કોઇ માર્ગ અમારા માટે નથી.

ધર્મની આરાધના–પ્રભાવના કરતાં 'આત્માની વિષય કષાયોથી નિવૃત્તિ' સ્મૃતિમાં રહે છે? પરમાત્માનું શાસન યાદ રહે છે? શું યાદ રહે છે? "હું"! તમને તમારી જાત અને તેની પ્રશંસા યાદ રહે છે! અહો, તમે કમર તોડી નાંખે તેવી દેખીતી આરાધના કરો છો.... પણ જો એમાં મોક્ષ અને આત્મા મુખ્ય બનાવી દો, તો? માટે આત્માને ઓળખો. આત્માની સ્વાભાવિક અને વૈભાવિક અવસ્થાઓને ઓળખો. મોક્ષના અનંત સુખને મેળવવા માટે મથો.

જો આ લક્ષ...ઉદ્દેશ....આદર્શ નહીં રાખો તો વિષયકષાયની વૃદ્ધિ થયા કરશે! સંજ્ઞાઓ પુષ્ટ બનતી જશે. લોકસંજ્ઞા તમને અનંત ભવ રખડાવશે. કીર્તિ–પ્રશંસાની ભૂખ ખૂબ વધી જશે.... ને જ્યારે એ ભૂખને ભાગનારૂં 'યશ! કીર્તિ' નામકર્મ તમારી પાસે નહીં હોય ત્યારે શું કરશો?

આજે લોકોત્તર માર્ગમાં પણ લોકસંજ્ઞાને વરેલા નજરે પડે છે ત્યાં અફસોસ શિવાય બીજો કયો માર્ગ છે? પરમાત્માના શાસનની ધુરાને વહન કરનારાઓ જ જ્યારે લોકસંજ્ઞામાં ફસાઇ જાય, ત્યારે બીજો કયો માર્ગ રહે છે? માટે ઉપાધ્યાયજી મહારાજ તીખો પ્રહાર કરી રહ્યા છે.

લોકસંજ્ઞામાં ફસાયેલા મનુષ્યો 'લોકહિત' કરવાનો બચાવ કરે છે. લોકનું હિત; લોકના આત્માને ઓળખ્યા વિના થઇ શકે? હિત–અહિતનો વિવેક લોકસંજ્ઞામાં

ત્યાં એમની આંગળી પરથી વીંટી નિકળી ગઈ, વીંટી વિનાની આંગળી શોભાહીન લાગી.... ધીરે ધીરે બીજા પણ અલંકારો ઉતારતા ગયા.... 'મારી શોભા પરપુદ્‌ગલ એવા અલંકારોથી ?' ધર્મધ્યાન.... શુક્લધ્યાન અને કેવળજ્ઞાન ! ગૃહસ્થ સંસારીના જ વેષમાં કેવળજ્ઞાન થઇ ગયું ! આરિસા ભવનની બહાર દરબારીઓ ચક્રવર્તી ભરતની રાહ જોતા હતા....પરંતુ બહાર નિકળ્યા કેવળજ્ઞાની ભરત ! તેમને આત્મ સાક્ષીએ કેવળજ્ઞાન પ્રગટી ગયું હતું !

પ્રસન્નચન્દ્ર રાજર્ષિ ?

સ્મશાનમાં એક પગ ઉપર ઊભા રહ્યા હતા. દૃષ્ટિ સૂર્ય સામે લગાવી હતી... રસ્તે જતા સૈનિકોની વાત એમના કાને પડી. પ્રસન્નચન્દ્રના પુત્રનું રાજ્ય એના કાકા લઇ લેવા તૈયાર થયા છે...' બસ, રાજર્ષિએ માનસિક યુદ્ધ મચાવ્યું ! ઘોર સંગ્રામ ખેલવા માંડયો. શ્રેણિક મહારાજાએ રાજર્ષિની તપશ્ચર્યા જોઇ; ઓવારી ગયા; બાહ્યદૃષ્ટિએ ઉગ્ર તપશ્ચર્યા કરનારા એ રાજર્ષિ આત્મસાક્ષીએ તપસ્વી હતા ? ના, સાતમી નરકમાં લઇ જાય તેવાં કર્મ બાંધી રહ્યા હતા !

બે દૃષ્ટાંતો કેવાં આપ્યાં છે ! પરસ્પર વિરોધી. ભરત મહારાજા બાહ્યદૃષ્ટિએ આરંભ-સમારંભથી ભરેલા સંસાર-રસિક દેખાતા હતા... પણ આત્મસાક્ષીએ નિર્લેપ હતા ! "ભરતજી મનમાંહી વૈરાગી...." જ્યારે પ્રસન્નચન્દ્ર બાહ્ય દૃષ્ટિએ આરંભસમારંભથી રહિત મોક્ષરસિક આત્મ હતા.... પણ આત્મસાક્ષીએ યુદ્ધરસિક.... લેપાયેલા હતા.

ફસાયેલો ગમનાગમ કરી શકતો નથી. હિતને અહિત અને અહિતને હિત માની લે છે! તેના હૈયે જીવોનું આત્મકલ્યાણ વસેલું હોતું જ નથી એ તો જેમાં પોતાની કીર્તિ, યશ ફેલાતો હોય, તેવી જ પ્રવૃત્તિ કરવાનો....ને તેને 'આત્મહિત'નું 'લેબલ' લગાડવાનો. આવી પરિસ્થિતિમાંથી કોક જ રત્નનો વેપારી મહામુનિ બહાર નિકળી શકે છે. મનુષ્યજીવન અને મળેલો લોકોત્તર માર્ગ લોકસંજ્ઞાથી ચૂંથી નાંખનારો મનુષ્ય ખરેખર; અફસોસને જ પાત્ર છે.

માટે લોકસંજ્ઞાને ત્યજો-

आत्मसाक्षिकसद्धर्मसिद्धौ किं लोकयात्रया ॥
तत्र प्रसन्नचन्द्रश्च भरतश्च निदर्शने ॥ ७ ॥

શ્લોકાર્થ

આત્મા સાક્ષી જેમાં છે એવા સત્યધર્મની પ્રાપ્તિ થયે લોકવ્યવહારનું શું કામ છે? તેમાં પ્રસન્નચન્દ્ર રાજર્ષિ અને ભરત મહારાજા દૃષ્ટાંત છે.

શ્લોક વિવેચન

ચક્રવર્તી ભરત,

ભગવાન ઋષભદેવના જયેષ્ઠ પુત્ર.

તેઓને 'કેવળજ્ઞાન' કેવી રીતે થયું હતું, તે તમે જાણો છો ને? સ્નાન કરી, શ્રેષ્ઠ વસ્ત્ર-આભૂષણ પહેરી ...ભવનમાં ગયા હતા, એ જોવા માટે કે 'હું કેવો ...ગું છું!' આરિસામાં પોતાની શોભા જોતા હતા

જણાવવાની ભાવના રહેશે.... એટલે દૃષ્ટિ સદૈવ લોકો પર રહેશે, આત્મા પર દૃષ્ટિ નહીં રહે. આત્માની ઉપેક્ષા થશે. આત્માની સાક્ષી પ્રત્યે પરવા નહીં રહે.... છેવટે 'ધર્મ આત્મા માટે કરૂં છું.' એ ભૂલાઇ જશે ને માત્ર લોકોને ખુશ કરવા માટે ધર્મ આરાધના થશે આ રીતે આત્મ-કલ્યાણનું મહાન કાર્ય અટકી જશે અને તમે ભવમાં ભટકાઇ પડશો. મોક્ષનું સ્વપ્ન ધ્વસ્ત થઇ જશે. પુનઃ ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ ચાલુ થઈ જશે.... તો શા માટે લોક-સાક્ષીએ ધર્મ કરવો ?

ધર્મકાર્યમાં આત્માની સાક્ષીને પ્રધાનસ્થાન આપો.

लोकसंज्ञोज्झितः साधुः परब्रह्मसमाधिमान ।
सुखमास्ते गतद्रोहममतामत्सरज्वरः ॥ ८ ॥

શ્લોકાર્થ

લોકસંજ્ઞાથી રહિત પરબ્રહ્મને વિષે સમાધિવાળા, ગયા છે દ્રોહ, મમતા અને ગુણદ્વેષરૂપ જ્વર જેના, એવા મુનિ સુખે રહે છે.

શ્લોક વિવેચન

મહારાજ સાહેબ ! તમે સુખમાં રહો.

શું તમે ગુણવાન પુરુષોની નિંદા ન કરો તો ન ચાલે? શું નિંદા કરવાથી તમારી મહત્તા વધતી લાગે છે? શું દોષાનુવાદ કરવાથી તમે તમારો આત્મોત્કર્ષ કરી શકશો? એથી તમારા અધ્યવસાયો શુદ્ધ બનશે? શા માટે તમે દુઃખી અશાન્ત બનો છો? તમે તમારે સત્તર પ્રકારના સંયમમાં મસ્ત રહો! દ્રોહ-મમતા અને મત્સરને ઊંડી ખીણમાં ફેંકી દો. લોકો ભલે એ બધામાં રાચતા હોય! તમારાથી એમાં ન રાચાય! ગટરમાં ભૂંડ આળોટે, હંસ કદી ન આળોટે! તમે તો રાજહંસ છો. તમારાથી એવી લોકસંજ્ઞામાં પડાય જ નહીં.

લોકસંજ્ઞાને ત્યજો.



ॐ ह्रीं अर्हं नमः

शास्त्र

चर्मचक्षुर्भृतः सर्वे देवाश्चावधिचक्षुषः ।
सर्वतश्चक्षुषः सिद्धाः साधवः शास्त्रचक्षुषः ॥ १ ॥

શ્લોકાર્થ

બધા મનુષ્યો ચર્મચક્ષુને ધારણ કરનારા છે. દેવો *અવધિજ્ઞાનરૂપ ચક્ષુવાળા છે. સિદ્ધ સર્વ આત્મપ્રદેશે *કેવળજ્ઞાન–કેવળદર્શનરૂપ ચક્ષુવાળા અને સાધુઓ *શાસ્ત્રરૂપ ચક્ષુવાળા છે.

શ્લોક વિવેચન

બધા મનુષ્યો ભલે ચર્મચક્ષુ હોય, ચર્મચક્ષુથી વિશ્વના પદાર્થોને જુએ.... તમે મુનિરાજ છો, તમાર શાસ્ત્ર છે.. તમારે જે વિશ્વદર્શન કરવાનું, પદાર્થ કરવાનું તે શાસ્ત્રચક્ષુથી જ કરવાનું છે.

દેવો અવધિજ્ઞાનરૂપ આંખોવાળા હોય છે. તેઓ કંઈ જાણે કે જુએ – અવધિજ્ઞાનની જ આંખે ! મુ તમે અવધિજ્ઞાની નથી, તમે તો શાસ્ત્રજ્ઞાની છો. જે કંઈ જાણવાનું–જોવાનું તે શાસ્ત્રની આંખે જ –જોવાનું.

સિદ્ધ ભગવંતોને એક નેત્ર છે કેવળજ્ઞાનનું નેત્ર છે કેવળદર્શનનું ! તેઓ આ નેત્ર દ્વારા જ વિશ્વને જુએ ને જાણે. સાધુ ભગવંતો માટે શા

* જુઓ પરિશિષ્ટ

ચક્ષુ ! શાસ્ત્ર એ જ નેત્ર...આંખો. આંખો ખુલ્લી રાખીને જ જગતને જોજો. જો આંખો બંધ રાખીને જોવા જશો તો ભટકાઈ જશો.

સાધુ માટે દિવસ-રાતના ૨૪ કલાકમાં ૧૫ કલાક શાસ્ત્રસ્વાધ્યાય માટે રાખવામાં આવેલા છે. ૬ કલાક નિદ્રા માટે રાખેલા છે અને ૩ કલાક આહાર-વિહાર અને નિહાર (વડીનીતિ) માટે ગોઠવેલા છે. શાસ્ત્રોના અધ્યયન વિના શાસ્ત્રચક્ષુ ખૂલે જ નહીં

શાસ્ત્રચક્ષુ નવી ખોલવાની હોય છે. તે માટે વિનયપૂર્વક સદ્ગુરુદેવ પાસે શાસ્ત્રોની વાચના લેવાની, પછી શંકા ઉપસ્થિત થાય તો વિનયપૂર્વક ગુરુદેવને પ્રશ્ન પૂછી શંકાનું સમાધાન કરવાનું. નિઃશંક બનેલા શાસ્ત્ર-પદાર્થો ભૂલી ન જવાય તે માટે તેનું પરાવર્તન કરવાનું. પરાવર્તનથી તે શાસ્ત્રપદાર્થો સ્મૃતિમાં સુદૃઢ બની જાય, પછી એના પર ચિંતન કરવાનું. શાસ્ત્રોના શબ્દોનો અર્થનિર્ણય કરવાનો, ભિન્ન ભિન્ન 'નયો'થી તેના રહસ્યને સમજવાનું. એક જ શબ્દ જુદા-જુદા ઠેકાણે જુદો જુદો અર્થ બતાવે. એક જ અર્થ સર્વત્ર કામ ન લાગે. તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને અનુરૂપ અર્થરહસ્ય કાઢવાનું હોય છે. પછી બીજા જીવોને એ શાસ્ત્ર-બોધ આપવાનું કાર્ય શરૂ કરવું જોઈએ

પરમાત્મા જિનેશ્વર દેવના ધર્મશાસનમાં કોઈ એકાદ ગ્રંથ વાચી-વિચારી લેવાથી કામ પૂર્ણ થતું નથી. અન્ય ધર્મોમાં તો એકાદ ગીતા, એકાદ બાઈબલ કે કુરાન વગેરે વાંચી લે એટલે તે તે ધર્મનો ખ્યાલ આવી જાય ! પણ

જૈન ધર્મ કોઈ એકાદ ગ્રંથમાં સમાઈ જાય, તેવો સંક્ષિપ્ત નથી. એનું પદાર્થવિજ્ઞાન, એનો મોક્ષમાર્ગ, એનું ખગોળ-જ્ઞાન ને ભૂગોળજ્ઞાન, એનું શિલ્પ અને સાહિત્ય, એનું જ્યોતિષવિજ્ઞાન અને જીવવિજ્ઞાન... એટલું બધું વિશાળ છે કે એ બધાનો સંક્ષેપ કોઈ એક ગ્રંથમાં ન મળે! ઘણા માણસો પૂછે છે: 'જૈન ધર્મનો એક ગ્રંથ એવો કોઈ છે જેમ ગીતા, જેમ કુરાન, જેમ બાઈબલ?' ના! નથી. જૈનધર્મનું જ્ઞાન મેળવવા માટે જીવનનો મોટો સમય આપવામાં આવે ત્યારે જ તેના સિદ્ધાંતો સમજી શકાય એવા છે.

સાધુ ભગવંતને ધન કમાવાની, ઘર માંડવાની કે પુત્ર-પરિવારની સંભાળ રાખવાની. કંઈ જ જંજાળ હોતી નથી...ભારતની પ્રજા, તેમાં ય ખાસ જૈનસંઘ તેમની ભક્તિપૂર્વક સર્વ જીવન-જરૂરીયાતો પૂર્ણ કરે છે. સાધુ ભગવંતોને તો પંચમહાવ્રતમય પવિત્ર જીવન જીવવાનું અને શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવાનો! એ શિવાય કોઈ જ ચિંતા નહીં! ચર્મચક્ષુનું તેજ કેટલું કિમતી સમજાય છે? શાસ્ત્રચક્ષુનું તેજ તેનાથી પણ વધુ મૂલ્યવાળું સમજવું જોઈએ. જેટલી ચિંતા ચર્મચક્ષુની રાખવામાં આવે છે, તેનાથી વધુ ચિંતા શાસ્ત્રચક્ષુની રાખવી જરૂરી છે. શાસ્ત્ર-દૃષ્ટિના પ્રકાશમાં વિશ્વ જેવું છે તેવું દેખાશે. વિશ્વનું યથાર્થદર્શન થશે. ભ્રાન્તિઓ દૂર થશે. ચિત્ત વિષયકષાયના વિચારોથી મુક્ત થશે.

માટે શાસ્ત્રચક્ષુ મેળવો ને ઉજ્જવલ કરો.

पुरःस्थितानिवोर्ध्वाधस्तिर्यग्लोकविवर्तिनः ।
सर्वान् भावानवेक्षन्ते ज्ञानिनः शास्त्रचक्षुषा ॥ २ ॥

શ્લોકાર્થ

જ્ઞાની પુરુષો શાસ્ત્રરૂપ ચક્ષુથી ઉદ્ધ્વ–અધો અને તિર્છાલોકમાં પરિણામ પામતા સર્વ ભાવોને સન્મુખ રહેલા હોય તેમ પ્રત્યક્ષ દેખે છે.

શ્લોક વિવેચન

ચૌદ રાજલોક...

શાસ્ત્રદૃષ્ટિથી પ્રત્યક્ષ દેખાય!

જાણે સામે જ ચૌદ રાજલોક ન હોય, તેમ દેખાય! શાસ્ત્રદૃષ્ટિનું તેજ...એનો પ્રકાશ એટલો તીવ્ર અને વ્યાપક છે...સર્વ ભાવોનું તેમાં દર્શન થાય.

શાસ્ત્રદૃષ્ટિ ઉપર જાય છે, સમગ્ર ઉર્ધ્વલોક દેખાય છે!

એ સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા...અસંખ્ય દેવેન્દ્રો અને દેવોનું એ જ્યોતિષ ચક્ર!

એના ઉપર સૌ ધર્મ અને ઇશાન, સનત્કુમાર અને માહેન્દ્ર...દેવલોક, પછી બ્રહ્મ, લાંતક મહાશુક્ર, સહસ્રાર .. ઉપર ઉપર રહેલા દેવલોકો. તેના ઉપર આ નત અને પ્રાણત, એ પછી આરણ અને અચ્યુત દેવલોક! આ બાર દેવલોક જોયા?

હવે એના ઉપરના એક પછી એક નવગ્રૈવેયક દેવલોક જુઓ. હવે તમે લોકાંતની નજીકનો રમણીય પ્રદેશ જોશો

...જોયો એ પ્રદેશ? એ પાંચ અનુત્તરના નામે પ્રસિદ્ધ છે. ત્યાંથી જ્યાં અનંત સિદ્ધ ભગવંતો બિરાજેલા છે, તે સિદ્ધ શિલામાત્ર બાર યોજન દૂર છે! એ સિદ્ધ ભગવંતોનું કેવું સુખ છે...અક્ષય અને અનંત-અવ્યાબાધ! ખેર, હમણાં તો એ જોઈને જ સંતોષ માનો; એને અનુભવવા માટે તો શરીર રહિત બનવું પડે!

હવે ચાલો નીચે દૃષ્ટિ કરો. જોજો ધ્રુજી ન ઉઠતા! પહેલાં તો નીચે રહેલાં વ્યંતરોનાં અસંખ્ય ભવનો જુઓ... ને વનોમાં રમણીય ઉદ્યાનોમાં ક્રીડા કરતા વાણવ્યંતરોને જુઓ ..આ બધા પણ દેવો છે, એમને 'ભવનવાસી' કહેવામાં આવે છે.

હવે નીચે ચાલો.

આ પહેલી નરક છે. તેનું નામ છે રત્નપ્રભા....એની નીચે શર્કરા પ્રભા છે....એની નીચે ત્રીજી નરક વાલુકાપ્રભા છે. ચોથી નરક જોઈ? કેવી ભયંકર છે? તેનું નામ છે પંકપ્રભા. પાંચમી નરકનું નામે છે ધૂમપ્રભા. છઠ્ઠી તમઃ પ્રભા અને સાતમી મહાતમઃપ્રભા. કેવો ઘોર અંધકાર.... કેવી પરસ્પર જીવો કાપાકાપી કરે છે...કેવી દુર્દાન્ત વેદના... ચીસો અને અસહ્ય ત્રાસ...જોયું? જીવો મરવા ચાહે છે, મરી શકતા નથી! હા, કપાઈ જાય, છુંદાઈ જાય...પણ મરે નહીં! આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી ન મરી શકે! આ છે અધોલોક.

હવે તમે જ્યાં છો, તે મધ્યલોકને જુઓ. શાસ્ત્રચક્ષુથી એ પણ દેખાશે! એક લાખ યોજનનો જંબૂદ્વીપ...એની આસપાસ વીંટળાઈ રહેલો બે લાખ યોજનનો લવણસમુદ્ર! લવણસમુદ્રને વીંટળાઈને ધાતકીખંડ આવેલો છે. તે ચાર લાખ યોજન પ્રમાણ છે. એ પછી કાલોદધિસમુદ્ર....પુષ્કરવર દ્વીપ....પાછો સમુદ્ર....વળી દ્વીપ ..એમ મધ્યલોકમાં અસંખ્ય દ્વીપ અને સમુદ્ર છે. છેલ્લો સમુદ્ર સ્વયંભૂરમણ સમુદ્ર આવેલો છે.

ચૌદ રાજલોકની આ રચના જોઈ? એની સામે ઊભા રહીને તમે ચૌદ રાજલોકને જુઓ તો તેનો આકાર કેવો લાગે છે?

બે પગ પહોળા કરીને, બે હાથ કમર પર ટેકાવીને ઉભેલા મનુષ્ય જેવો દેખાવ છે ને?

+આ 'ચૌદ રાજલોક' કહેવાય છે. 'રાજલોક' એ ક્ષેત્રનું એક માપ છે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અને જીવાસ્તિકાય... આ પાંચે દ્રવ્યો શાસ્ત્રદૃષ્ટિથી દેખાય છે.

શ્રુતજ્ઞાનના ક્ષયોપશમ સાથે અચક્ષુદર્શન-આવરણનો ક્ષયોપશમ જોડાય; ત્યારે શાસ્ત્રચક્ષુ ખૂલે અને વાસ્તવિક વિશ્વદર્શન થાય. વિશ્વરચના, વિશ્વના પદાર્થો, એ પદાર્થોના પર્યાયોનું પરિવર્તન... વગેરેનું ચિંતન એ *'દ્રવ્યાનુયોગ'નું

+ ચૌદ રાજલોકનું સ્વરૂપ જુઓ પરિશિષ્ટમાં.

* દ્રવ્યાનુયોગ વગેરે અનુયોગોનું સ્વરૂપ પરિશિષ્ટમાં જુઓ.

[illegible] દુનિયામાં [illegible] પર્યાયોમાં આશ્ચર્ય, [illegible] નથી. આત્મા હિતાવહ [illegible] શાસ્ત્રગ્રંથનું દર્શન [illegible] આનંદથી ભરી દેશે.

शासनात् त्राणशक्तेश्च बुधैः शास्त्रं निरुच्यते ।
वचनं वीतरागस्य तत्तु नान्यस्य कस्यचित् ॥ ३ ॥

શ્લોકાર્થ

હિતોપદેશ કરવાથી અને રક્ષાના સામર્થ્યથી પંડિતો વડે 'શાસ્ત્ર' શબ્દની વ્યુત્પત્તિ કરાય છે. તે શાસ્ત્ર વીતરાગનું વચન કહેવાય છે. બીજા કોઈનું નથી.

શ્લોક વિવેચન

વીતરાગનું વચન તે શાસ્ત્ર.

રાગી અને દ્વેષીનાં વચન શાસ્ત્ર ન કહેવાય. રાગી-દ્વેષી મનુષ્ય ગમે તેવો વિદ્વાન્ હોય બુદ્ધિશાળી હોય...પણ તે વીતરાગનાં વચનોની અવગણના કરી, પોતાની કલ્પના અનુસાર ગ્રંથોનું નિર્માણ કરે તે શાસ્ત્ર ન કહેવાય

શાસ્ત્ર આત્મહિતનો ઉપદેશ આપે.

શાસ્ત્ર સર્વજીવોની રક્ષા કરવાનું કહે.

શબ્દશાસ્ત્રની દૃષ્ટિએ 'શાસ્ત્ર' શબ્દમાંથી આ બે અર્થ નિકળે છે.

शासनसामर्थ्येन च सन्त्राणबलेनानवद्येन ।
युक्तं यत् तच्छास्त्रं तच्चैतत सर्वविद्वचनम् ॥ -प्रशमरति

"હિતશિક્ષા આપવાના સામર્થ્યથી અને નિર્દોષ રક્ષણ કરવાની શક્તિથી યુક્ત હોય તે શાસ્ત્ર છે. અને તે સર્વજ્ઞનું વચન છે.'

સર્વજ્ઞ વીતરાગના વચનમાં જ આ બે વાતો મળે છે. તેમનું વચન આત્મહિતનો ઉપદેશ આપે છે. તેમનું વચન નિર્દોષ જીવરક્ષા કરવાનું કહે છે.

રાગ અને દ્વેષથી ઉદ્ધત ચિત્તવાળા જીવોનું સમ્યગ અનુશાસન કરનાર શાસ્ત્રને નહીં માનનાર ઉદ્દંડ મનુષ્યોને પૂછો કે –

* આત્માને ચર્મચક્ષુથી જોવાનો આગ્રહ રાખનાર પ્રદેશી, જીવતા જીવોને ચીરી નાંખી આત્માને શોધતો હતો; સચેતન જીવોને લોખંડની પેટીમાં પુરી ગુંગળાવીને મારી નાંખતો હતો.. આવા આવા ક્રૂર પ્રયોગોને કરનાર પ્રદેશી, તેને કોણે દયાળુ બનાવ્યો? કેશી ગણધરે કોનાં વચનોથી-શાસ્ત્રોથી પ્રદેશીનું હૃદયપરિવર્તન કરી જીવરક્ષક બનાવ્યો ?

* અભિમાનના આભલે ચઢેલા ઇન્દ્રભૂતિને પરમ વિનયી, દ્વાદશાંગીના પ્રણેતા અને અખંડ લબ્ધિવાળા કોણે

જેણે વીતરાગને હૃદયમાં ધર્યા તેનાં સર્વ કાર્ય સિદ્ધ થયાં !

શાસ્ત્ર યાદ આવે, ને તેના કર્તા યાદ ન આવે ? આવે જ વીતરાગને સ્મૃતિપથમાં લાવ્યા એટલે પછી વીતરાગની શક્તિ તમારી શક્તિ બની ગઇ. વીતરાગની અનંત શક્તિથી કયું કાર્ય અસાધ્ય છે ?

પૂ. શ્રી હરિભદ્રસૂરિજીએ 'ષોડષક' ગ્રંથમાં કહ્યું છે :

अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।
हृदयस्थिते च तस्मिन् नियमात् सर्वार्थसिद्धयः ॥

'તીર્થંકરપ્રણીત આગમ હૃદયમાં હોય ત્યારે પરમાર્થથી તીર્થંકર ભગવંત હૃદયમાં હોય છે. કારણકે તે તેના સ્વતંત્ર પ્રણેતા છે. જ્યારે તીર્થંકર ભગવંત હૃદયમાં હોય ત્યારે અવશ્ય સર્વ અર્થની સિદ્ધિ થાય છે.'

જે કંઇ વિચારવાનું, બોલવાનું કે કરવાનું, તે જિનપ્રણિત આગમનના આધારે ! "મારા ભગવાને આ વિચારવાનું કહ્યું છે ? મારા ભગવાને આવું બોલવાનું કહ્યું છે ? મારા ભગવાને આવું આચરણ કરવાનું કહ્યું છે ?' આ વિચાર જીવનમાં વણાઇ જવો જોઇએ.

જિનેશ્વર ભગવંતને એક ક્ષણ પણ હૃદયમાંથી વિસારવાના નહીં. ભગવંત અચિંત્ય ચિંતામણિ છે. ભગવંત ભવસાગરમાં જહાજ છે. એકાંત શરણ્ય છે. એવા પરમકરુણાનિધિ પરમાત્માનું નિરંતર સ્મરણ શાસ્ત્રસ્વાધ્યાયથી રહે. શાસ્ત્રથી શાસ્ત્રના રચયિતા પરમાત્મા યાદ આવે જ.

જિનેશ્વર ભગવંતનો પ્રભાવ અદ્ભુત છે રાગ અને દ્વેષ રહિત પરમાત્મા પણ તેમનું ધ્યાન ધરનાર આત્માને દુઃખોથી મુક્ત કરે છે. ચિંતામણીરત્નમાં કયાં રાગ અને દ્વેષ હોય છે? છતાં એનું ધ્યાન ધરનાર વિધિપૂર્વક ઉપાસના કરનારનાં મનોવાંછિત પૂર્ણ થાય છે. પરમાત્માનું આત્મ-દ્રવ્ય જ એવું સર્વોત્તમ પ્રભાવશાળી છે કે એમનું *નામ-સ્થાપના-દ્રવ્ય કે ભાવ દ્વારા સ્મરણ કરવામાં આવે તો સર્વ કાર્યની સિદ્ધિ થાય

જિનેશ્વર પરમાત્માના સ્મરણનો સુંદર ઉપાય શાસ્ત્રનો સ્વાધ્યાય છે. શાસ્ત્રસ્વાધ્યાયના માધ્યમથી જિનેશ્વર ભગવંતનું જે સ્મરણ થાય, જે સ્મૃતિ થાય, તે અપૂર્વ અને અદ્ભૂત હોય, એમાં રસાનુભૂતિ થાય છે.

" आगमं आयरंतेण अत्तणो हियकंखिणो ।
तित्थनाहो सयंबुद्धो सव्वे ते बहुमन्निया ॥ "

'તેં આગમનો (શાસ્ત્રનો) આદર કર્યો એટલે આત્મ-હિત કરવાની ઇચ્છાવાળા અને સ્વયંબુદ્ધ તીર્થંકર વગેરે બધાનું બહુમાન કર્યું છે!'

આગમનો આદર કરવાનું આમ સર્વત્ર કહેવાયું છે. પરંતુ શાસ્ત્રને સર્વોપરી માનવાનું ત્યારે જ બને, કે જ્યારે આત્મા હિત કરવા તત્પર થયેલો હોય. જ્યાં સુધી ઇન્દ્રિયોનાં વિષય સુખોમાં જ આસકત હોય, કષાયોને પરવશ હોય,

* ચાર નિક્ષેપનં સ્વરૂપ પરિશિષ્ટમાં જુઓ.

સંજ્ઞાઓના પ્રભાવ નીચે દબાયેલો હોય ત્યાં સુધી શાસ્ત્ર પ્રત્યે અભિરુચિ ન થઈ શકે; શાસ્ત્રનો આદર ન થઈ શકે.

આજના વિજ્ઞાનયુગમાં અને ભૌતિકવાદના જુવાળમાં શાસ્ત્રોનું અધ્યયન ઘણું ઓછું થઈ ગયું છે. શાસ્ત્ર શિવાય એટલું બધું વાંચવાનું મળે છે કે શાસ્ત્ર વાંચવાની રુચિ જ નથી થતી. બાળકો, યુવાનો અને વૃદ્ધો–બધાને દેશકથાઓ, રાજકથાઓ, ભોજનકથાઓ, સ્ત્રીકથાઓ, સીનેમાકથાઓમાં એવો અનુરાગ જન્મ્યો છે કે શાસ્ત્રકથાઓ તેમને નિરસ લાગે છે. શાસ્ત્રકથાઓ નિરુપયોગી લાગે છે. શાસ્ત્રકથાઓ મનુષ્યના વિકાસમાં કોઈ અગત્યનો ભાગ ભજવતી નથી લાગતી.

પરંતુ જે મુનિ છે; સાધુ છે, તેણે તો શાસ્ત્રઅધ્યયન દ્વારા પરમાત્મા જિનેશ્વર દેવની અચિંત્ય કૃપાના પાત્ર બનવાનું જ છે.

अदृष्टार्थेऽनुधावन्तः शास्त्रदीपं विना जडाः ।
प्राप्नुवन्ति परं खेदं प्रस्खलन्तः पदे पदे ॥ ५ ॥

શ્લોકાર્થ

શાસ્ત્રરૂપ દીવા વિના પરોક્ષ અર્થમાં પાછળ દોડતા અવિવેકી મનુષ્યો પગલે પગલે ઠોકરો ખાતા અત્યંત ક્લેશ પામે છે.

શ્લોક વિવેચન

જે પ્રત્યક્ષ નથી.

કાનેથી સંભળાતા નથી, આંખે દેખાતા નથી, નાકથી સૂંઘી શકાતા નથી, જીભથી ચાખી શકાતા નથી...સ્પર્શથી અનુભવી શકાતા નથી...તેવા પરોક્ષ પદાર્થોનું જ્ઞાન તમે કેવી રીતે મેળવશો ?

તમે ક્યારના ભટકી રહ્યા છો ? કેટલી ઠોકરો ખાધી ? કેટલો ક્લેશ થયો ? ભાગ્યશાળી, આમ ક્યાં સુધી ભટક્યા કરશો ?

પરોક્ષ પદાર્થોમાં મુખ્ય પદાર્થ છે આત્મા !

પરોક્ષ પદાર્થોમાં મહત્વપૂર્ણ પદાર્થ છે મોક્ષ !

પરોક્ષ પદાર્થોમાં સ્વર્ગ, નર્ક, પુણ્ય, પાપ, મહાવિદેહ વગેરે ક્ષેત્રો,...વગેરે અનેક પદાર્થોનો સમાવેશ થાય છે. આ પરોક્ષપદાર્થોની સૃષ્ટિની ગાઇડ (Guide) છે શાસ્ત્ર ! પરોક્ષપદાર્થોને ઓળખાવનાર...બતાવનાર દિવો છે શાસ્ત્ર ! શાસ્ત્રોની 'ગાઇડ' વિના, શાસ્ત્રોના દીપક વિના તમે એ પરોક્ષપદાર્થોની સૃષ્ટિમાં અટવાઈ જવાના, કંટાળી જવાના ! આંધળો મનુષ્ય અજાણ્યા પ્રદેશમાં ભટકાય નહીં તો થાય શું ? પછી તમે કહેશો 'એ બધું કલ્પના છે !'

શાસ્ત્રોને સ્પર્શ્યા વિના પશ્ચિમના દેશોની ડીગ્રી લઇને વિદ્વાન બનેલા અને પોતાની જાતને બુદ્ધિશાળી સમજતા મનુષ્યો પરોક્ષ દુનિયાને માત્ર 'કલ્પના' કહીને એ દિશામાં પગ જ નથી મૂકતા.

મહામુનિ, તમે તો એ પરોક્ષ દુનિયાનાં રહસ્યો

પરોક્ષપદાર્થોને જાણવા-જોવા માટે રસપ્રચુરતા જોઈએ...ઉછળતો થનગનાટ જોઈએ...જીવસટોસટનાં સાહસ ખેડનારી સાહસિકતા જોઈએ. તો એની 'ગાઈડ' મેળવવાનું મન થાય ને! પરોક્ષપદાર્થોનું પ્રમાણ, સ્થાન, માર્ગ, સાવધાનીઓ, પહાડો, નદીઓ, વનો...મહાવનો...સાધનો ...વગેરે માહિતિ વિના પરોક્ષદુનિયાની સફર કેવી રીતે થઈ શકે?

એટલા માટે શાસ્ત્રજ્ઞાનની આવશ્યકતા છે હા, શાસ્ત્રજ્ઞાન મેળવવાનો સાવ ક્ષયોપશમ ન હોય તો શાસ્ત્રજ્ઞાની મહાપુરુષોને અનુસરજો એમના કહ્યા મુજબ જ ચાલજો. તો પણ તમે પરોક્ષઅર્થના ભંડારની નજીક પહોંચી જશો. દ્રાવિડ અને વારિખિલ્લની સાથે. પુંડરિકસ્વામી સાથે અને પાંડવો વગેરેની સાથે કરોડો મુનિઓ પરોક્ષઅર્થની ટોચે પહોંચી ગયા, એ કેવી રીતે? જ્ઞાનીઓના સહારે! મુનિ માટે શાસ્ત્રજ્ઞાન જે ફરજિયાત બનાવવામાં આવ્યું છે. તે હેતુપૂર્વક છે. મુનિ પરોક્ષદુનિયાનો યાત્રિક છે!

शुद्धोञ्छाद्यपि शास्त्राज्ञानिरपेक्षस्य नो हितम् ।
भौतहन्तुर्यथा तस्य पदस्पर्शनिवारणम् ॥ ६ ॥

શ્લોકાર્થ

શાસ્ત્ર-આજ્ઞાની અપેક્ષારહિત-સ્વચ્છંદમતિને શુદ્ધ ભિક્ષા વગેરે બાહ્ય આચાર પણ હિતકારી નથી. જેમ ભૌતમતિને હણનારને ભૌતમતિના પગે સ્પર્શ કરવાનો નિષેધ કરવો.

તમને 'અજ્ઞાન' નામના સર્પનું ઝેર ચઢ્યું છે.

તમને 'સ્વચ્છંદતા' નામનો તાવ આવી રહ્યો છે ....ને ઘણા સમયથી આવી રહ્યો છે, ખરું ને?

તમારો 'ધર્મ' નામનો બગીચો સુકાઈ રહ્યો છે?

તમને નિદાન સાચું લાગે તો જ ઔષધાદિ લેજો. જેવું નિદાન સચોટ છે, તેવા જ તેના નિવારણના ઉપાયો પણ સચોટ છે; અકસીર છે, રામબાણ છે!

'શાસ્ત્ર' મહામંત્રનો જાપ કરો, અજ્ઞાન-સર્પનું ઝેર ઉતરી જશે. 'શાસ્ત્ર' નામનો ઉપવાસ કરો, તમારો તાવ દૂર ભાગી જશે 'શાસ્ત્ર'ની નીક વહાવો, ધર્મરૂપી બગીચો નવપલ્લવિત બની જશે.

હા, કોઈ એકાદ દિવસ કે એકાદ મહિનો....વરસ 'શાસ્ત્ર'નો સ્વાધ્યાય-જાપ કરવા માત્રથી અજ્ઞાન સર્પનું ઝેર નહીં ઉતરે! સંપૂર્ણ જીવનમાં દિન-રાત પ્રતિક્ષણ શાસ્ત્રનો જાપ ચાલતો રહેવો જોઈએ. સ્વચ્છંદતાનો તાવ ઉતારવા શાસ્ત્ર સ્વાધ્યાયરૂપ ઉપવાસ ઘણા કરવા પડશે તાવ જુનો છે...ને આત્માના પ્રદેશેપ્રદેશે તેની ખરાબ અસરો વ્યાપી ગઈ છે; તેને દૂર કરવા ઉપવાસ ઘણા કરવા પડશે. શાસ્ત્રની નીક દ્વારા ધર્મ બગીચાને નિરંતર સિંચવો પડશે. નહિતર સુકાઈ જતાં વાર નહીં લાગે, શાસ્ત્રોનું અધ્યયન શા માટે કરવાનું છે, એ તમે જાણ્યું ને? આ બધાં લક્ષથી જો શાસ્ત્રનું અધ્યયન કરશો તો તમારા

આત્માના દેદાર ફરી જશે. ઝેર ઉતરી જતાં તમને કેવો આનંદ થશે, તેની કલ્પના કરો. તાવ ઉતરી જતાં તમને કેવી પ્રસન્નતા થશે, તેનો ખ્યાલ કરો. બગીચો લીલોછમ બની જશે, તમને છાયા.... ઠંડક અને સુવાસ આપશે. ઝેર રહિત બનીને, નિરોગી બનીને જ્યારે એ ધર્મ-ઉદ્યાનમાં તમે વિશ્રામ કરશો. દેવલોકના ઇન્દ્ર કરતાં પણ તમે ઉત્તમ સુખ અનુભવશો.

હા, ઝેર ચઢ્યું હોય, તાવમાં શરીર બળતું હોય, ઉદ્યાનમાં તમને આનંદ નહીં આવે ઉદ્યાનની રમણીયતા તમને પ્રસન્ન નહીં કરી શકે. ઉદ્યાનનાં સુગંધી પુષ્પો તમને સુવાસિત નહીં કરી શકે, ઉદ્યાનનાં વિશ્રામસ્થાનો તમને આરામ નહીં આપી શકે. માટે 'શાસ્ત્ર' કે જેના અર્થ ખુદ તીર્થંકર ભગવંતે કહેલા છે ને જેને લીપીબદ્ધ શ્રી ગણધર ભગવંતે કરેલાં છે; પૂર્વાચાર્ય ભગવંતોએ જે અર્થોને લોક-ભોગ્ય બનાવેલા છે. તે શાસ્ત્રનું નિરંતર ચિંતન કરો.

શાસ્ત્રસ્વાધ્યાય વ્યસનરૂપ બની જવો જોઈએ. એના વિના ચેન જ ન પડે. બધું મળે પણ શાસ્ત્રસ્વાધ્યાય ન થાય ત્યાં સુધી અકળામણ રહે ! પરંતુ જેમ જેમ શાસ્ત્ર-સ્વાધ્યાય વધતો જાય, તેમ તેમ અજ્ઞાન, સ્વચ્છંદતા, અને ધર્મહીનતા દૂર થતી જાય છે કે નહીં, તેનું ધ્યાન રાખજો. એ માટે જ શાસ્ત્રસ્વાધ્યાય કરવાનો છે; એ તમને સતત યાદ રહેવું જોઈએ.

शास्त्रोक्ताचारकर्ता च शास्त्रज्ञः शास्त्रदेशकः ।
शास्त्रैकदृग् महायोगी प्राप्नोति परमं पदम् ॥८॥

શ્લોકાર્થ

શાસ્ત્રમાં કહેલા આચારને પાળનાર, શાસ્ત્રને જાણનાર, શાસ્ત્રનો ઉપદેશ આપનાર અને શાસ્ત્રમાં એક દૃષ્ટિવાળા મહાન યોગી પરમપદને પામે છે.

શ્લોક વિવેચન

મહાયોગી !

શાસ્ત્રોને જાણનારા હોય,

શાસ્ત્રનો ઉપદેશ આપનારા હોય,

શાસ્ત્રમાં પ્રતિપાદિત આચારોને સ્વજીવનમાં જીવનારા હોય

આ ત્રણેનો સુસંવાદ જેના જીવનમાં દેખાય, તે મહાયોગી છે, આ ત્રણ વાતોની ચાવી છે : શાસ્ત્રદૃષ્ટિ ! શાસ્ત્રદૃષ્ટિ વિના શાસ્ત્રોને જાણવાનું ન બને. ઉપદેશ આપવાનું ન બને અને શાસ્ત્રીય જીવન જીવવાનો પુરુષાર્થ ન થાય.

મહાયોગી બનવા માટે પહેલી શરત છે શાસ્ત્રદૃષ્ટિની. દૃષ્ટિ શાસ્ત્ર તરફ જ મંડાયેલી રહે. પોતાની વૃત્તિઓ, વિચારો, વલણો.... વગેરેનું વિલીનીકરણ એક શાસ્ત્રમાં જ કરી દીધું હોય. શાસ્ત્રથી ભિન્ન જેની વૃત્તિ નહીં કે વિચાર નહીં ! શાસ્ત્રીય વાતોથી પોતાની વૃત્તિઓને ભાવિત કરી દીધી હોય. એના વિચારો જ શા

એનો સુદૃઢ સંકલ્પ થયેલો હોય કે "શાસ્ત્રથી જ સ્વ-પર આત્માનું હિત થવાનું છે." એટલે એ મહાયોગી એ હિતકારી શાસ્ત્રીય વાતોનો જ ઉપદેશ આપે. શાસ્ત્રનિરપેક્ષ રહીને, માત્ર જન-અભિરુચિ અનુસાર ઉપદેશ ન આપે. લોકોની અભિરુચિ શાસ્ત્રવિરુદ્ધ વાતોની હોય; છતાં આ મહાત્મા એવી વાતોના ઉપદેશ દ્વારા લોકરંજન ન કરે. અહિતકારી ઉપદેશ મહાયોગી ન જ આપે.

પોતાનું આત્મહિત પણ શાસ્ત્રના માર્ગદર્શન મુજબ જ સાધે. જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં શાસ્ત્રે માર્ગદર્શન આપેલું છે.... મોટી અને નાની.... સર્વ પ્રવૃત્તિઓ કેવી રીતે કરવી, શાસ્ત્રે ખૂબ જ સ્પષ્ટ અને સુંદર વિધિ બતાવ્યો છે. યોગી એ જાણે અને જીવે સુપાત્રને એનો ઉપદેશ પણ આપે.

મોક્ષમાર્ગની જેને આરાધના કરવી છે, આત્માનું સ્વાભાવિક સ્વરૂપ જેને પ્રગટ કરવું છે, તેને શાસ્ત્રનો આદર કરવો જ પડશે. ભલે શાસ્ત્રો પ્રાચીન છે પરંતુ તે નિત્ય નૂતન સંદેશ આપે છે. જેને આત્મહિત કરવું છે, તેના માટે તો શાસ્ત્ર શિવાય બીજો કોઈ માર્ગ નથી. હા, જેને દુન્યવી જીવન જ જીવવું છે, આત્મા, મોક્ષ કે પરલોકનો વિચાર નથી એવા વિદ્વાનો, બુદ્ધિમાનો કે રાષ્ટ્રનેતાઓ ભલે શાસ્ત્રોની પરવા ન કરે; ભલે શાસ્ત્રોની અવગણના કરે, તેમના આદર્શો જુદા છે, તમારા આદર્શો જુદા છે !

માટે મન-વચન-કાયાથી શાસ્ત્રની ઉપાસનામાં લાગી

[illegible] આ પ્રમાણે [illegible] છે. * આપણી સર્વે સજ્જનોને [illegible] છે કે આપ સંસ્થાને આપની માની તેમાં સહયોગ આપો. આપના મિત્રો, સંબંધીઓને આ પુસ્તકો ભેટ આપો આ પુસ્તકોની પ્રભાવના કરો. અને આ રીતે આર્યસંસ્કૃતિના પ્રચારમાં આપનો ફાળો આપો. રૂા. પચાસ કે તેથી અધિક કિંમતનાં પુસ્તકો મંગાવનારને સંસ્થા કમીશન આપે છે. પોસ્ટથી પુસ્તકો મંગાવનારે પુસ્તકની કિંમત સાથે જણાવેલો પોસ્ટ ખર્ચ ઉમેરીને મનીઓર્ડરથી મોકલવા વિનંતી છે. * વધુ પુસ્તકો વી. પી. થી જ મંગાવવાં.
* કેવળ નિઃસ્વાર્થભાવે અમે આ સંસ્થાનું કાર્ય સંભાળીએ છીએ, માટે આપની નિઃસ્વાર્થસેવા ચાહીએ છીએ.

વિ. સં ૨૦૨૪

આપના
માનદ્‌મંત્રી, શાન્તિલાલ દોશી
માનદ્‌સહમંત્રી, જયકુમાર પરીખના
જયજિનેન્દ્ર.

સાહિત્યનો રસથાળ

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મ.
(શ્રી પ્રિયદર્શન)

(૧) લંકાપતિ : કિ. રૂા. ૬-૦ + ૩૦ પૈસા પોસ્ટ ખર્ચ.
'જૈનરામાયણ'નો આ પ્રથમ ભાગ છે. રાવણનો રસમય અને રોમાંચક ઇતિહાસ સળંગ વાર્તારૂપે વાંચો. પાકુંપૂંઠું, ત્રિરંગી ચિત્ર.

(૨) અંજના : કિ. રૂા. ૬-૦ + ૩૦ પૈસા પોસ્ટ ખર્ચ.
જૈનરામાયણનો આ બીજો ભાગ છે. હનુમાનજીની માતા સતી અંજનાનો કરુણ ઇતિહાસ અને શ્રી રામના પૂર્વજોની તેજસ્વી વાતો.

(૩) અયોધ્યાપતિ : કિ. ૬-૦ + ૩૦ પૈસા પોસ્ટ ખર્ચ.
જૈનરામાયણનો આ ત્રીજો ભાગ છે. મહારાજા દશરથનો વનવાસ, મગધવિજય, શ્રીરામનો જન્મ વગેરે રસભરપૂર વાતો.

(૪) જ્ઞાનસાર : (ભાગ ૧ + ૨) કિ. રૂા ૬-૫૦+૩૦ પૈસા પોસ્ટ ખર્ચ
જ્ઞાનસારના ૧ થી ૧૬ અષ્ટકો, શ્લોકાર્થ, વિવેચન, અને પરિશિષ્ટો સાથે. પાકા બાઈન્ડીંગમાં અધ્યાત્મનો ઉત્તમ ગ્રંથ

(૫) જ્ઞાનસાર : (ભાગ : ૩) કિ. રૂા. ૩-૫૦ + ૨૦ પૈસા પોસ્ટ ખર્ચ
જ્ઞાનસારના ૧૭ થી ૨૪ અષ્ટકો, શ્લોકાર્થ, વિવેચન અને પરિશિષ્ટો સાથે.

(૬) ભવના ફેરા : (ત્રીજી આવૃત્તિ) કિ ૧-૦ + ૨૦ પૈસા પોસ્ટ ખર્ચ
ક્રોધ, માન, માયા, લોભ, ચાર કષાયો પર અનેક સુંદર કથાઓ સાથે મનનીય વિચારધારા.

(૭) નમસ્કાર ગીતગંગા : (ચોથી આવૃત્તિ) કિ. ૧-૦ + ૨૦ પૈસા પોસ્ટ ખર્ચ

(૮) પ્રિય વાર્તાઓ : કિ. ૦-૭૫ + ૨૦ પૈસા પોસ્ટ ખર્ચ
સુંદર સાત વાર્તાઓનો સંગ્રહ

(૯) આત્મમંગલ : (બીજી આવૃત્તિ) કિ. રૂા. ૦-૫૦ + ૧૦ પૈસા
માર્ગાનુસારી જીવનના ૩૫ ગુણોનું સરળ અને સુબોધ વિવેચન. ત્રિરંગી પૂંઠું.